

ધરા[illegible]

અદ્ભુ[illegible] ચાર ન ભજવાય

તેવાં [illegible] : રૂા. ૦-૧૨

☆

રણસંગ્રામ

ઇન્દુલાલ યાજ્ઞિકનાં ત્રણ
કાન્તિપ્રેરક નાટકો
રૂા. ૧-૮

☆

સરી જતું સૂરત

ધનસુખલાલ મહેતા કૃત
'અમે બધાં' ઉપરથી રંગદર્શી
નાટક : સાત દૃશ્યોમાં
રૂા. ૧-૪

☆

લગ્નની બેડી

આચાર્ય અત્રેનું રંગ અને
રમુજની છોળો ઉડાડતું પ્રહસન
રૂા. ૨-૦

☆

વરઘોડો

ઇન્દુલાલ યાજ્ઞિક કૃત જાગૃત
જીવનનું ઝલકદાર રોમાંચક
નાટક : રૂા. ૧-૪

☆

રંગલીલા

વિવિધ હાસ્યરસિક લેખકોની
કૃતિઓના મિશ્રણનો મુરબ્બો
રૂા. ૦-૧૪

☆

લેખ
નાટકો

●

. પાછળ

—૧૦—૦

મદનમંદિર

૦—૧૦—૦

અ. સૌ. કુમારી

૧—૦—૦

રસજીવન

૦—૧૨—૦

●

ત્રિવેણી

૦—૫—૦

ઘરદીવડી

૦—૮—૦

बहिन (हिन्दी)

૦—૮—૦

શરતના ઘોડા

નાટકો, ભજવાય એવાં અને ભજવાએલાં

યશવંત પંડ્યા

દોઢ રૂપિયો

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ ૨

૧૯૯૯
૧૯૪૩

પહેલી વાર

પ્રકાશક:
પરમસુખ પંડ્યા:
એન. એમ. ત્રિપાઠી લિ. વતી
મુંબઈ-૨.

મુદ્રક:
આર. આર. બખલે
મુંબઈ વૈભવ પ્રેસ
સેન્ડહર્સ્ટ રોડ: મુંબઈ-૨

સૌ. પ્રજ્ઞાને

દસથી પંદર વર્ષ પહેલાનાં આ નાટકોને એક પુસ્તકમાં ભેગાં કરવાથી નવો નાટ્યસંગ્રહ નથી થતો. એના પ્રસ્તાવપત્રમાં એ વેળા જે કહેવાનું હોત તે આજે નજ હોય. એ પછી તો નદીઓનાં નીર કેટલાંય વહ્યાં અને જીવનનાં કંઈક ઝરણાં એમાં ભળી ગયાં. વચ્ચે અનેક મધુરા અને અધુરા, અજબ અને ગજબ અનુભવ આવ્યા. મનુષ્યમાં રહેલ દેવનાં દર્શન લાધ્યાં અને દાનવના પડછાયા પડ્યા—પણ પડ્યા એવા એમને રસ્તે પડ્યા. એ પડછાયાનાં પ્રેત પાસે નંદનંદન વગેરે ઘણા ઝાંખા જણાય છે. એમના વિષયમાં અત્યારે કંઈયે કહેવા કરતાં એની આગળ ઉપર વાત: જ્યારે સંગ્રહ પુનર્પ્રસિદ્ધિ પામશે ત્યારે: એટલામાં સમય સંયમની શોભા શીખવશે.

ઝાંઝવાં	...	...	૧
સમાજસેવક	...	...	૨૩
શરતના ઘોડા	...	...	૫૦
પ્રભુના પ્રતિનિધિ		...	૭૮

ઝાંઝવાં

[સાક્ષરશ્રી જગતપ્રસાદ નિમગ્ન ચિત્તે કંઈક વાંચતા જણાય છે.

વય ૫૦ થી ૭૫ વચ્ચે ગમે તે હોવા સંભવ છે. ગાલના ખાડા સૂચવે છે કે ૬૫ ઉપરાંત હશે; કપાળની કરચલી કહે છે કે ૬૦ થી વિશેષ હોઈ ન શકે. એટલે ૬૧ થી ૬૪ વચ્ચેનું વર્ષ જ હોવું જોઈએ. પણ ના; જન્માક્ષર પ્રમાણે ૫૮ મું ઉતરવા આવ્યું છે.

કોઠાર કે રસોડાનો ખ્યાલ આપે એવા ઓરડામાં, મનમાં એને દિવાનખાનું માનીને, એઓ બેઠા છે. નાનું ટેબલ છે, સાદી ખુરસી છે, સાધારણ સગડી છે. કાગળ છે, કલમ છે, કોલસા છે.

આંખે નહિ જ, કપાળે ચડાવેલાં ચશ્મામાંથી એમનું વ્યકિતત્વ તરવરી આવે છે.

જગતપ્રસાદ : (ચોપાનિયાને હાથમાંથી સરકવા દઈ) થયું. આ વિવેચકો તે માણસો છે કે ખાટકી? મારું પુસ્તક પચાવવાની એમની બુદ્ધિમાં શક્તિ નહિ એટલે જેમ આવડે એમ એને વખોડવું? મુંગા રહીને ઈશ્વરભજન કરતા હોય તો શું ખોટું? (હળવેથી ચોપાનિયું ઉચકી) દુનિયા એટલી અંધી છે કે બહુધા પારકા અભિપ્રાયો ઉપર એ જીવ્યે જાય છે. એવા આળસુ બણુચકોને આવા અફીણી વિવેચકો મળે પછી પ્રગતિની આશા કેવી?

[ખૂની કટાર સમી નજરે એઓ ચોપાનિયાના પૂંઠાનું નિરીક્ષણ કરે છે.

રાજહંસ ! કેવું કલામય નામ – ને કેવું કાળમય કામ ! ી લગભગ અર્ધ સદીની મહેનતપર જલપ્રલય ફેરવનાર કેવો ાધમ હોવો જોઈએ ?

[ચીડમાં ને ચીડમાં જગતપ્રસાદ 'રાજહંસ'ને દૂરસુદૂર ફેંકી દે છે.
જુવાનીમાં ઝોલાં ખાતો વિહારી પ્રવેશે છે.

(નોધારાને આધાર મળ્યાના આનંદથી) કોણ, વિહારી ? આવ. બોલ, શી નવાજૂની ?

વિહારી : શાની, પ્રસાદજી ?

જગતપ્રસાદ : સાહિત્યની જ સ્તો. (મોટપથી) સાહિત્યના ગગનમાં તું ઉગતો તારો છે. (હસી) અમારે હવે બધા સમાચાર તારી કનેથી સાંભળવા રહ્યા.

વિહારી : (મનમાં) આજ આવા ઢીલા કાં લાગે છે ?

જગતપ્રસાદ : ભાઈ, અમારાં તો વળતાં પાણી ! એની ન હોય કોઈને ચિંતા, એની ન હોય કશી મહત્તા !

[ચિંતા શબ્દ સાંભળતાં વિહારીને ચિતા સાંભરે છે.

(ખભે હાથ મૂકી) વિહારી, કેમ કંઈ બોલતો નથી ?

વિહારી : પ્રસાદજી, તમે નિરાશાના સૂર કાઢો છો ત્યારે મારી આશાનો કચ્ચરઘાણ સાથે વાળો છો.

જગતપ્રસાદ : (અનેરી આશામાં) હેંએ; શું કહ્યું ?

વિહારી : વરસ પછી તમને સાઠ થશે. સમસ્ત ગુજરાત ત્યારે તમારો મણિમહોત્સવ ઉજવે એ તમારી આશા છે— એટલે કે મારી અંતરની અભિલાષા છે.

જગતપ્રસાદ : (અકદમ) છેવટે તારે ગળે વાત ઉતરી ?

[વિહારી શીર નમા

તો તો મારી ખ્યાતિ–કીર્તિ દિગદિગંતમાં વ્યાપી જાય.

વિહારી : તમારી એકની નહિ, મારી ય તે. ભવિષ્યનાં લોક મને ય નહિ ભૂલે. જેવા તમે એના ઉપભોગક, એવો હું એનો ઉત્પાદક ! કૃષ્ણસુદામા જેવી જગતવિહારીની જોડલી પણ અજોડ જામશે !

જગતપ્રસાદ : (સસ્મિત) તારામાં સ્વતંત્ર કલ્પના ખીલતી જાય છે, હોં.

[વિહારી પૂલાય છે.
જગતપ્રસાદને રાજહંસ સાંભરે છે.

વિહારી : અત્યારે તું આવ્યો એ બહુ સારું કર્યું. એકાદ જણની મારે જરૂરજ હતી.

[વિહારી વિચારમાં પડે છે.

જો; થોડુંક નહોતું ધાર્યું એવું બન્યું છે.

વિહારી : શું વળી ?

જગતપ્રસાદ : (શાન્તિથી) આફત આવી છે. વારુ; "મનોમન્થન" તેં ક્યાં ક્યાં અવલોકન અર્થે મોકલેલું ?

વિહારી : મેં નોંધ રાખી છે.

જગતપ્રસાદ : (રાજહંસ ચીંધી) આને ?

વિહારી : હા.

જગતપ્રસાદ : (જરી અશાન્ત થઈ) શું કામ ?

વિહારી : જાહેરખબરપરથી લાગેલું કે નીર ને ક્ષીર એ ઠીક જૂદાં પાડતું હશે.

જગતપ્રસાદ : (કટાક્ષ મોં કરી, તું હજુ ન સમજ્યો કે પત્ર પોતાનામાં જે નથી હોતું તેને જ પોતાની વિશિષ્ટતા ખપાવે છે?

[વિહારી શરમીંદો બને છે. ઉભો થઈને રાજહંસ લઈ આવે છે.

વાંચ. 'મનોમન્થન'ને એણે પીંખી નાખ્યું છે. (વેઢા ગણતાં) મારૂં ગદ્ય, મારૂં પદ્ય, મારૂં અગદ્યાપદ્ય, મારૂં ગદ્યપદ્યમ, મારૂં આ ને મારૂં તે: વાર્તા, નાટક, નિબંધ, કાવ્ય, રાસ, ગરબી: ટૂંકામાં મારૂં લેખન ને કવન: મારા મનસાગરના સમુદ્રમન્થનમાંથી જન્મેલાં એવાં આ ચૌદ ચૌદ રત્નોમાંથી એને એક પણ પસંદ નથી પડ્યું! અંતમાં એ અભિપ્રાય આપવાનું ય નથી ભૂલતા કે ગુર્જર વાડીમાં આવી ખીચડી કોઈએ પકાવી જ ન હોત તો સમાજને સાહિત્યનો અપચો થતો અટકત.

[જગતપ્રસાદનો સાદ ગળગળવા માંડે છે. વિહારી વહારે ધાવા પ્રેરાય છે.

વિહારી : ખીચડીથી અપચો? — કેવી વાહિયાત વાત? — એનું વૈદકનું જ્ઞાન, અરે અજ્ઞાન, તો જૂઓ!

[જગતપ્રસાદને આથી જંપ નથી વળતો.

પ્રસાદજી, તમે આમ હતાશ થઈ જાઓ એ અદ્દ્ભુત છે!

જગતપ્રસાદ : અદ્દ્ભુત? મારા કહેવાનો ભાવ કે અર્થ ઉકેલ્યા વિના ગમે તે ગમે તેમ બોલે-લખે એ મારે સાંખી રહેવું, એમ?

વિહારી : (સરલતાથી) ના.

જગતપ્રસાદ : ત્યારે?

વિહારી : સાંભળવું જ નહિ. સર્જકે તો સર્જ્યે જ જવું — વિવેચક ભલે એને મારે કે તારે.

જગતપ્રસાદ : મારે તો ય ?

વિહારી : (કૃત્રિમ હાસ્યથી) મારું કહેવું બરાબર ન ઝીલ વાતની વાત એ કે પુસ્તક કે પુસ્તકકારની જિંદગીને વિવેચન વિવેચક કાપી શકે એ મને તો નાનું શું જોડકણું લાગે છે.

[જગતપ્રસાદ વિહારી પર અભિનંદન-ની આંખ ઠારે છે.

જગતપ્રસાદ : ત્યારે તું શું માને છે ?

વિહારી : લોકમત. સર્જનમાં ઓજસ હશે તો આપોઆપ અજવાળું આપશે.

જગતપ્રસાદ : છટ્. આવા શબ્દોથી તો કેવળ કવિતા કરાય. પણ વિહારી, જગતના વાયરા તેં જાણ્યા નથી. એક સરસ પુસ્તકને દાબી દેવા માટે એટલું બસ છે કે એક સામટા એનાપર ઉતરી પડવું. એના શબ્દ કર્કશ કહેવા, અર્થ અપૂર્ણ ગણાવવો, રસ લુખ્ખો મનાવવો એટલે જોઈ લો ! ગાડરિયાં મેઢાં જેવા આપણા લોકો પછી એનું પૂંઠું સુદ્ધાં નહિ સુંઘવાનાં !

વિહારી : (મનમાં) આ કકળાટ અર્થહીન નથી. ગમે તેવા સરસ પુસ્તકને પણ, ખળભળાટ વિના, ભૂખમરો વેઠવા વારો આવે છે અને ફાવે તેવું અમસ્થું થોથું, ધાંધલ મચાવતાં, ઉપડી જાય છે !

જગતપ્રસાદ : ભાઈ વિહારી, ધર્મ – ઇતિહાસ – તત્ત્વજ્ઞાન વગેરેમાં તારે માનવું હોય તેનું માનજે; પણ સાહિત્યમાં મારામાં શ્રદ્ધા રાખજે.

વિહારી : તમે આ શું કહો છો ? તમારી મમતા ન હોત તો મારો ઉદ્ધાર નહોતો.

જગતપ્રસાદ : (હળવે હળવે) અને હવે એ વેળા આવી છે કે જ્યારે મારો ઉદ્ધાર હું તારા હાથમાં જોઉં છું.

[વાતાવરણ ગમગીન બને છે.

વિહારી : (આશ્ચર્યથી) પણ જાણે રાજપાટ લુંટાઈ ગયું તેમ......

[એવામાં સગડીમાં એક કોલસો ફૂટે છે; તડતડ થતાં એનાં કણ બન્નેને સાવચેત અને ટટાર બનાવે છે.

જગતપ્રસાદ : જોયું ? સાહિત્યના પંથમાં આવા ઈર્ષ્યાળુ, વિઘ્નસંતોષી, માત્ર મૂરખ વિવેચકો ડગલે ને પગલે સામા મળશે. તું તેમનાથી ચેતીને ચાલજે.

વિહારી : (સંમતિથી) સાચું છે. વિવેચકોમાં ઈર્ષ્યાનો અગ્નિ ભારોભાર ભર્યો હોય છે. એક વાર એ વિચારો કે વિવેચક થાય કોણ ? જેનામાં ન હોય કલ્પના, ન હોય કલા, ન હોય ભાવના ને ન હોય હૃદય: ને તો ય જેને લેખક લેખે ખપવું જ હોય એને વિવેચક થયા વિના બીજો કયો આરો છે ?

જગતપ્રસાદ : (ખુશ ખુશ થઈ) તું આટલું બધું જાણે છે એ તો મેં અત્યારે જ જાણ્યું !

[વિહારીના હોઠ મરકે છે.

પ્રિય વિહારી, મારા સાહિત્યજીવનની ઉષા કેમ પ્રગટી; કેમ જ ફૂલીફાલી; એ મેં તને જાણીજોઇને નહોતું કહ્યું.

વિહારી : (વાત જતી કરવા) હું ધારું છું કે તમે કહ્યું હતું.

જગતપ્રસાદ : (વિશ્વાસથી) ના, મને ચોક્કસ યાદ છે.

વિહારી : તો કદાચ તમારા સ્મૃતિચિત્રોમાં વાંચ્યું હશે.

જગતપ્રસાદ : ના; એમાં એની વિસ્મૃતિ થએલી.

વિહારી : (આખરે) તો હવે આત્મકથામાં અચૂક ગોઠવજો.

જગતપ્રસાદ : એ તો ગોઠવાશે ત્યારે. અત્યારે તું તો સાંભળ.

[હોઠ કરડી, વિહારી બીજી બાજુ ફરે છે.

(ગાંભીર્યથી) હા; આત્મકથા કરતાં સ્મૃતિચિત્રોમાં એ ટપકું હોત તો વિશેષ આનંદ આવત.

વિહારી : કારણ ?

જગતપ્રસાદ : આત્મકથા સો ટકા સાચી લખવા જઈએ તો ય જૂઠી લખાયા વિના રહેતી નથી. એમાં અલંકાર વપરાય તે કેવળ અતિશયોક્તિ. એટલે તેમાં તો તદ્દન સાચાં સત્યો પણ માર્યાં જવાનો સંભવ છે.

[વિહારી સાંભળી રહે છે.

સ્મૃતિચિત્રોની મજા ઓર છે. પહેલે પગલે લખીએ જ સ્વર્ગસ્થોનાં કે ગમે તેવાં ગપ્પાંની સામેય ચર્ચાપત્રો ન આવે ! એવા ટૂચકા વણી લઈએ કે સ્વર્ગસ્થની જિંદગીનો ખરો આધાર આપણે હતા એ વગર કહ્યે પૂરવાર થઈ જાય !

વિહારી : ખરૂં કહ્યું.

[એ રાજહંસમાંનું મનોમન્થનનું વિવેચન શોધવું શરૂ કરે છે.

જગતપ્રસાદ : (રાજહંસ ખુબીથી પોતે લઈ) પણ હવે એવાં પોલ પકડાઈ જાય છે. (રાજહંસ ઉઘાડી) સાંભળ. (ચશ્મા આંખે લાવી) "...રા. જગતપ્રસાદનાં સ્મૃતિચિત્રોનું તરી આવતું લક્ષણ એ છે કે ભગભગ બધાં ચિત્રો એઓએ પોતાના સ્નેહીસંબંધીઓ વિષે ન લખ્યાં હોય, કિન્તુ એ સ્નેહીસંબંધીઓએ જાણે જગતપ્રસાદ વિષે જ દોર્યાં હોય એવી પાને પાને આપણને ભ્રાન્તિ થાય છે."

[વિહારી આવેશમાં ઉભો થઈ જાય છે. જગતપ્રસાદ એને રાજહંસ પાછું સોંપે છે.

વિહારી : મારે એનો અક્ષરે વાંચવો હરામ છે.

જગપ્રસાદ : (મૂછ મરડતાં, મનમાં) ઉશ્કેરાયો ખરો.

.બર. (પ્રકાશ) અરે! આ તો તદ્દન સામાન્ય ગણાય એવા ાં અનેક રાક્ષસી કટાક્ષ છે!

વિહારી : એ અસહ્ય છે.

જગતપ્રસાદ : (બરડો પંપાળી) ઠંડકથી થશે એટલું ગરમીથી નહિ થાય. (હસી પડી) હું તને કહેવા માગતો હતો કે જ્યારે મારો પહેલો લેખ છપાએલો ત્યારે...

વિહારી : (વચ્ચેથી) પહેલો જ લેખ છપાએલો?

જગતપ્રસાદ : એટલે કે છપાએલા લેખોમાં પહેલો.

વિહારી : ત્યારે?

જગતપ્રસાદ : ત્યારે મેં સરસ યુક્તિ અજમાવેલી. બેચાર દોસ્તદારો પાસે તંત્રીને લખી મોકલાવ્યું કે આજલગી એ પત્રમાં પ્રસિદ્ધ થએલા લેખોમાં મારો નિબંધ કંઈક અનોખી ભાત પાડતો હતો.

વિહારી : (આતુરતાથી) પછી... ?

જગતપ્રસાદ : (ખુબીથી) પછી ગાંડો હોય તે તંત્રી બીજા લેખનું આમંત્રણ ન મોકલે?

વિહારી : પછી?

જગતપ્રસાદ : ગાડું ચાલ્યું, ને દોડ્યું. આજે હું સાક્ષર-સંઘમાં ખપું છું.

[વિહારી દૂર પડેલું રાજહંસ જૂએ છે.

(નજર જતાં) હા; આટલે વર્ષે આ એક રાજહંસ એવું નીકળ્યું કે જે મારો યશ સાંખી શકતું નથી!

[વિહારીની નજર હજુ રાજહંસને લાગેલી છે.

(સ્નેહથી) વિહારી, આ કોઈ નવતર માસિક છે, ખરું?

કોનું નગારૂં — વાજીંત્ર છે ? (તુચ્છકારથી હસી) મેં તો આ પહેલુંવહેલું જોયું.

વિહારી : (રાજહંસ લઈ) સાચી વાત છે. એના ઝાઝા અંક નીકળ્યા લાગતા નથી. (પૂંઠા પર નજર નાખી) આ તો એ વાર્ષિકનો ત્રીજો જ અંક છે !

[ખ્યાલ લંબાતાં બન્ને ચૂપચાપ થાય છે.

જગતપ્રસાદ : પણ વિહારી, મને શ્રદ્ધા છે કે રાજહંસનું છાપ્યું ધૂળધાણી કરવું એ રમતવાત છે.

વિહારી : એ તો હું તમને ક્યારનો કહેવા માગું છું.

જગતપ્રસાદ : (હોંશથી) તે કઈ રીતે વારૂ ?

વિહારી : એ ઉપર જ મારે તમારી સલાહ લેવાની છે.

જગતપ્રસાદ : વિહારી, તને કશી રીત સુજતી નથી ?

વિહારી : ના.

જગતપ્રસાદ : તો હું કહું તેમ કરીશ ?

વિહારી : એમાં પૂછો છો શું ?

[જગતપ્રસાદ વ્યૂહરચના વિચારે છે. વિહારીની સાહિત્યસેવાની સુંદર ભાવનાઓ ઝંખવાતી જાય છે, પણ મોહ નથી મરતો.

જગતપ્રસાદ : સૌથી સરલ ખેલ એ છે કે 'મનોમન્થન'નું તારે ફક્કડમાં ફક્કડ અવલોકન લખી નાખવું. ટૂંકમાં તારે મન "મનોમન્થન" એટલે નવગીતા.

વિહારી : ના નથી. કહેતા હો તો તમે લખાવો એ લખું અને નીચે સહી કરૂં. પણ પછી એ છાપશે કોણ ?

જગતપ્રસાદ : (નાના નિશ્વાસવાં) અત્યારે 'મયૂર' જીવતું ત તો કોઈની પરવા નહોતી.

વિહારી : મયૂર ?

જગતપ્રસાદ : હા. (હળવેથી) એના તંત્રી મારા સગા, સ્નેહી ને સમવયસ્ક હતા. એટલા ભલા કે મારાં લખાણ તો તેઓ વિના વાંચ્યે સીધાં છાપખાને મોકલતાં. પછી છપાઈને બહાર આવે ત્યારે નવરાશે ઉમંગે વાંચે !

વિહારી : પણ પ્રુફ વખતે.........

જગતપ્રસાદ : ના. ત્યારે મારાં પ્રુફ હું પોતે જ તપાસતો.

[વિહારીને શું કરવું; બોલવું, બેસવું, ઉઠવું કે ઉંઘી જવું; એની ગમ નથી પડતી.

કેમ; યુક્તિ કેવી લાગે છે ?

વિહારી : ખાસ ખોટી નથી. પણ એક બીક જબરી છે. બધા જ એમ કહેશે કે વિહારીની આ જગતપ્રસાદ પ્રત્યેની ગુરૂદક્ષિણા છે. એટલે મારે બદલે કોઈ બીજાને પકડો તો...

જગતપ્રસાદ : (શ્રદ્ધાથી) ના. છે એ ઠીક છે.

વિહારી : એટલે ?—ગુરૂદક્ષિણા શબ્દ તમને પાલવશે ખરો ?

જગતપ્રસાદ : (બેફિકરાઈથી) પણ એ વપરાશે તો ને ?

વિહારી : (ચેતવણી જેમ) માત્ર વપરાશે નહિ, એક વાપરશે એટલે બીજા બધા એનાં અવતરણ ઉતારશે !

જગતપ્રસાદ : (શાન્તિથી) એમ તપી ન જા. એક વાર મારૂં કહ્યું સાંભળ. (સાદી સમજ જેમ) તારે એ અવલોકન વિહારીને નામે છપાવવું જ શા માટે ? એકાદ તખલ્લુસનો આશરો લીધો એટલે બસ.

વિહારી : પણ તંત્રીને તો સાચું નામ......

જગતપ્રસાદ : એવું કાંઈ નહિ. એ માટે એકાદ આખા નામને તખલ્લુસ લેખે ચલાવવું.

વિહારી : પણ શીરનામું ?

જગતપ્રસાદ : (તરત) એનું ય તખલ્લુસ. ભલે ને લખ્યું હોય ચમારવાડેથી; પણ અહીં લખવું અંત્યજાશ્રમ.

[વિહારી સીધો દોર થઈ જાય છે.

(વીજળી જેમ) પ...ણ વિહારી ! એક ઉત્તમોત્તમ અખતરો કરવો છે ?

[વિહારીથી ના નથી પડાતી.

તે એ કે આપણે એકઠા થઈને બધું લખી નાખીએ. 'રાજહંસ' ને જવાબ આપવો જરૂરનો છે.

વિહારી : આમાં નવું શું આવ્યું ?

જગતપ્રસાદ : પછી એકાદ સ્ત્રીના નામે એ રવાના કરી દઈએ.

વિહારી : પણ એવી સ્ત્રી કાઢવી ક્યાંથી ?

જગતપ્રસાદ : અરે, સ્ત્રીનામી તખલ્લુસથી લેખ રવાના કરવો.

[વિહારી મનમાં ધુંઆંપુંઆં થાય છે.
એને આવું ગમતું નથી.

એટલું થયું એટલે આપણા ચીલામાં એક કાંટાનો શું પણ રઝુંખઝું પાંદડું ય આડું નહિ આવે. (જુવાનીથી) વિહારી, સ્ત્રી એ ઈશ્વરની અજબ કૃતિ છે. એના નામની અસર કેવળ સંસારમાં જ થઈ છે એમ માનવું મૂર્ખાઈ ભરેલું છે. સાહિત્યમાં સુદ્ધાં એની સત્તા હતી, છે અને હશે !—સમજ્યો ?

[વિહારી કાંઈ કહેતો નથી.

દયા જેમ) અને બિચારા તંત્રીઓ એનાથી મુક્ત નથી ! કોઈ સ્ત્રીની સહીથી લેખ આવ્યો એટલે નહિ જુએ તેનું મથાળું, નહિ વાંચે લખાણ અને તરતજ બીજા લેખોનું આગ્રહભર્યું આમંત્રણ મોકલી આપશે ! દુનિયાની વાત આવી ન્યારી છે ! બોલ; હવે તું શું કહે છે ?

વિહારી : (દબાએલા ભાવથી) તમારૂં કહેવું સાચું હોય તો ય સારૂં તો નથી જ.

જગતપ્રસાદ : એનો અર્થ ?

વિહારી : એટલે કે આપણે પુરુષોએ કોઈ સ્ત્રીના નામે લખવું એ એક જાતના ઉઘાડા બાયલાવેડા છે.

જગતપ્રસાદ : (સંભાળથી) ઉઘાડા કઈ રીતે ? આપણ બે સિવાય કોણ ત્રીજું જાણવાનું છે ?

વિહારી : (ઉભા થઇ જઈ) કેવી વાત કરો છો ? આપણે આપણાજ આત્માને જાણીજોઈ ને છેતરીએ એ કેવી કાયરતા કહેવાય ?

[જગતપ્રસાદ જરા વાર મુંઝાય છે.

જગતપ્રસાદ : એમાં કાયરતા ક્યાં આવી ? (સમજાવટથી) પહેલાં તું શાન્ત થા. ગુસ્સાના આવેશમાં માણસ જે તે બોલી નાખે છે તો ખરો; પણ સરખું સાંભળી પણ શકતો નથી !

[વિહારીને મૌન વિના માર્ગ નથી.

(હસી પડી) વહાલા **વિહારી**, **મી**રાં પછી કોઈ સ્ત્રીને લખતાં આવડ્યું હોય એ માનવા જેવું નથી.

વિહારી : (ભડભડ જીભથી) એટલે પ્રસાદજી ! તમે શું એમ ઠસાવવા માગો છો કે અત્યાર લગી સ્ત્રીઓનાં નામે ચડેલું બધું સાહિત્ય પુરુષોએ લખેલું છે ?

જગતપ્રસાદ : (હળવે) હા. (વધું હળવે) ઘણુંખરૂં. (એથી વધુ હળવે) પચાસ ટકા ઉપરાંતનું.

વિહારી : (લાગ લઈ) ત્યારે મારે એમ નક્કી માનવું ને કે સ્વર્ગસ્થ સરિતાબહેનની સઘળી સાહિત્યસેવાના સાચા સેવક તો તમે જ હતા?

જગતપ્રસાદ : (પ્રશંસાપાત્ર બેજવાબદારીથી) હા. હતો ને હજુ છું.

વિહારી : (બેસી જતાં) હેંએ?

જગતપ્રસાદ : હા. હજુ ક્યારેક શોખ થઈ આવે ત્યારે કંઈક એના નામે ધકેલી મારૂં છું.

વિહારી : (સંદેહથી) કોઈ અકકલવંત એમના હસ્તાક્ષરનું નથી પૂછતું?

જગતપ્રસાદ : હું એવી વેળા આવવા દઉં તો ને? લેખની સાથે જ લખી મોકલું છું કે સરિતાના અક્ષર ન ઉકલે એવા હોઈ મારે એની નકલ ઉતારવી પડી છે.

[વિહારી બરફ બની જાય છે.

(ખચાઈથી) કેમ; વિહારી! કેમ કાંઈ બોલ્યો નહિ?

વિહારી : (નીચી નજરે) હજુ મને મારી માન્યતા બરાબર લાગે છે.

[જગતપ્રસાદ દલીલ શોધે છે.

વળી તમારી ને સરિતાબહેનની જેવી લેવડદેવડ હતી એવી દરેક દંપતીની હોય જ એ નિરાકરણ અક્ષમ્ય છે. ઘણી બહેનોની સાહિત્યશક્તિની સ્વતંત્રતામાં મને પૂરેપૂરી શ્રદ્ધા છે.

જગતપ્રસાદ : (બાજી હાથમાંથી જતી જોતાં) કબુલ.

વિહારી : વળી લેખકપતિ વિના પણ પત્ની લેખિકા ક્યાં નથી થઈ શકતી?

જગતપ્રસાદ : (અકળાઈ) પણ ના કહી કોણે? મેં ક્યારે કહ્યું કે કુંભો રાણો રાજકવિ હતા?

[વિહારી ધીરો પડે છે.

(બાજી હાથમાં લેવા) ભાઈ, વિહારી, દલીલ તરીકે તારી લડત સુન્દર છે, આકર્ષક છે, અદ્‌ભુત છે.

વિહારી : અને એટલે હું એને વળગી રહીશ.

[જગતપ્રસાદ મુંઝાય છે.

(મનમાં) મણિમહોત્સવનું માંડી વાળવું પડશે.

જગતપ્રસાદ : (મનમાં) આ શું મારો મણિમહોત્સવ ઉજવશે?

[નહિ મુગ્ધા ને નહિ યુવતી એવી કોઈ સ્ત્રી સંકોચાતી દાખલ થાય છે. પહેલાં જગતપ્રસાદ સામું, પછી વિહારી સામું, વળી જગતપ્રસાદ સામું એમ એ વારાફરતી જોયાં કરે છે.

કોનું કામ છે, બહેન?

સ્ત્રી : આપના બેમાંથી જગતપ્રસાદજી કોણ?

[પોતાનું નામ ભૂલી ગયા હોય તેમ જગતપ્રસાદ વિહારી સામું જૂએ છે.

વિહારી : હું નહિ.

[સ્ત્રી જગતપ્રસાદ તરફ ફરે છે.

જગતપ્રસાદ : હા. હું જ એ. બેસો. ક્યાંથી આવો છો?

સ્ત્રી : (બેસતાં) 'મનોમન્થન'ના કર્તાને નજરે જોવાની હોંશ હતી એટલે અહીં આવી ચડી છું.

[જગતપ્રસાદ ઉલ્લાસથી વિહારી સામે નજર નાંખે છે.

જગતપ્રસાદ જૂએ એમ વિહારી રાજહંસ સંતાડે છે.

જગતપ્રસાદ : ઉપકાર થયો. તમે એ પુસ્તક વાંચી ગયાં ?—કેવુંક લાગ્યું ?—ગમ્યું ખરૂં ?

સ્ત્રી : વાંચી ગઈ. બાકી અમારા અભિપ્રાય આપને શા ખપના ?

[જગતપ્રસાદ વાત વહેતી મૂકવામાં સાર સમજે છે.

જગતપ્રસાદ : અહીં જ રહો છો ? કોઈ સાહિત્ય-સભામાં ય તમને દીઠાનું સ્મરણ નથી.

સ્ત્રી : ના જી. પ્રવાસે નીકળતાં એક દિવસ ઉતરી છું. બાકી અહીં જ હોઉં તો તો અત્યાર અગાઉ આપને મળી ન હોઉં ?

વિહારી : ખરૂં છે. પ્રસાદજી, સાહિત્યના શોખીનોનો તો આ ઘર અખાડો છે.

જગતપ્રસાદ : બહેન, તમારૂં નામ ?

સ્ત્રી : સારિકા.

જગતપ્રસાદ : કેટલું પ્રેમલ નામ ! (આનંદપૂર્વક) હવેની ફોઈઓ પણ ઠીક ઠીક રસિક થવા લાગી છે.

વિહારી : અને જગતપ્રસાદ નામ પણ ક્યાં કમ છે ?

જગતપ્રસાદ : (ચીડાઇ, મનમાં) આ શું કરવા બેઠો છે ? (હસી, પ્રકાશ) એનો ઇતિહાસ વળી અનેરો છે. સારિકાબહેન...

સારિકા : મને સૌ સરૂબહેન કહે છે.

જગતપ્રસાદ : (અચંબાથી, મનમાં) સરૂ ? સરિતાને પણ હું સરૂ કહી સંબોધતો !

વિહારી : પ્રસાદજી, તમે શું કહેવા જતા હતા ?

જગતપ્રસાદ : હંઅ. સારૂં સંભાર્યું. પ્રથમ મારૂં નામ જગજીવન હતું, પણ પછીથી મેં જગતપ્રસાદ કરી નાખેલું.

હુશિયારીથી) ખબર છે ને કે કેટલાંક પુસ્તકો તો એના લેખકોનાં માલાં નામો અંગે ખરીદાતાં જ નથી ?

વિહારી : પરંતુ વધુ સાચી હકીકત તો એ છે કે લેખકના નામને ને કામને પરસ્પર કશી સગાઈ હોતીજ નથી.

સારિકા : (વિવેકથી) ના; પણ એટલું ખરૂં કે સારા લેખકનું નામ સારૂં હોય તો વધારે સારૂં.

જગતપ્રસાદ : (રાજી થઈ) તમે પણ સાહિત્યનાં સારાં રસિયાં લાગો છો !

સારિકા : હા જી. જો કે હું સાહિત્યખોર નથી, સાહિત્યકાર નથી, પણ સાહિત્યપ્રેમી હોવાનો દાવો તો ધરાવું છું !

વિહારી : (મનમાં) કેવી આબેહુબ ઓળખાણ ?

જગતપ્રસાદ : સુંદર. કંઈ લખો છો ખરાં ? – કયાંઈ છપાવો છો ખરાં ?

સારિકા : લખું છું. ખાસ છપાવતી નથી. એકાદ અલ્પ પ્રયાસ આજ આપને બતાવવા લાવી છું.

[જગતપ્રસાદમાં ઉંડી ઉંડી અભિલાષા જન્મે છે કે કદાચ સારિકાદ્વારા પોતાનો અર્થ સરશે.

સારિકા લગભગ બસો પાનાંની એક નોટ જગતપ્રસાદના હાથમાં મૂકે છે.

જગતપ્રસાદ : (નામ વાંચતાં) જીવનનાં જળ ! (પાનાં ઉથલાવતા) જાણે મોતીની માળ ! સરૂબહેન, આમાં શું છે ?

સારિકા : માનવજીવનની આછીઅધુરી રેખાઓ છે. રસમય નવલિકાઓદ્વારા સંસારનો પ્રવાહ રજૂ કરવાના મારો અભિલાષ છે.

જગતપ્રસાદ : (મનમાં) પ્રસ્તાવના તો નહિ લખાવવી

હોય ? (પ્રકાશ) એ ઉપરાંત કાંઈ ઉદ્દેશ છે ? મારા સરખું કં કામ હોય તો અવશ્ય કહેજો.

સારિકા : વાર્તાઓને તમે નજર નીચેથી કાઢી જશો તો આભાર થશે. મારા ઉદ્દેશ મેં શરૂઆતમાં જણાવ્યા પણ છે.

[પાનાં ફેરવતાં ' અનિવાર્ય નિવારણ 'ના મથાળાથી પ્રસ્તાવના જેવું કંઈક જોતાં જગતપ્રસાદના કેટલાક કિલ્લા કકડભૂસ હેઠા પડે છે.

જગતપ્રસાદ : વા...આ...રૂ. (અમર આશામાં) સંગ્રહ કોને અર્પણ કરવા ધાર્યો છે ?

વિહારી : (મનમાં) તમને નહિ જ.

સારિકા : કોઇને નહિ. અર્પણ એ પુસ્તકનું અનિવાર્ય લક્ષણ ક્યાં છે ?

વિહારી : બરાબર.

જગતપ્રસાદ : અનિવાર્ય ન હોય તો ય આવશ્યક તો ગણાય છે ને ?

વિહારી : ખરેખર ?

જગતપ્રસાદ : હાલ ને હાલ ખાત્રી કરાવી આપું. (ઉભા થઇ) સરૂબહેન, બેસજો. ઉતાવળ નથી ને ?

સારિકા : (હસવું ખાળી) ના. બેઠી છું. સજ્જનસમાગમ તો સૌ કોઇ વાંચ્છે. પછી જેને પ્રાપ્ત થયો હોય તે બને તેટલો કાં ન માણે ?

[હસતા હસતા જગતપ્રસાદ અંદર જાય છે.

આપ પ્રસાદજીને શું થાઓ ?

વિહારી : સગપણમાં શૂન્ય. એ સિવાય શિષ્ય, સ્નેહી, જે શો તે.

સારિકા : એમની સાહિત્યસેવા વિષે આપનો શો અભિપ્રાય છે ?

વિહારી : મારા કરતાં એમનો પોતાનો અભિપ્રાય વિશેષ રસિક, આશાભર્યો અને જાણવા જેવો છે.

સારિકા : (રસથી) કહો જોઉં.

વિહારી : એમનું સાહિત્ય અમર છે એમ એઓ નમ્રપણે માને છે.

સારિકા : અને તમે ?

વિહારી : મારી કે તમારી માન્યતાની તેમને શી પડી છે ? એઓ તો ક્યારે એમને સાઠમું વર્ષ બેસે અને ક્યારે ગુજરાત એમનો મણિમહોત્સવ ઉજવે તેના સતત ચિંતનમાં છે. છેલ્લા છ મહિનામાં જ્યારે જ્યારે હું એમને મળ્યો હોઈશ ત્યારે મણિમહોત્સવ શબ્દ મારે કાને અથડાયા વિના નથી રહ્યો. એ શબ્દના ઉચ્ચારમાત્રથી એઓ ભારે ઉલ્લાસમાં આવી જાય છે. તમે આવ્યાં ત્યારે એ જ પુરાણ ચાલતું હતું.

સારિકા : તો યે હું દાખલ થઇ ત્યારે વિષાદનું વાતાવરણ કેમ હતું ?

[વિહારીને સારિકા પ્રત્યે માન થાય છે.

વિહારી : હા; આ રાજહંસ વાંચીને જરાતરા વ્યાકુળ થએલા ખરા.

સારિકા : (તરત) તો તો એનો અર્થ એવો થયો કે મારી ને તમારી તો શું પરંતુ ગમે તેવા અજાણ્યાની માન્યતાની પણ એઓને બહુબહુ પડી છે.

[વિહારીની સ્થિતિ કફોડી થાય છે.

વિહારી : સાચી વાત. મારે જે નહોતું કહેવું જોઇતું તમે કબુલાવ્યું ખરૂં.

સારિકા : સારૂં થયું. પોતાની નબળાઈઓ કોઈ જાણી ન જાય એટલા વાસ્તે કેટલાક લોક — અને પ્રસાદજી તો માત્ર ઉદાહરણ ગણાય — જીવનની જુદી જુદી દિશામાં દંભની ઉંચી દિવાલો ઉભી કરે છે. પરંતુ સત્ય એટલું તો બળવંત છે કે જ્યારે ત્યારે પણ આ દિવાલોને તોડીફોડીને બહાર આવ્યા વિના રહેતું નથી. જ્યારે આમ બને છે ત્યારે મનુષ્યને પોતાનું સાચું મૂલ્ય સમજાય છે. જે સ્વપ્નસૌંદર્યમાં, જે માયામોહમાં તે જીવન ગુજારતા હોય છે તેનો ત્યારે અંત આવે છે. પછી તે જગતને તેના શુદ્ધ રૂપે જોઈ શકે છે એટલું જ નહિ પણ પરિણામે પોતાને પણ પૂરેપૂરો પિછાને છે.

[સારિકાની વિદ્વત્તાથી વિહારી અંજાય છે. પાંચ પંદર પુસ્તકોના ઢગ સાથે જગતપ્રસાદ પ્રવેશે છે.

વિહારી : તમે જે બોલી ગયાં તે બધું પ્રસાદજીએ સાંભળવા જેવું છે.

સારિકા : (શાન્તિથી) મેં કહ્યું છે.

જગતપ્રસાદ : (હોંશથી) શું ?

વિહારી : (આશ્ચર્યથી) ક્યારે ?

જગતપ્રસાદ : મેં તો કશું સાંભળ્યું નથી.

સારિકા : (મનમાં) સાંભળ્યું છે : સમજાયું નથી.

[સહેજ વાર ચૂપકીદી ચાલે છે.]

જગતપ્રસાદ : (એક પછી એક પુસ્તક ઉથલાવતાં) સાંભળો. સમજો. આ કાવ્યસંગ્રહ કવિએ પોતાની પ્રાણેશ્વરીને અર્પણ કર્યો

આ નિબંધમાળાને લેખકે પોતાના પ્યારા દેશને ચરણે ધરી છે. આ નાટકને કર્તાએ અંદરનાજ એક પાત્રને ભેટ કર્યું છે. આ વાર્તાગુચ્છને લેખકે પોતાના વાચકવર્ગને સમર્પ્યો છે—એમ સમજીને કે આવો કોઈ વર્ગ જ ન હોત તો તેમની કલમની કદર કોણ કરત? (મુખ મલકાવી) સરૂબ્હેન, અર્પણના ય કેટકેટલા પ્રકાર છે!

વિહારી : તો યે એક પ્રકાર રહી ગયો. લેખકે પોતાનેજ પુસ્તક સમર્પવાનો—એમ કહીને કે પોતે જો હોત નહિ તો એ લખાતજ ક્યાંથી?

[જગતપ્રસાદ મોં મચકોડે છે. સારિકા સ્વસ્થ છે.

જગતપ્રસાદ : એટલે તમે ય તે અર્પણ સામે આંખમીચામણાં ન કરશો.

સારિકા : પણ હું એ તરખડમાં નથી પડવાની. કોને કરવું; એ પણ મારે મન મુશ્કેલી છે.

જગતપ્રસાદ : (અકળાઇથી) કેવી વાત કરો છો? સાહિત્યમાં ઝંપલાવવા સજ્જ થયાં છો ત્યારે કોઇ ને કોઈ લેખક કે કવિને આદર્શ તરીકે સ્વીકારતાં હશો ને?

સારિકા : ના રે ના.

જગતપ્રસાદ : જો, જો, હોં. એવી ભૂલ ન કરશો કે જે કદિ ન સુધરે.

વિહારી : એટલે, પ્રસાદજી?

જગતપ્રસાદ : સાહિત્યમાં એકલહાથ સેવા અસંભવિત છે. એટલે બે માર્ગ બાકી રહે છે. કાં તો કોઇના ભક્ત બની જવું; નહિ તો કેટલાક ભક્ત મેળવી લેવા.

[વિહારી અને સારિકા સંદેહપૂર્વક સામસામે જૂએ છે.

(ચિંતનના ડોળથી) તમે બન્ને જુવાન છે. જુવાન અસ્વસ્થતા, અસહ્યતા તમારામાં ભરચક ભરી છે. એટલે મું સમા અનુભવવૃદ્ધનું કહેવું તમને અકારૂં લાગે છે. બાકી સાહિત્ય સેવક થવું હોય, સાક્ષર થવું હોય, સાહિત્યસમ્રાટ્ થવું હોય તો કેવળ શક્તિથી નહિ થવાય. ગંગા ને જમના જેવો શક્તિ ને યુક્તિનો સંગમ તમારામાં જો થતો હશે તો જ તમારી અસ્મિતામાં પ્રયાગની પરમ પવિત્રતાનો વાસ થશે.

[સારિકા ને વિહારી સ્તબ્ધ બને છે.

(ઉંચી છાતીથી) મારૂં કહ્યું માનજો. ભલાં ન થશો; ભોળાં થશો નહિ. આવું આવડશે તો જ તમારો ઉદ્ધાર છે.

[જગતપ્રસાદ શ્વાસ ખાય છે.

વિહારી : (ઠાવકાઇથી) સરૂબહેન, પેલી દંભની દિવાલો વિષેનું તમારૂં ભાષ્ય વારંવાર સાંભળવું ગમે તેટલું સરસ હતું. ફરી સંભળાવશો ? પ્રસાદજી પણ પ્રસન્ન થશે.

[જગતપ્રસાદનું ધ્યાન ' જીવનનાં જળમાં ' હોય છે.

પ્રસાદજી ! હું કહું છું એ ઠીક કહું છું ને ?

જગતપ્રસાદ : વિહારી, અત્યારે આ ' જીવનનાં જળ ' જોવા દે. સરૂબહેન, તમારી કલમ કહે છે કે એ સારી રીતે કસાએલી છે. ' જીવનનાં જળ ' પહેલાં પણ તમે ઘણું લખ્યું હોવું જોઇએ.

સારિકા : થોડું ઘણું.

જગતપ્રસાદ : (આતુરતાથી) પરંતુ શું શું ?

સારિકા : (શાન્તિથી) ક્યારેક કોઈ પ્રવાસનું વર્ણન, ક્યારેક કોઈ પુસ્તકનું અવલોકન......

જગતપ્રસાદ : (ભારથી) અવલોકન પણ ?

સારિકા : હાજી. છેલ્લા રાજહંસમાં......

જગતપ્રસાદ : (ઉભા થઈ જઈ) શું બોલો છો ?

સારિકા : (નરી નિખાલસતાથી) સત્ય. એની અસર જોવા તો હું અહીં આવી હતી. (આગ્રહથી) પણ આપ બેસો. હું જ જાઉં છું. જય જય.

[સારિકા ચાલતી થાય છે.

જગતપ્રસાદની આંખોમાં ઝળઝળિયાં જણાય છે.

વિહારી રાજહંસમાંથી 'મનોમંથન' પૂરતાં પાનાં ફાડીને સીધાં સગડીને સોંપે છે.

વિહારી : (મનમાં) ખરેખર, સુન્દરીનું સર્જન તો ભલા ભગવાનની પરપરમ કલાકૃતિ છે !

સમાજસેવક

૧

[ફક્કડ ફરનિચરથી ભભકતા ખંડમાં સુરસાગર અને નિખિલ વાતોએ વળગેલા માલૂમ પડે છે. એકને બોલવા વારો આવે ત્યારે બીજાને સિગારેટના ધુમાડાની વેળા મળે છે.

સુરસાગર : (રાખ ખંખેરતાં) ડૉક્ટર, આમ બાબત છે.

નિખિલ : ના, ના, સાહેબ. તો તો આજ સુધી ગાડું ગબડે શી રીતે?

સુરસાગર : (પગ પાથરી) કારણ કે એ ગાડું છે; કારણ કે એને ગોળાકાર પૈડાં છે.

[નિખિલને સુરસાગરનો ખુલાસો માન્ય નથી લાગતો.

ઉપરાંત એક બીજું ય કારણ છે. દુષ્ટ માણસો કોઈ એક યુગની, એક સદીની, એક દસકાની મિલ્કત નથી હોતાં. કોઈક કાળે આ પૃથ્વી સંતોસૂની થઈ હશે: બાકી સ્વાર્થસાધુઓ-વિહોણી કલ્પવાની તો હું રોકડી ના પાડું છું. (ઉમદા હાસ્યથી) એવો તો એક મૂવો કે બે જન્મ્યા જાણવા.

નિખિલ : (આશ્ચર્યથી) સાહેબ, તમારા શબ્દો તો અમારી વાઢકાપની છરીથી ય વધારે પાણીદાર છે!

સુરસાગર : (ફૂલાઈ) હા; મારા શબ્દો પાણીદાર છે; કારણ કે તમારી છરી જેવો જ પવિત્ર હેતુ એના ઉપયોગ પાછળ છૂપાયો છે. લોકોની અભણતાનો લાભ લઈ, જે પાંચ-પંદર અમે, બાવા અને ભંગળદાસોએ એમના અંગમાં પરૂ પેદા કર્યું હોય એને દૂર કરવા વાસ્તે બીજો એક ઇલાજ નથી.

નિખિલ : (મુંઝાઈ, મનમાં) હું વાત ટૂંકાવવા માગું છું ત્યારે...

સુરસાગર : (દાઝથી) તમે સમજ્યા ને, ડૉક્ટર? એવાના દર્દની ચિકિત્સા કરવી અતિશય અઘરી છે. એમના મગજમાં, હૃદયમાં, ફેફસામાં કંઇક અવનવા રોગોના અડ્ડા હોય છે! તમારા થર્મોમિટરથી એની ઉષ્મા નહિ મપાય; તમારા સ્ટેથોસ્કોપથી એના ધબકારા નહિ પમાય.

નિખિલ : (દલીલ ખાતર) પણ આંગળાં વડે નાડ તો પરખાશે ને?

સુરસાગર : (સખ્તાઈથી) ના. નાડ જેવું એઓને કશું હોતું જ નથી.

નિખિલ : (કંટાળી) તો જવા દો એમનાં નામ. આજના અવસરે ક્યાં સંભારવા એહા?

સુરસાગર : (રાજી થઈ) હા. નહિતર વળી સુધરેલો દિવસ અમસ્થો બગડશે.

[પટાવાળો, સુરસાગરને એક વિઝિટિંગ કાર્ડ આપી, હુકમ માટે ઉભો રહે છે.

લ્યો! ડૉક્ટર નિખિલ! તમે નામ લેવાની ના પાડો છો ત્યાં મૂર્તિ સ્વયમેવ પ્રગટ થાય છે! (પટાવાળાને) જા; કહે કે હું એમની રાહ જોઉં છું.

[પટાવાળો જાય છે.

(ખાનગી જેમ) મહેરબાન નક્કર નંગ છે. ઉધાંચત્તાં આબાદ આવડે છે. અરે! બગલો છે. આજ લગીમાં કેટલીયે માછલીઓ હજમ કરી હશે; એની પ્રભુને પણ ખબર નહિ હોય.

નિખિલ : (મનમાં) પ્રભુ વળી માછલીઓનો હિસાબ ક્યારથી રાખવા લાગ્યો!

સુરસાગર : (ખુંખારો ખાઈ) અને તોય લોક આંધળાંભ બનીને એનામાં શ્રદ્ધા મૂકે છે અને જીંદગીને ધૂળચાટતી કરે છે મને તો ધાસ્તી છે કે કોઈ મૂરખ મ્યુનિસિપાલિટી એનું બાવલું સુદ્ધાં બનાવરાવશે.

નિખિલ : (રસ વગર) બનવાજોગ છે.

સુરસાગર : (તદ્દન ધીરેથી) પણ તો એ મૂર્તિ ત્રાંબાની ટીપાવે તો અક્કલનો ઉપયોગ કર્યો કહેવાશે. (ભાર દઈ) એવી નક્કરછે.

[યત્ન છતાં હસવું ખાળી ન શકતા હોય એટલા હસમુખા **નંદનંદન** દાખલ થાય છે. **સુરસાગર** અને **નિખિલ**ને વારાફરથી ઉપરાછાપરી પ્રણામ કર્યે જ જાય છે. બદલામાં બન્ને ઉતાવળે ઉભા થઈ હળવેથી પાછા બેસે છે.

(આનંદ દેખાડી) પધારો, મુરબ્બી. દીર્ઘાયુષી લાગો છો. અમે આપના જ ગુણ ગાતા હતા. ડૉક્ટર **નિખિલ**! આ આપણા સુપ્રસિદ્ધ શેઠ **નંદનંદનજી** : નામ જરા અટપટું, એટલે કે લાંબું, હોઈ બજાર એમને **નંદુ** શેઠ તરીકે ઓળખે છે. અમે તો એક નિશાળના ગોઠિયા.

નિખિલ : (આશ્ચર્ય ભજવી) એમ કે? આનંદ થયો.

સુરસાગર : અને **નંદનજી**! આ અમારા ફૅમિલી ડૉક્ટર. વિલાયતથી તાજા પાછા ફર્યા છે.

નંદનંદન : (પ્રમુખપદે હોય તેમ) વા...રૂ. આપણા જુવાનો ઈંગ્લંડ જઈ ઉદ્ધત થઈ આવે છે એમ જે કહેવાય છે તે સામે **નિખિલ**રાયની નમ્રતા અજબ ઉદાહરણરૂપે મૂકી શકાય. મારાં અભિનંદન.

[**નિખિલ**માં તરત તિરસ્કાર જન્મે છે. પણ તો વળી વાતાવરણની મજા જશે એમ માની સંયમ સાચવે છે.

કે હું પરદેશગમનના પક્ષમાં નથી. (હળવેકથી) એમ કરવાનો હેતુ જો વિદ્યાભ્યાસ અર્થાત્ જ્ઞાનસંપાદનનો હોય તો આપણા ભારતવર્ષમાં ક્યાં વિદ્યાઓની ત્રુટિ છે કે હજારો માઇલ લાંબા થવું?

[નિખિલને ટટાર થતો જોતાં સુરસાગર વચ્ચે પડે છે.

સુરસાગર : ડૉક્ટર નિખિલ, નંદનજીની સ્વદેશભાવના એટલી તો તીવ્ર છે કે હરકોઈ વાતમાં કે બાબતમાં એમની આંખ આગળ હિંદુસ્થાનનો નકશો હાજર હોવાનોજ. સ્વદેશી ઉદ્યોગોની ખીલવણી ખાતર એમણે ખેડેલાં સાહસો હું ગણાવવા બેસું તો ઓછામાં ઓછા બે કલાક જોઇએ. નાનીમોટી અનેક લિમિટેડ અથવા ઘરઘરાઉ કંપનીઓના ધીકતા ધંધામાં નંદનજીની હિંમતનો હિસ્સો હશે.

નંદનંદન : (સાવચેતીથી) જો કે...

સુરસાગર : હા, કેટલીક વાર પાસા ઉંધા પડ્યા હશે. પણ એ તો આપણા લોકો વધારે નાણાં રોકે નહિ પછી શું થાય?

[નિખિલને આડું જોવું પડે છે. એટલે સુરસાગર નંદનંદનને પાંચ પાંચ પાંચનો ડબ્બો ધરે છે.

સળગાવો. એ વગર વાતમાં મજા કેમ જામે?

નિખિલ : (મનમાં) આનું કારખાનું તો ગિરનારની ગુફામાં હશે.

નંદનંદન : (એક ફૂંક પછી) સાહેબ, આપનું કહેવું વ્યાજબી છે. આ વિના સાળી તાઝગી તો નથી જ આવતી.

નિખિલ : (માથું મારી) ને શ્રીયુત, તમારૂં કહેવું પણ ગેરવ્યાજબી નહોતું. પરદેશ સેવી આવનારના મગજમાં એટલો પવન તો ભરાય છે જ કે જ્યાં મતમતાંતર જણાય ત્યાં એ પોતાની

જીભને વધારે વાર વશ નથી રાખી શકતો — ગુણ કે અવગુણ, એને જે કહેવું હોય તે કહેજો.

નંદનંદન : (છોભીલા છતાં) અરે! મારે મન તો એ અસાધારણ વિશેષણ છે. સારા શબ્દોમાં મૂકીએ તો એને વિચારસ્વાતંત્ર્ય કહેવું પડે.

નિખિલ : તો એટલું કહો કે આ પાંચસો પંચાવનની વપરાશ તમારા સ્વદેશીના સિદ્ધાંતથી વિરુદ્ધ નથી જતી?

નંદનંદન : (જેમતેમ હસી) મારો નિશ્ચય મેં એટલો બધો કડક રાખ્યો જ નથી ને? જેટલું બને તેટલું...

નિખિલ : (અધીરપથી) ભરતખંડમાં ક્યાં ઓછી બીડીઓ બને છે?

સુરસાગર : (સમાધાનીથી) ડૉક્ટર, એમનું પુરૂં સાંભળ્યા વિના એકદમ કૂદી ન પડો. એઓ તો ખૂબખૂબ ઇચ્છે કે સ્વદેશી સિગારેટ જ ફૂંકવી; પરંતુ મારે ત્યાં માત્ર આ એક જ ડબ્બી હોય ત્યારે બીજું શું કરવું?

નંદનંદન : હંઅ...

નિખિલ : મોઢ મોકુફ રાખવો.

સુરસાગર : (શાન્તિ સ્થાપતા) હવે દાખલા તરીકે હમણાં આપણે આ બિસ્કિટ લઈશું એમાં ખાંડબાંડ ક્યાંનાં છે; એ જાણવા એમને તો મન સાથે કેટલીય મથામણ થાય. પણ એમ કાંઈ આપણને, કે કોઇને પણ, પૂછી જોવાતું હશે? આપણી અમુક ધૂન સાચવવા કાંઈ બધાં બંધાયાં હોય છે?

[નંદનંદનને નિરાંત વળે છે.
સુરસાગર પાસે પડેલા ટેબલ તરફ
તેમનું ધ્યાન ખેંચે છે.

નંદનંદન : ઓ હો! આટલા બધા તાર?

સુરસાગર : હાજી, હજુ પંદર જ પડ્યા છે. રાત લગીમાં બીજા પચાસેક ધારું છું.

નંદનંદન : (હસી) ત્યારે તો તાર જ તમારી ટપાલ જણાય છે!

નિખિલ : (ગંભીરતાથી) પણ એમાં તમે આશ્ચર્ય શું પામો છો?

સુરસાગર : (રમતથી) નિખિલ, કદાચ એમની જાણબહાર વાત હશે.

નંદનંદન : (ન સમજાતાં) મને માફ કરજો, દિવાનબહાદુર.

[સુરસાગર અને નિખિલ ખડખડાટ હસી પડે છે.

નંદનંદનનું મોં પડી જાય છે.

(હિંમત રાખી) મારી અજ્ઞાત અવસ્થામાંથી તમને હાસ્ય મળી રહેતું હોય તો તે પરિસ્થિતિમાં મને મજા છે.

[બેઉ જણ મલકાતા બંધ પડે છે.

મને મોટો સંશય એક જ છે. દાક્તરસાહેબ, કોઈએ ભારે માંદગીમાં તો નથી સપડાયું ને?

નિખિલ : (હસી પડી) મહોંકાણના સમાચાર સિવાય તમે કશું કલ્પી પણ ન શક્યા? અમને તે તમે લોક બાંધિયાઆંધિયા ધારો છો કે શું?

નંદનંદન : (લાચારીથી) મને તો તાર શબ્દ જ ભયંકર મહોંકાણ સમો ભાસે છે.

સુરસાગર : (મદદમાં) ડૉક્ટર, એ તો આજે ઠીક છે. આડા દિવસોએ તો મને પણ ઘરને ઠેકાણે આવતા તાર કાળ સરખા વિકરાળ લાગે છે. દૂર દેશાવરથી તમે ચાલ્યા આવો છો

એટલે તમે ત્યાંનાં સાહસ, સામગ્રી, સંપત્તિનાં સ્વપ્નાં સેવતા હશો. બાકી અહીંની રહેણીકહેણી તો જોશો એટલે જાણશો.

[આ શીઘ્ર વક્તૃત્વથી નંદનંદનને હૂંફ વળે છે.

નિખિલ મૌન જાળવે છે.

(સહજ સ્મિતથી) પણ મૂળ વાત રહી જાય છે. (એક તાર આપી) નંદુશેઠ, લ્યો; તમે વાંચી શકો છો.

નંદનંદન : (વાંચતાં વેંત) સર સુરસાગર! દિવાનબહાદુર મટી આજથી સર ગણાયા? સરકારે કદર કરી ખરી. (ઉભા થઈ) મારી અંતરની અભિવંદના.

[સહેજ ઉંચા થઈ સુરસાગર નમન કરે છે.

નિખિલ : (વારાફરતી બંને સામે જોયા કરી) એક પ્રશ્ન પૂછું?—સરકારી સર સારા કે સ્વદેશી શેઠ?

સુરસાગર : (એકદમ) મારા ભાઈ! બેઉ ભલા—એકે ય ખાસ ભૂંડા નહિ.

નંદનંદન : હુંઅ. ડાબી ને જમણી આંખ જેવા બંને દેશને ઉપયોગના છે.

સુરસાગર : (વાત ફેરવવા) પણ આ ધમાલમાં એક વિવેક તદ્દન વીસરાઈ ગયો! શેઠજી, આપ અત્યારે અમસ્થા જ આવેલા કે કાંઈ કામે?

નંદનંદન : મારે તો વળી વળીને એક જ વાત કહેવાની હોય છે, એક જ મુદ્દો મૂકવાનો હોય છે—કે દેશની સ્વતંત્રતા આવે એટલા વાસ્તે પ્રથમ આર્થિક પરતંત્રતા દૂર થાય એવાં પગલાં ભરો.

નિખિલ : (અભિનયપૂર્વક) અને એ કેમ બને, શેઠજી?

નંદનંદન : (નિસાસો નાખી) એના અનેક ઉપાયો છે. આપણને અમલમાં મૂકતાં આવડવા જોઈએ.

સુરસાગર : દાખલા તરીકે ?

નંદનંદન : તમારાથી ક્યાં કશું આજાણ્યું છે ? ગરીબ બિચારાં નિરાધારોને આધાર આપવાની, એમને વસ્ત્રો ઓઢાડવાની અન્ન ખવરાવવાની...

નિખિલ : (આડું જોઈ, મનમાં) અને પાણી પીવરાવવાની...

સુરસાગર : સમજી ગયો. એમાં હું કઈ રીતે મદદરૂપ થઈ શકું ?

નંદનંદન : (જરા અચકાઇ) પૈસા આપી છૂટીને. (સહાનુભૂતિથી) આપના જેવાથી અમારી માફક જાહેરમાં ભાગ તો ઓછો જ લઈ શકાય છે ?

[નિખિલની નજર કરડી બની છે.

સુરસાગર : (નિરાશા દેખાડી) પણ હવે તો આવાં ગુપ્ત દાનમાંથી પણ શ્રદ્ધા જવા માંડી છે. માગનાર અનેક હોય અને આપનાર એક હોય ત્યારે માગનારા આપનારની સ્થિતિ કફોડી કરી મૂકે છે.

નિખિલ : (બળતરાથી) પણ એ પહેલાં ના ન સંભળાવી દઇએ ? — આપણે તે કાંઈ લુલાં–પાંગળાં માટે વૈતરૂં કરવા જન્મ્યા છીએ ?

નંદનંદન : (ખુબીથી) સાહેબ, દાકતર થઇને આપ આમ પૂછશો ?

નિખિલ (ન સાંભળ્યું કરી) 'રજા સિવાય અંદર આવવું નહિ' નાં થોડાંક પાટિયાં ચીતરાવો ને ?

સુરસાગર : (ધંધાદારી હાસ્યથી) તો ય આવનારાં આવવાનાં. પાટિયું એમની આંખ ખેંચે : પગ કાંઈ પકડી શકે ?

નિખિલ : તો પછી એવાં અણઘડ અંદર આવે એટલે આપણે બંગલાની બહાર નીકળવું — એમને જપ્તીદારો જાણીને.

[નંદનંદન સડક બનીને સાંભળ્યે જાય છે. એમનાપર આવો આડકતરો જુલ્મ કદી નહિ વરસ્યો હોય એટલું એમના ચહેરાપરની ચિંતાથી સ્પષ્ટ સમજાય છે.

સુરસાગર : (શાન્તિથી) મુરબ્બી, આ સર્વ તો સામાન્ય ચર્ચા છે. કશું તમારે ઓઢવાનું નથી. તમારે માટે તો મને પુષ્કળ માન છે; એ તમે ક્યાં નથી જાણતા ?

નિખિલ : અરે ! આટલા ઓછા પરિચયમાં મારામાં સુદ્ધાં લાગણીના ઉછાળા આવે છે !

[મતભેદના મુખારવિંદે નંદનંદન નિખિલ સામે નિહાળે છે.

નિખિલને ખાત્રી થઈ હોય છે કે નંદનંદન સાધારણ સજ્જન નથી.

સુરસાગર વળી સુલેહની શોધમાં પરોવાય છે.

સુરસાગર : (ગંભીર બની) મુરબ્બી! તમને નિરાશ નહિ કરૂં.

નંદનંદન : (હોંશથી) ક્યાં કોઈ દિવસ કર્યો છે ?

[નિખિલના હોઠ ફફડે છે.

સુરસાગર : હા; અત્યાર લગી મેં પાંચ, પંદર, પચીસ, પચાસ આપ્યા કર્યા છે. આજના અનેરા આનંદમાં આખરના સો ખુશીથી લઈ જાઓ.

નિખિલ : (ઉકળી) પણ કોના લાભાર્થે ?

સુરસાગર : જવા દો. મારે એ જાણવું નથી.

[ધર્મસંકટનો ભાર સહન કરતા હોય તેમ **નંદનંદન** સોની નોટ સ્વીકારે છે ને ગજવામાં સરકાવે છે.

નિખિલ : (સુરસાગરને) આની પહોંચ ?

સુરસાગર : (નિખિલને જ) ઈશ્વરને દરબાર.

[પટાવાળો ચા, દૂધ, ખાંડ, બિસ્કિટ વગેરેની ટ્રે સાથે પ્રવેશે છે. ત્રણેની જીભ તે તરફ વળે છે.

૨

[શેઠશ્રી **નંદનંદન** પોતાની બેઠકમાં બિરાજ્યા છે. અડખે, પડખે અને આંખો સામે મળીને ૮-૧૦-૧૨ છાપાં અને ચોપાનિયાં પડયાં છે. બબ્બે ચચ્ચાર મિનિટે એક ફેંદીને બીજું ઉપાડે છે. ટૂંકમાં કોઈનું મથાળું, કોઈની જાહેર ખબર, તો કોઈનાં કેવલ ચિત્રો જોઇ જતા હશે. એમ સહેજ અનુમાન થાય. છતાં કોઇનાં ‘જોઈએ છે’ વાંચતા હોય તોય કહેવાય નહિ.
આવી પળે **નિખિલ** પ્રવેશે છે. રોજનો **નિખિલ** તે આજનો **નિખિલ** નથી એમ ખુલ્લું વર્તાઈ આવે છે.

નંદનંદન : (સામા જતાં) પધારો, દાક્તરસાહેબ. મારો કાગળ — એટલે કે માણસ — મળેલો કે ?

નિખિલ : આપ જેવાને મારી શી જરૂરત પડી ?

નંદનંદન : વાહ ! કેવું અપમાન કરો છો ? અમારે તો સૌનો ખપ પડે. પછી સૌને જેનો ખપ પડે એવા દાક્તરોથી તો દૂર ક્યાંથી રહેવાય ?

નિખિલ : હાજી. તમારે શરીર રહ્યું એક અને કામને બોજો રાખો હજાર જણનો. પછી તબિયત કેટલુંક કહ્યું કરે ?

નંદનંદન : (પ્રશંસાથી) હવે સમજ્યા, મારા સાહેબ.

[નિખિલ અંદરના ખીસાને બહારથી સંભાળે છે.

ગજવાં સમાલો છો તે રસ્તામાં કાંઈ પડી તો નથી ગયું ને ?

નિખિલ : ના રે ના. ઉલટું કશુંક જડતું જણાય છે.

[નંદનંદનનું દિલ પાછું પડે છે.

મેં કહ્યું તે તમારાથી તરત સમજાય એવું નથી. (જરા નમી) જુઓ; કાલે મારાપર એક પત્ર આવેલો. ત્યારે તમે ખૂબ સાંભર્યા હતા.

[નંદનંદન આશ્ચર્ય અનુભવે છે.

એટલે આજે તમે મને બોલાવ્યો ન હોત તો ય મારે તમારી સેવામાં આવવું પડત.

નંદનંદન : (મનમાં) આ તે બોલે છે કે બબડે છે ? આનાથી મારૂં શું દળદર ફીટવાનું ? (સમયસૂચક ચાતુર્યથી, પ્રકાશ) પણ આજે આપ આવ્યા ત્યારના અસ્વસ્થ કેમ જણાઓ છો ? (હાસ્યથી) કશી આફત તો નથી આવી પડી ને ?

નિખિલ : (ભારે ખમ રહી) તમે છો ત્યાં સુધી...

નંદનંદન : (ગાંભીર્યથી) તમને આમાં પણ માઠું લાગ્યું ? તો એ પ્રશ્ન પડતો મૂકીએ. (જરા વિચાર પછી) તમે પેલા પત્રનું શું કહેતા હતા ?

નિખિલ : (ચીડથી) વળી એને સંભાર્યો ?

નંદનંદન : (શબ્દો પાછા ખેંચતા હોય તેમ) તો તો તમેજ વો વિષય છેડો.

[ઘડીભર મૌન ચાલે છે. દરમિયાન બંને એકમેક સામું છાનુંછૂપું જોયા કરે છે. પછી —

નિખિલ : મુરબ્બી, બીજું બધું જહન્નમમાં જાય : જેને માટે તમે મને બોલવ્યો હતો તે પહેલું પતાવીએ. બોલો; તમારે શરીરે શું વરતાય છે ?

નંદનંદન : (મોં બગાડી) એક તો સાજા નહિ : એમાં વળી તબિયત નરમ.

નિખિલ : ખાસ કશું ?

નંદનંદન : ખાસ કશું નહિ : બાકી શરદીની અશક્તિ ખરી.

નિખિલ : (કંટાળી) તો તો દ્રાક્ષાસવ લેજો ને ? સ્વદેશીનો તમારો શોખ સંતોષાશે.

નંદનંદન : (મનમાં) ઠીક થયું. કદાચ આમાંથી જોઈતી વાત ઉપર અવાશે. (પ્રકાશ) સાહેબ, દ્રાક્ષાસવની મારી ના નથી. પ...ણ, (પાસેનું કબાટ ઉઘાડી, એક બાટલી ચીંધી) આ વધારે ગુણકારી નહિ ?

નિખિલ : (જરા ચમકી) અરે ! ઉત્તમ. એક્શો એ દ્રાક્ષાસવનું જ અંગ્રેજી રૂપ છે ને ? મને એમ કે તમને તેનો બાધ હશે. બાકી મનમાં એજ રમતું હતું.

નંદનંદન : (મનમાં) સીધું ઉતરશે એમ લાગે છે. (પ્રકાશ) દાક્તરસાહેબ, શરીર પહેલું. એ હશે તો વેઠ થશે.

નિખિલ : (એકમત માફક) ખોટું નથી.

નંદનંદન : (મનમાં) લાગ લેવા જેવો છે. (પ્રકાશ)

નિખિલરાય, દાક્તર સાહેબ ! મારે પ્રવૃત્તિઓ પારાવાર રહે છે, દેશદેશની લડાઈઓના રંગ, વેપારરોજગારની ચડઉતર, એકાદ પ્રાંતમાં વરસાદ ન પડવાને અંગે તો બીજા પ્રાંતમાં વરસાદ બહુ પડવાને અંગે આવતા દુકાળ, ધરતીકંપના આંચકા, હિન્દુ મહાસભા, હિન્દી કૉંગ્રેસ, લાલ–લીલાં–ભૂરાં–કાળાં ખમીસવાળાઓ, વસ્ત્ર વિનાનાં શ્રમજીવીઓ — એક ઉપાધિ પૂરી થાય એ અગાઉ તો બીજી આવીજ હોય ! આ બધું કહી બતાવવું એ તો ખોટું...

નિખિલ : (ટોળથી) ના, ના. એમાં તમે શું ખોટું બોલ્યા ? સઘળું સાચું વર્ણન છે.

નંદનંદન : (જરૂર જોગું હસી) એટલે ઘણી વાર એવું બને છે કે મુસાફરી કરતાં કરતાં હું થાકીને લોથ થઈ જાઉં છું. તેવે ટાણે આનાં પાંચથી માંડીને ફાવે તેટલાં ટીપાં મને અજબ સ્ફૂર્તિમાં આણી દે છે.

નિખિલ : (સંમતિથી) અનેકનો એવો અનુભવ હોય છે.

નંદનંદન : (ખુશ મિજાજથી) એ તો તમે જાણો. (સિદ્ધાંત સમજાવતા) સાચું પૂછો તો જાત જાતની રખડપટ્ટી અંગે આ ટીપાંની મને વ્યસન જેટલી ટેવ પડી ગઈ છે.

[નિખિલ મીઠી નજર માંડે છે.

(એથી ઉમંગમાં આવી) અરે ! ભલા સાહેબ, સેવક તો ત્યાં સુધીનો માનનારો રહ્યો કે તબિયત ખાતર દેશવટો ભોગવવો પડે — એટલે કે વિલાયતના વાયરા ખાવા પડે — તો તેમ પણ કરી છૂટવું. જ્યાં બીજો ઇલાજ જ નહિ ત્યાં મમત કરીને કામ શું ?

નિખિલ : એટલું કરો તો તો શરીર રાતી રાણ જેવું બને.

નંદનંદન : (સંતોષથી) પણ મારા મહેરબાન ! મારી વાત તો અતિ લાંબી છે. વળી આજને આજ નક્કી કરાય એટલી

...દીસીધી પણ નથી. એટલે હવે તમે તમારૂં કામ કહો, (હસવાની મહેનત કરતાં) એવું તે શું ફૂટી નીકળ્યું છે કે જેના વાસ્તે તમારે નહિતરે અહીં આવવું પડત ?

નિખિલ : (બીન જવાબદારીથી) ગરજનો માર્યો ઉંટ ઉકરડે પણ જાય.

નંદનંદન : (સતત હાસ્યથી) જતો હશે. એમાં આપણે શું કરીએ ?

નિખિલ : (અણધારી ગંભીરાઈથી) ન જવા દઈએ.

નંદનંદન : (મોં મચકોડી) તમે વ્યંગમાં ન બોલો. હું તે કાંઈ કવિ, કે લેખક, કે ફિલ્સુફ છું ?

નિખિલ : (ઠંડકથી) ખરૂં પૂછો તો હું તમારી સાથે લડવા આવવાનો હતો. છો તૈયાર ?

નંદનંદન : (તરત) ના રે ભાઈ. મારાથી લડાયે નહિ: તમને લડવા દેવાયે નહિ.

નિખિલ : હું કાંઈ કુસ્તીનું નથી કહેતો. પણ થોડોક ઠપકો આપવાની ફરજ મારે માથે આવી પડી છે.

નંદનંદન : કાંઈ કારણસર ? — કે માત્ર શોખની ખાતર ?

નિખિલ : (ગરમીથી) કારણ વગર તો કુતરાંયે ભસતાં નથી.

નંદનંદન : (નમ્ર વિરોધથી) પણ તમે મૂળ વાત કહેતા નથી અને નકામનાં સનાતન સત્યો શા મેળનાં ઢોળી નાખો છો ?

નિખિલ : (ઉકળી જઈ) એ વાત નથી : વિતક છે. (મૂઠ્ઠી ભીસી) એ જો અત્યારે હાથમાં આવે તો એની સુસ્તી બગાડી નાખું.

નંદનંદન : પણ કોની ?

નિખિલ : (શાંત થઈ) એજ કહેવું રહી ગયું, કેમ (ગળે હાથ લઈ જઈ) સાંભળો.

[નંદનંદન સાંભળવાની તૈયારી દેખાડે છે.

એક જુવાન છે.

નંદનંદન : (હોંકારા જેમ) હુંઅ.

નિખિલ : એને મા–બાપ છે, સ્ત્રી છે, છૈયાં – છોકરાં છે.

નંદનંદન : (મનમાં) એ તો ઘણાખરાને હોય છે.

નિખિલ : એણે ભણવું છોડી દીધું છે: રળવું શરૂ નથી કર્યું.

નંદનંદન : (મનમાં) એવાય અનેક રખડે છે.

નિખિલ : પત્ની, કુટુંબ, જ્ઞાતિ, ગામ વગેરે બધું ભૂલીને ભાઈ ભમતા ફરે છે.

નંદનંદન : (અશ્રદ્ધાથી) સાચું કહો છો, દાક્તરસાહેબ?

નિખિલ : (સખ્તાઈથી) ત્યારે શું કલ્પનાભોમમાં ઘોડદોડ રમું છું?

નંદનંદન : પણ એવું તે હોય કોણ?

નિખિલ : ઢોંગ જવા દેજો, મારા મહેરબાન.

નંદનંદન : (ઉંચા થઇ) એટલે?

નિખિલ : કાલે જ મને પત્ર મારફત ખબર મળ્યા કે એ શાહુકાર તો આપ નામદારની સેવામાં ઘૂમે છે!

નંદનંદન : (ઉંડા આશ્ચર્યથી) મારી?

નિખિલ : બીજા કોઈની નહિ. કોઈ અવિનાશને તમે ઓળખો છો?

નંદનંદન : (તીખી, નીચી નજરે) હા. મારો મંત્રી.

નિખિલ : ત્યારે એજ એ. એ બંદા બે-પાંચ હજાર ઘરમાંથી ઓછા કરીને નીકળી પડેલા. પાછળથી એનું અને એ રકમનું જે થયું હશે તે તમે તો સારી રીતે જાણતા હશો.

નંદનંદન : (સ્વસ્થ થઈ) ન બને. એ તો આવ્યા ત્યારે કહેતા હતા કે પોતે ભણે છે, પરણ્યા નથી, રજાઓ પડી છે એટલે કેટલુંક કામ શીખવા ચાહે છે.

નિખિલ : (તીખાશથી) પણ એટલું તો આપઅક્કલથી વિચારવું હતું કે વિશ્વમાં એવું કયું વિદ્યાલય છે કે જે વરસમાં બારે મહિના બંધ રહે છે?

નંદનંદન : (આક્ષેપ અસહ્ય લાગતાં) નિખિલરાય, મને માફ કરજો. વકિલાત શિખ્યા છતાં, વાદવિવાદમાં હું તમારા જેવો અઠંગ ઉસ્તાદ નથી. (થાકી જઈ) પણ હવે મારી વાત સાંભળશો કે નહિ?

નિખિલ : (ઠાવકાઈથી) જરૂર.

નંદનંદન : અવિનાશ માટે હું સાચેજ દિલગીર છું. તમારે તેને પાછો ન લઈ જવો હોય તો ય હું એને અહીં વધુ વાર સંઘરૂં એમ નથી.

નિખિલ : પણ હું તો એને અત્યારેજ તેડી જવા માગું છું, તેનું કેમ?

નંદનંદન : (સમજાવટથી) એટલા અધીરા થવાની શી જરૂર? ચાર માસ ચાલ્યા ગયા તો ચોવીસ કલાકમાં શું ખાટું-મોળું થવાનું છે? આવતી કાલે હું જાતે આવીને તમારે ત્યાં પહોંચાડી જઈશ. તો પછી?

નિખિલ : (વિચારી) ભલે. એમ કરજો.

નંદનંદન : (શાન્તિથી) ને હવે હું કહું તે સાંભળો— જેને માટે મેં તમને તેડાવ્યા હતા. કેટલોક અંગત ઇતિહાસ કહેવાનો છે—જે તમારા ધંધાના ધર્મ પ્રમાણે ખાનગીજ રાખજો.

નિખિલ : જરૂર.

નંદનંદન : (ગજબ ગાંભીર્યથી) મારે હજુ જીવવું છે.

[નિખિલથી આછું એવું સ્મિત થઈ જાય છે.

પરંતુ અત્યારની પરિસ્થિતિમાં એ અઘરૂં બન્યું છે. મગજપર હિમાલયનો ભાર ભર્યો છે. સૌ ઓળખીતાં પાળખીતાં દૂર દેશાવરની સલાહ આપ્યા કરે છે. પણ આસપાસની જંજાળો ક્યાં જલ્દી છૂટવા દે એમ છે?

નિખિલ : તો પછી ધાર્યું છે શું?

નંદનંદન : (ખૂબ ખાનગીમાં) બધાં બજાર એવાં બેસી ગયાં છે કે આબરૂની આજુબાજુ જાણે અસિ ફરી વળ્યો છે. પરંતુ તેમાંથી અદ્ધર ઉડી નાસવાનો ઉપાય મેં શોધી કાઢ્યો છે. તમે નબળી, ગંભીર તબિયતનું પ્રમાણપત્ર આપો તો કામ થઈ જાય. એને આધારે બે રોજ છાપાંમાં હોહા કરાવું અને સહાનુભૂતિનું વાતાવરણ જામે કે તરત રસ્તો પકડું.

નિખિલ : હું તો મને લાગશે એવું સર્ટિફિકેટ જરૂર જ આપીશ. તમે જાઓ એમાં પણ મારી ના નથી. પણ પરદેશમાં એકલા અનાથાશ્રમો નથી હોતા એટલું લક્ષમાં રાખજો. પૈસાનું...

નંદનંદન : એટલી પ્રભુકૃપા છે. પુણ્ય પરવાર્યું નથી.

નિખિલ : તો ક્યાં કોઈની મંજૂરી માગવાની રહે છે? કરો તૈયારી.

નંદનંદન : (ઉમળકાથી, મનમાં) ફાવ્યો. (ઉત્સાહથી, પ્રકાશ) ત્યારે લખી આપો, મારા મહેરબાન. આપનો સદા ઋણી રહીશ.

[નંદનંદન કાગળ વગેરે એકઠું કરવા માંડે છે.

નિખિલ : (અદબ વાળી) પણ મને નાડ તો બતાવશો કે નહિ ?

[જાણે વજ્રપાત થયો હોય તેમ નંદનંદન સુમસામ બને છે.
નિખિલ એ નીરખ્યા કરે છે.

૩

[અવિનાશ ગીત ગાતો નજરે પડે છે.

અવિનાશ : પ્રિયતમ **ભા**રતમાત,
અમારી પ્રિયતમ **ભા**રતમાત;
જુગજુગની વિખ્યાત,
અમારી પ્રિયતમ **ભા**રતમાત.

[કોઈ પ્રવેશ્યાનો વહેમ પડતાં એ ગાવું અધુરૂં રાખે છે. જૂએ છે તો હસતા-મલકતા નંદનંદન જડી આવે છે.

(પ્રણામ કરી) પધારો. હું આપનું જ બનાવેલું ગીત ગાતો હતો.

નંદનંદન : (મનમાં) ઓહહો ! એક કાળે હું કવિતાય કરતો હતો ! (નિરાશાથી, પ્રકાશ) તું મારા વિચારોનું ગુંજન કરે છે: બીજા મારી પ્રવૃત્તિઓ પર પાણી ફેરવવા મથે છે.

અવિનાશ : (બેપરવાઈથી) કોઈ કમઅક્કલ હશે.

નંદનંદન : અથવા તો એની આગળ આપણી અકકલનું એવું હશે.

અવિનાશ : (અતિશય આશ્ચર્યથી) તમે આટઆટલા નિરાભિમાની ક્યારથી થઈ ગયા ?

નંદનંદન : કાલે એક એવો ગુરૂ મળ્યો કે જેના સમાગમે જીંદગીનું અભિમાન ઓગળી ગયું,

[અવિનાશને પ્રશ્ન નથી સુજતો.

તારે ય તેને ઓળખવો પડશે. ત્યારે તને શું થશે; ને શું નહિ થાય; તે હું હમણાંથી નથી કહી શકતો — કે નથી કલ્પી શકતો.

અવિનાશ : (મોં બગાડી) તો એવી વાત વહેતી મૂકો. જે કાળે જે માંડ્યું હશે તે થઈ રહેશે. અત્યારથી એના ઉચાટ શા ?

નંદનંદન : (ડોકું હલાવી) હા; હાલ તરત માટે એટલું આશ્વાસન બસ છે.

[બંને વિચારવમળમાં પડે છે: ફરક ફક્ત એટલો કે નંદનંદનના ચહેરા પર ચિંતાની જે રેખાઓ તદ્દન સ્પષ્ટ દેખાય છે તેનું અવિનાશના અંગમાં નામ-નિશાન નથી.

(દુઃખથી) **અવિનાશ,** ટૂંક મુદતમાં પણ તેં મારી અદ્દ્‌ભુત સેવા ઉઠાવી છે. એમ કહું તો ય ચાલે કે તારાં નાણાં ઉપર મેં તાગડધીના કર્યા છે.

અવિનાશ : ભલે.

નંદનંદન : અવિનાશ, મેં તારાથી એકે અક્ષર કદિ છૂપાવ્યો નથી. મારી ટપાલ તું ફોડે છે, મારા ઉત્તર તું વાળે છે. ટૂંકમાં મારી બાબતમાં હું નથી જાણતો એટલું તું જાણે છે.

અવિનાશ : પણ તેમાં તમે નવું શું કહો છો ?

નંદનંદન : ઠીક સંભાર્યું. કેટલુંક નવું પણ કહેવાનું છે: ને કહેવાનો છું.

અવિનાશ : કહેવા લાગો.

નંદનંદન : ઘરબાર છોડી તું અહીં આવ્યો અને મેં તને આશરો આપ્યો.

અવિનાશ : (કંટાળાથી) આ હકીકત જૂની થઈ ગઈ છે.

નંદનંદન : વારુ. પરંતુ ફરી એ તાજી બની છે. જે સદ્‌ગૃહસ્થની મેં તને ઘડી પહેલાં વાત કરી એમનો એમાં હિસ્સો છે. તું અહીં છે એમ એમને અફવા મળી કે તરત તને તેડવા ધસી આવ્યા.

અવિનાશ : (ચીડથી) ને તમે એમને ધક્કેલી ન મૂક્યા?

નંદનંદન : (ધીમે ધીમે) એક વાર એને જોજે, પછી વાતો કરી જોજે, બને તો વિવાદમાં ઉતરજે અને પછી મને કહેજે.

અવિનાશ : (ચિંતાથી) પણ ત્યારે તમે કર્યું શું?

નંદનંદન : વચલો માર્ગ લીધો. વચન આપ્યું કે અવિનાશ પોતે પાછો...

અવિનાશ : (રૂઆબથી) ને હું નહિ જાઉં તો?

નંદનંદન : (સજ્જડ સરલતાથી) હાથ પકડી ખેંચી જશે.

[અવિનાશને ભાન આવે છે.

(નિરાકરણની શાન્તિથી) એટલે આપણો હિસાબ સમજી લઈએ. જે કાંઈ ગોસમોટાળા થયા–કર્યા હોય તેનાપર સફેદ ચાદર બીછાવી દઈએ. પછી તું તારે રસ્તે: હું મારે માર્ગે. આપણો વ્યવહાર, વેપાર પૂરો થયો.

[અવિનાશની ચૂપકીદી ચાલુ છે.

(એને ખભે હાથ મૂકી) અવિનાશ, અવિનાશ! કેમ કશું જ બોલતો નથી?

અવિનાશ : શું બોલું? બોલવા જેવું શું રહ્યું છે? આવા એકાએક પરિવર્તનનો અર્થ મને સમજાતો નથી.

નંદનંદન : પણ મને સમજાય છે: ને તું મારામાં શ્રદ્ધા રાખ.

[અવિનાશ શાન્તિથી શીર નમાવે છે.

ભાઈ, જા. લેણદેણ રજુ કર. હાથીના દાંત જેવા, કેટલાયના તો બબ્બે ચોપડાઓ જોઈ જવા પડશે.

[અવિનાશ હળવા ડગે અને નીચા મોંએ બહાર જાય છે.

(કપાળે આંગળાં કૂટી) હું તે કેવો છું!

[મનની મુંઝવણ સહન ન થતાં વિચાર-શૂન્ય સ્થિતિમાં એઓ આમતેમ લટાર લે છે. કંઈક નવીન તરંગ સ્ફૂર્યો હોય તેમ જરા વારે એઓ ચમકે છે.

હું કેમ ભૂલ કરૂં છું? નિખિલે ભલે પ્રમાણપત્ર ન આપ્યું. કોઈ બીજાને પીગળાવવો પડશે એટલું જ ને?

[વિચાર લંબાવે છે.

ના; એ નહિ અનુકૂળ આવે. તો દીલચાલ ખાનગી નહિ રહે. ને જાહેર થાય એ પરવડે એમ નથી.

[નંદનંદન હથેલી ઘસે છે.

(શ્વાસ લઈ) એક આશા છે. હું ખરેખર માંદો પડું તો? માણસને મરતાં આવડે છે તો મને માંદા પડતાં નહિ આવડે?– તો પછી નિખિલને કયો વાંધો નડશે?

[હસી લે છે.

(ઉમંગભર) ને પછી ઉદ્ધાર! (જરા શાન્ત પડી) આમ વિદાયગીરી લેવામાં જ માલ છે. નહિતર વળી...

[અવિનાશ આવતાં વાક્ય અધુરૂં રહે છે.

કેમ; લાવ્યો બધું?

અવિનાશ : હા; બાપુ.

[નંદનંદનના ચરણ આગળ અવિનાશ ચોપડાઓ રજુ કરે છે.

નંદનંદન : નજર ફેરવી ગયો ? — કેટલા પાણીમાં છીએ ?

અવિનાશ : આપણાથી વધારે ઉંડા.

નંદનંદન : ત્યારે શું ડૂબી મરવું જ બાકી રહ્યું છે ?

[અવિનાશ જીવનની ભયંકરતા અનુભવે છે.

(આશ્વાસન અર્થે) એમ ત્રાસ ન પામ. બનશે તો તરીને પાર ઉતરશું.

અવિનાશ : (હળવેથી) મને એની શંકા છે.

નંદનંદન : (હિંમતથી) શંકા ? શંકા આપણને હોય કે આપણે શંકાને હોઈએ ?

અવિનાશ : વસ્તુસ્થિતિ જાણશો એટલે પછી આવા પ્રશ્ન ઉડી જશે.

નંદનંદન : (આશ્ચર્ય, અભિમાન અને આનંદથી) તોફાની, મ કહ્યું હતું એ મને જ પાછું સોંપ છ ?

[દુઃખ વચ્ચે ય બેઉને આમ હાસ્યનો લગીર અવકાશ મળે છે.

અવિનાશ : બાપુ, બાબત એમ બની છે કે ભરતરામ બહાર આવીને બેઠા છે — તપ કરતા હોય તેમ. (ફુલાઈને) એમણે મને સાદ પાડ્યો પરંતુ તે ન સાંભળ્યો કરી હું આવતો રહ્યો.

નંદનંદન : (ઝીણી આંખો કરી) ભરતરામ ? પેલા 'ભારત-ભાગ્ય'ના તંત્રી, મુદ્રક ને પ્રકાશક કે ?

અવિનાશ : એ જ. આપણી હાલતથી કોઇકે એને ભંભેર્યો જણાય છે. આજકાલ ઉપરાઉપરી એની ઉઘરાણી આવ્યા કરે છે.

નંદનંદન : એનું છે શું ?

અવિનાશ : અગાઉ આપણે વખતસર રકમ ભરી દેતા એ સારી રીત હતી. પછી પાછળથી તો આપણે મુદત પાડતા ગયા અને દેવું વધતું ચાલ્યું ! આજ જોઉં છું તો રકમ (હથેળી બને તેટલી પહોળી કરી) ચાર આંકડા સુધી પહોંચી ચૂકી છે !

નંદનંદન : (આવેશમાં આવી) પણ શા ખાતે ?

અવિનાશ : એમ કેમ ભૂલાય ? તમારી છબીઓ છાપી, ગુણગાન ગાયાં; હિન્દુસ્તાનના ફોર્ડ અને રોકફેલર તરીકે તમને લેખાવ્યા; બિચારાથી થાય એટલું પ્રચારકાર્ય કર્યું...

નંદનંદન : (તોછડાઈથી) બિચારો શાનો ? — તું કહેતો હતો ને કે બધા બ્લોકો તો આપણે પૂરા પાડ્યા હતા ? — ને વખાણ ક્યાં મફત કરાવ્યાં છે ? જેટલાં પાનાં આપણા પાછળ ખરચ્યાં હોય તેનો, જાહેર ખબર લેખે, ભાવ આપણે નથી આપ્યો ?

અવિનાશ : કબૂલ કર્યો છે, આપ્યો નથી.

નંદનંદન : તો...

અવિનાશ : એ જ મોટી મુશીબત છે ને ? એટલાં નાણાં કાઢવાં ક્યાંથી ? તિજોરી તળિયું બતાવે છે ! થોડું થોભી જવા કહું છું તો રીતસર અદાલતની ધમકી આપે છે ! માણસ આટલું જલ્દી જનાવર બની શકતું હશે એની મને ખબર નહોતી.

[લાંબા વખત સુધી નંદનંદન ગંભીર વિચાર ચલાવે છે.

નંદનંદન : પણ એનું કારણ આપણે છીએ. તારી વાત સાચી છે— જ્યારે હું પણ મને નહોતો ઓળખતો ત્યારે તેણે મને વિશ્વવિખ્યાત લેખે ખપાવ્યો હતો. મારૂં નાનું શું જીવનચરિત પ્રસિદ્ધ કર્યું હતું. તેમાંય એણે પોતાની કલ્પનાને

ખૂબ ફસી હતી. એનું 'ભારતભાગ્ય' ન હોત તો લોકની આંખમાં ધૂળ કોણ આંજત ?

અવિનાશ : (મોળા મનથી) તમે હાલમાં એવા નરમ બની ગયા છો કે શયતાનમાંથી પણ સંત શોધો છો ! બાકી 'ભારતભાગ્ય' ન હોત તો, પહેલું તો, એને જીવવું આકરૂં ન પડત ?

[અવિનાશની હાજરસવાલીથી નંદનંદન મુગ્ધ બને છે; પણ મહાત નથી થતા·

નંદનંદન : અવિનાશ, તારા પ્રશ્નનો પ્રત્યુત્તર હું નહિ વાળું. (ગળે હાથ ફેરવી) એક કામ કર. ભરતરામને અંદર આવવા દે. અત્યાર લગી એમને બહાર બેસારી રાખ્યા એ ભૂલ કરી. એનું જીવન ગમે તેના પર હો; મારૂં જીવન એના પર હતું એજ આપણા ઉપયોગનું છે.

[અવિનાશ જાય છે.

(વેદનાથી) આત્મા ! થાકયો છું. (જમણા હાથની હથેલીપર નજર માંડી) ખૂબ ખેલ ખેલ્યા ! સ્વદેશી સાહસોને નામે નાણાં એકઠાં કરી શેરસટ્ટા કર્યા ! (ચારે દિશામાં હાથ હલાવી) દુનિયાનો એકે રંગ અજાણ્યો ન રાખ્યો. એક જીંદગીમાં અનેક જીવન જીવી લીધાં ! (ઉંચા હાથે) ઈશ્વર ! એકલો તું બધું જાણે છે !

[નંદનંદનનું ગળું ભરાય છે. ભીંજએલી આંખોને એ રૂમાલવતી લૂછી નાખે છે.

પણ હવે ?—મુક્તિનો માર્ગ જ નહિ હોય ?— (ધીરે ધીરે) હશે, હશે, છે જ.

[અવિનાશ આવે છે.

એકલો કેમ ?

અવિનાશ : (હસી) થાકીને—કદાચ કંટાળીને ભરતરામ પાછા ચાલ્યા ગયા ! સારૂં થયું.

નંદનંદન : ના; **અવિનાશ**, ખુરૂં થયું. આમાં હું અપશુકન અનુભવું છું. આપણી — ભિખારીદાસની એટએટલી શાહુકારી કે લેણદારનાં આવાં અપમાન કરીએ ?

[**અવિનાશ** શરમાય છે.

(થોડા થોડા શબ્દે વિરામ લેતાં) બીજું કશું નહિ. આપણી બુદ્ધિનો બગાડ વધી ગયો છે. પર્વતની શાન્તિથી જનતા ભોળવાતી આવી છે. હજુ યે ભોળવાય એમ છે. પણ એટલું માનજે કે ક્યારેક જો જ્વાળામુખી ભભૂક્યો તો એમાંથી જ ભભૂકશે. ને એ સમય, આપણે નચિંત રહીએ એટલો, દૂર નહિ હોય. રોજ ને રોજ, પાસે ને પાસે, એ આવે છે. આજે હસવું નહિ મૂકીએ તો કાલે રોવાનું રહેશે !

[**નંદનંદન**થી આગળ બોલાતું નથી.

અવિનાશ : **નંદન**જી, બાપુ, સઘળું સમજાયું. તમે કહો છો એટલે હું તો પાછો ચાલ્યો જઇશ. પણ પછી આપનું શું ?

નંદનંદન : (શાંતિથી) મારૂં ? — હું પરદેશ પહોંચી જઇશ.

અવિનાશ : અને પાછા ક્યારે વળશો ?

નંદનંદન : એવું કશુંજ આકર્ષણ નથી રહ્યું.

[આશ્ચર્ય અને એકરારનું તારામૈત્રક જામે છે. અન્તે **અવિનાશ**ની આંખમાંથી ટીપાં ટપકે છે, **નંદનંદન**ના ગાલપરથી રેલા ઉતરતા હોય છે.
ત્યાં ક્રોધથી ધખતા પગલે **સર સુરસાગર** અને ડૉક્ટર **નિખિલ** પ્રવેશે છે.

નિખિલ : (**સુરસાગર**ને) સાહેબ, પણ મારી અક્કલ તો કહ્યું નથી કરતી. આવી અટપટી ગુંચ ઉકલશે શી રીતે ?

સુરસાગર : (વક્ર હાસ્યથી, **નિખિલ**ને) આપણા જેવા વાસ્તે આ અઘરી, અસાધારણ, અસહ્ય સ્થિતિ છે. બાકી જે ખટપટી

મગજ આવી લેવડદેવડથી ટેવાઈ ગયાં છે એમને મન તો આ સરલ, સહજ વાત હશે. જેને પારકાંના અજ્ઞાનપર જીવવું છે એને ક્યાં કોઈની ફિકરચિંતા રાખવાની હોય છે? જૂઠું બોલતાં, આક્ષેપ ઉચ્ચારતાં, ગાળો ભાંડતાં, સ્વાર્થ સાધતાં અને ડરવાનું કોનાથી ?

[સુરસાગર ને નિખિલ વારાફરતી નંદનંદન ને અવિનાશ સામું જોયા કરે છે. ત્રાસદાયક ચૂપકીદી ચાલતી હોય છે.

નિખિલ : (અવિનાશ પર નજર ઠારી) આ મહાશય કે?

[નંદનંદન ના નથી પાડતા.

નંદુશેઠજી, તમારૂં કાલનું વચન ક્યાં ગયું? તમારો વિચાર, વાણી અને વર્તન વચ્ચેનો વિરોધ તમને કેવા ભયંકર ખરાબે અફાળશે તેનું સ્વપ્નું સુદ્ધાં નથી આવતું ?

[અવિનાશમાં ગભરાટ ફેલાય છે.

નંદનંદન : (લાચારીથી) અવિનાશ આવતો જ હતો.

અવિનાશ : (જેમતેમ) હિસાબ સોંપી હું નીકળતો જ હતો.

સુરસાગર : (ગરમીથી) નિખિલરાય! મોટી મહોંકાણે જડબું ફાડ્યું છે ત્યારે નાની નજીવીને મહત્વ કાં આપો છો?

[નંદનંદન અને અવિનાશને ફાળ પડે છે.

અવિનાશ, હિસાબી હશો એ કબૂલ રાખું છું; પણ અત્યારે જરા બહાર જશો? નંદનંદનનો મારે ખાનગી ખપ છે.

નંદનંદન : સાહેબ, એ ભલે રહ્યો. એનાથી અંગત મારે કંઈ નથી.

નિખિલ : (કરડી જીભે) કાં તો રહસ્યમંત્રી હશે!

સુરસાગર : (નંદનંદનનો ખભો પકડી) બાપુ! ક્યાં સુધીનો

ગોટાળો ? લોકનાં નાણાંને હજમ કરતાં પહેલાં હિમાલય ન સાંભર્યો ? ભરતરામની ચળવળ અંગે તમારી પાછળ વારંટ નીકળ્યું છે ! ફોનથી મને ખબર મળી કે મોટર દોડાવતો આવ્યો. માર્ગમાં નિખિલ મળ્યા તો એમની યે અજબ ફરિયાદ ! બધું માંડ્યું છે શું ?

અવિનાશ : (અડધું ધ્રૂજતાં) સાહેબ, શું થશે ?

સુરસાગર : કાયદો કરશે એ.

[બહારથી કોલાહલ સંભળાય છે.

અવિનાશ : (ત્રાસથી થરથરતાં) આવ્યા !

નિખિલ : (તીક્ષ્ણતાથી) ભલે પધાર્યા.

[બે-ચાર અમલદારનું અને ચાર-આઠ છોકરાઓનું ધાડું દાખલ થાય છે. સુરસાગરને દેખતાં અમલદારવર્ગ ટાઢો પડે છે; છતાં એક સીપાઈથી બેડીનો ખખડાટ થઇ જાય છે.

સુરસાગર : (ઉપરી અમલદારને) શેખસાહેબ, બેડીની જરૂરત નથી. અમે સાથે છીએ.

શેખસાહેબ : (સુરસાગરને) જી, નામદાર. (સિપાઈ સામે ડોળા તાણી) રહેને દો, મિયાં.

[પાછી ચૂપકીદી ચાલે છે એટલે નંદનંદન આગળ પગલાં ભરે છે. પાછળ સુરસાગર, નિખિલ અને અવિનાશ ચાલે છે. બાકીનાં બધાં એમને અનુસરે છે.

શરતના ઘોડા

૧

[નીલકંઠરાયના વડીલો એટલે એક એકને ટપ્પે મારે એવા અઠંગ મુત્સદ્દીઓ. એમના દાદાના દાદાએ એક પૈસેટકે ભર્યાભંડાર જેવા રજવાડામાં પૂરાં પચીસ વર્ષ લાગલાગટ દિવાનગીરી ભોગવેલી. એમના વેલામાંથી ઝાઝે ભાગે કડવાં ફળો ઉતર્યાં હતાં. એમાં નીલકંઠરાયના દાદા અપવાદરૂપ હતા. એમની મીઠાબોલી જીભ હરેકને મહાત કરતી. ક્યારે અને શા કારણથી એની કોઈને ખબર નહોતી; પણ રાજા જોડે તેઓ એક વાર શિકારે ગએલા તે પાછા ફરતાં બે ગામડાંનો ભોગવટો લેતા આવેલા.

નીલકંઠરાયનો વ્યક્તિગત વિચાર કરીએ તો એમની કોડીની કિંમત નહોતી. પરંતુ વારસામાં મળેલી રકમ અને આબરૂને અંગે એ પહોળી છાતીએ ફરતા હતા.

નીલકંઠરાયને, જેવા સૌને હોય છે એવા, ખુશામતિયાનો એક ઉમદા નમૂનો ચન્દન હતો. દિવસના ચાર કપ ચા અને આઠ પાનની ખાતર એ જોઈએ તેટલી ભાટાઈ કરી શકતો.

નીલકંઠરાય : (પાનને ચૂનો ચોપડતાં) પણ ચન્દુ, પેલા ભોપાને તેં કાગળ તો લખ્યો છે ને ?

ચન્દન : (કાથાની ડબી ધરી) અરે ! એમાં તે ભૂલ હોય ? (ચપટી વગાડી) આ પાંચ મિનિટમાં તાર આવ્યો જાણો. ભૂપેન્દ્રભાઈનું કામ મોળું ન માનશો.

નીલકંઠરાય : અને ઉમાનો નંબર તો બરાબર લખ્યો હતો ને ?

ચન્દન : ચોકસ. આઠ હજાર, એક સો, ચાર. મને મોઢે છે.

નીલકંઠરાય : તો તો સારૂં. હુંઅ. (મનમાં સરવાળો કરતાં) આઠ હજાર, એક સો, કેટલા ?

ચન્દન : ચાર.

નીલકંઠરાય : માર્યા. ચન્દુ ! તેર સરવાળો થયો ! અપશુકન !

ચન્દન : હોય નહિ, નીલુભાઈ. અપશુકન અણુઘડને હોય. ઉમાનાથભાઈ જેવું તો એમના વર્ગમાં કોઇ હોશિયાર નથી. પ્રાણુલાલ હેડમાસ્તર મને કહેતા હતા.

નીલકંઠરાય : (નિરાંતથી) ત્યારે વાંધો નહિ.

ચન્દન : અરે ! વાંધો કેવો ? અને તેરના આંકડાના અપશુકન તો સાહેબલોકોને નડે.

નીલકંઠરાય : ખરૂં કહ્યું, ચન્દુ. (ખી ખી કરી) આપણે ક્યાં અંગ્રેજના બચ્ચા છીએ ?

ચન્દન : હવે સમજ્યા, મારા નીલુભાઈ. આપણે આપણી માન્યતાએ જીવવાવાળા છીએ.

નીલકંઠરાય : હા વળી. વિચારસ્વાતંત્ર્યનો આ જમાનો છે.

ચન્દન : એની ના કોણ કહેશે ? 'જય સ્વદેશ' ના ખેલમાં પેલો ચીમનો લલકારતો હતો તે યાદ છે ને ?

નીલકંઠરાય : કયું ગાયન, ચન્દુ ?

ચન્દન : પેલી ગઝલકવાલી. સાંભળો.

ભલે હાથે પગે અમને તમે જંજીરથી જકડો,
નકી વાણીવિચારોને તથાપિ રોકી ના શકશો.

[હોંશમાં આવી જતાં નીલકંઠરાય ઉભા થઈ જાય છે. ચન્દનનો બરડો થાબડે છે.

શાબાશ ! મારા ચન્દુ, શાબાશ !

[અંદર આવી ગએલો ધનજી નીલકંઠ શેઠનો આવો ખુશમિજાજ જોઈ જરા સંકોચ અનુભવે છે.

ધનજી : મોટા ભાઈ, કોઇનો તાર છે.

ચન્દન : (કૂદકો મારી) બીજા કોનો હોય ? ભૂપેન્દ્રભાઇનો. નીલુભાઈ, હું નહોતો કહેતો ?

નીલકંઠરાય : સાચું, ચન્દુ. (તારને વાવટા જેમ ઉડાડતા) મારો ઉમો મેટ્રિક થયો ખરો. એ નકામો એને મોસાળ ચાલી ગયો.

ચન્દન : મેટ્રિક ન થાય ?– ફરજંદ કોનું ?– કુટુંબ કયું ? (હસતો જતો) મને તો બીકી એવી મુંઝવણ રહે છે કે વળી કોઈ રાજનું દિવાનપદું તમારા ઘરમાં આવશે.

નીલકંઠરાય : (ગંભીર થઈ) ચન્દુ, એમ થાય પણ ખરૂં. માંડ સુખશાંતિથી રોટલો ખાઇએ છીએ તેમાંથી વળી રાજનાં ઉંધાંચત્તામાં માથું મારવાનું !

ચન્દન : બીજાને મન એ અઘરૂં હશે. તમે સૌએ તો એ ગળથુથીમાં પીધેલું.

નીલકંઠરાય : (મીઠો આંખે) એમ ?

ચન્દન : એમ જ. તમારી બાજીમાં કોઈ સોગટી આડી આવી એટલે ઘેર બેઠી જ જાણો.

[નીલકંઠરાય ગર્વપૂર્વક પોતાની છાતીપર હાથ ફેરવે છે.

ધનજી ! ઉભો છે શું ? જા, તારવાળાને રૂપિયો અપાવજે. અને મહારાજને કહે કે બે કપ ચા બનાવે. ગળ્યું મોં કરીએ.

[ધનજી જવા લાગે છે.

નીલકંઠરાય : ધનજી, એક ચમચી ખાંડ વધારે નાખવાનું કહેજે.

[ધનજી જાય છે.

(ખાનગી જેમ) ભાઈ ચન્દુ, ઉમાભાઈ પાસ થયાની વાત એક કલાકમાં તો આખા ગામમાં ફેલાઈ જશે. (મલકાતા) કાં તો તારવાળો જ ઢંઢેરો પીટશે !

ચન્દન : તે કાંઈ મફત કે ? બીજાઓ પાસેથી પણ પૂરતા પૈસા પડાવવા એ તમારોજ દાખલો આપવાનો.

નીલકંઠરાય : (જાણે દયાથી) ભલે, ભલે. બિચારો રળશે તો આપણને આશીષ આપશે.

ચન્દન : જરૂર જ.

નીલકંઠરાય : (ખભો ઝાલી) પણ ચન્દુ, ઉમાભાઈ પાસ થયા તે કાંઈક કરવું તો પડશે જ ને ?

ચન્દન : એમાં શક શું ?

નીલકંઠરાય : ત્યારે એ વાત તું કેમ નથી કાઢતો ? હમણાં બધાં અભિનન્દન આપવા ઉભરાશે. એમને એમ ને એમ પાછાં વળાવાશે ?

ચન્દન : કોઈ એમ પાછું વળે પણ ખરૂં ?

નીલકંઠરાય : એટલે આપણે તૈયારી કરવાની ને ? બોલ; શું શું કરીશું ?

ચન્દન : તમે કહો તે કરીએ.

નીલકંઠરાય : હું તો એક વાત સમજું. ઘરનું નાક ન જવું જોઈએ. બધું એવું થવું જોઈએ કે જે બધાં વરસો સુધી સંભારે. પેલા તારવાળાની બાબતમાં તેં કહ્યું તેમ આમાં પણ આપણા ઘરનો દાખલો બેસવો જોઈએ.

ચન્દન : (સંમતિથી) એમ કરીએ.

નીલકંઠરાય : પણ હું તો પૈસા આપી છૂટું. એથી આગળ ન જાણું. શી ચીજવસ્તુ લાવવી, કેટલી થઈ રહેશે, કઈ લાવીએ તો નામ રહી જાય, એ બધું તમારા લોકોને માથે. (ગંભીર બની) મારે ત્યાંનો આ પ્રસંગ સાંગોપાંગ ઉતારી દ્યો ત્યારે તમને ખરા કહું.

ચન્દન : ખરી વાત. આવે અવસરે અમે કામ ન આવીએ તો પછી કામના શા?

[નીલકંઠરાય પ્રશંસાની નજરથી ચન્દન સામું જૂએ છે.

નીલકંઠરાય : પણ એક હકીકત ન જ ભૂલશો. ચન્દુ, જયપ્રસાદે ગઈ સાલ કેવી મિજલસ કરી હતી; તે તને યાદ છે ને?

ચન્દન : કઈ મિજલસ?

નીલકંઠરાય : કેમ વળી? એના વિક્રમને, રજાઓ પછી બીજી વાર પરીક્ષા લઈ, સાતમીમાં બેસાર્યો હતો એ તું ભૂલી ગયો?

ચન્દન : (મોં મચકોડી) એમાં યાદ રાખવા જેવું શું છે? એમ સિફારસ કરીને એમણે ફાયદો શું કાઢ્યો? આ સાલ વિક્રમને ફારમ જ ક્યાં મળ્યું?

નીલકંઠરાય : એ તો જેની જેવી બુદ્ધિ. આપણા ઉમાભાઈ જેવા બધા હોશિયાર ક્યાંથી હોય?

ચન્દન : ન જ હોય.

નીલકંઠરાય : (લાડ જેમ) પણ ચન્દુ, તું મને વારેઘડીએ આડી વાતોએ ન ઉતાર. પછી એકાદ વાનું ભૂલી જઈશું ને મિજલસ અધુરી ગણાશે એ કામ નહિ આવે.

ચન્દન : બરાબર છે.

નીલકંઠરાય : (હળવે હળવે) હવે જયપ્રસાદે તો ચા ને ચેવડાથી પતાવ્યું હતું. વિક્રમના એક બે ગોઠિયા પાસે થોડુંક ગવરાવ્યું હતું. પાન પણ પાવલીનાં સો જેવાં હતાં! આ તે મિજલસ કે મશ્કરી?

ચન્દન : મશ્કરી તો સારી. આ તો ઠઠ્ઠો થયો.

નીલકંઠરાય : પણ મિજલસ કોને કહેવાય; એ આપણે દેખાડીશું. એ વખતે કેટલાક ચા નહોતા પીતા તે બિચારા પાણી પીને પાછા ફર્યા હતા. પણ અહીં તો જેને ચા જોઈતી હોય તેને ચા, કોફી પીતા હોય તેને કોફી, કાંઈ ન લેતા હોય તેને એલાયચી, બદામ, પીસ્તા, ચારોળી, કેસરવાળું કઢેલું દૂધ—બસ; મારો બાપો, પીઓ જ પીઓ.

ચન્દન : તો તો રંગ રહી જાય.

નીલકંઠરાય : આ તો પીણાની વાત કરી હવે ખાણાની કરૂં. ચેવડો, કાતરી, કચોરી. કાતરી વધારે લાવવાની. ફરાળીઆ-ઓને પણ ખપ આવે. પેંડા ખરા, બરફી ખરી, કોપરાપાક ખરો. બોલ બીજું શું?

ચન્દન : અરે રહ્યું શું? જાણે જમણવાર!

નીલકંઠરાય : તો બસ. ખાનાર પણ આંગળાં કરડે અને ન ખાનાર પણ આંગળાં કરડે એવું કરવું છે.

ચન્દન : (દંભી હાસ્યથી) એવુંજ થશે.

[નીલકંઠરાયમાં ઉમંગ આવે છે.

નીલુભાઈ, તમે અમારે માથે ઢોળી દેતા હતા તેના કરતાં તમે જ વાનીઓ સૂચવી એ સારૂં કર્યું. નહિતર અમારો હાથ આટલો મોકળો ન રહેત.

નીલકંઠરાય : ખરેખર?

ચન્દન : હા. આનું નામ પૈસા વેરી જાણ્યા કહેવાય. અમે બહુ બહુ તો વાપરી જાણત.

નીલકંઠરાય : (આશ્ચર્યથી) અને પાન તો ભૂલાઈ ગયાં! પાકાં હોં. સોનાનાં પતરાં જોઈ લો! અને ચૂનો કેવો?

ચન્દન : જાણે તાજું તાજું માખણ.

નીલકંઠરાય : બસ, માખણીઓ ચૂનો. અને કેવડીઓ કાથો. વળી તજ, લવંગ, ધાણા, વરીઆળી, બુંદદાણાની તાસક તો જૂદી જ. ખરૂં ને?

ચન્દન : ખરૂં, ખરૂં.

નીલકંઠરાય : ઉપરાંત કનોજના અત્તરની એક શીશી સંભારીને લાવવાની.

ચન્દન : કેમ?

નીલકંઠરાય : હાથે ને પગે ચોપડવા. પાન મુખવાસ માટે છે. ગોખલો લાલ રંગવા વાસ્તે નથી.

[ચન્દન ખોટી રીતે ખડખડ હસે છે.

એક નવટાંક તમાકુ. અસ્સલ–હોં; કયા ગામની સારી કહેવાય છે?

ચન્દન : લાહોરની–ભૂલ્યો, લખનૌની. એ જ ને?

નીલકંઠરાય : એ જ, એ જ.

ચન્દન : (વિવેકથી) નીલુભાઈ, મારા સમ, આટલું બહુ થઈ ગયું. ખાધું ખૂટશે નહિ.

નીલકંઠરાય : હા; ખાણીપીણી પૂરી થઈ; પણ ગાણીનું શું થશે?

ચન્દન : એટલે?

નીલકંઠરાય : ગાયન ગાશે કોણ?—વાજીંત્ર વગાડશે કોણ?

ચન્દન : (શીકરથી) એનું શું કરીશું?

નીલકંઠરાય : લલિત નાટક સમાજ ગઈ કે છે? 'જય સ્વદેશ' એનો છેલ્લો ખેલ હતો.

ચન્દન : હજુ અહીંજ છે. એવા તો એણે સાત છેલ્લા ખેલ નાંખ્યા! હાથમાં રોટલી હોય તો કોઈ વેઢમીની શોધમાં જાય એવા નથી.

નીલકંઠરાય : (હોંશથી) અરે વાહ ચન્દુ! તેં તો ખરી શોધ કરી!

ચન્દન : આ મારી શોધ નથી. દાક્તરસાહેબે 'જય સ્વદેશ'ની રાતે કંપનીના માલિકને વાતવાતમાં આમ કહ્યું હતું. હું પાસે હતો.

નીલકંઠરાય : એ જબરો છે. અજબ આખાબોલો. આખા ગામમાં એના જેટલી કડવી જીભ કોઇની નથી. (હસતાં જતાં) એકલી કવીનાઇનની બનાવેલી!

[ચન્દન પણ હસવા લાગે છે.

પણ અક્કલ તો એની જ. ફાવે તેવા ભારે રોગમાં પણ એની નજર ખૂબ ખુંચે છે. ગમે તેમ તોય વિલાયત જઈ આવેલો ને!

ચન્દન : નીલુભાઈ, એ વિલાયતની તો વાત જ જૂદી. હું તો કહું છું કે ઉમાભાઈ બી. એ. થાય એટલે એમને ત્યાં જ મોકલી આપવા. આઈ. સી. એસ. થશે તો કોઈક જીલ્લાના મોટા કલેક્ટર બનશે; નહિતર બેરિસ્ટર તો બનશે જ ને?

નીલકંઠરાય : (પ્રશંસાપૂર્વક) ચન્દુ, તારૂં કહેવું વ્યાજબી છે.

ચન્દન : અરે નીલુભાઈ! એમને એકલા જવાની અગવડ હશે તો હું સાથે જવા તૈયાર છું.

નીલકંઠરાય : (નિરુત્સાહથી) ચન્દુ, આ બાબત પછીથી વિચારીશું. હજુ આડાં ચાર વરસ છે.

[**ધનજી** દાખલ થાય છે.

કેમ, ધનજી ?

ધનજી : દાકતરસાહેબ આવ્યા છે.

નીલકંઠરાય : કેમ ?

ધનજી : ભાભીને હમણાં જરા તાવ જેવું જણાયું તે હું બોલાવી લાવ્યો.

ચન્દન : (મોં કટાણું કરી) આજ જ એમને તાવ !

ધનજી : મોટાભાઈ, દાકતરસાહેબ પૂછે છે કે બીજું કાંઈ કામ છે ?

નીલકંઠરાય : હા, હા. એમને અહીં મોકલ.

[**ધનજી** જાય છે.

ચન્દુ, ગાણાનું એમની સલાહ લઈને ગોઠવીએ.

ચન્દન : જેવી મરજી.

[જરા વાર **નીલકંઠરાય** અને **ચન્દન** મૌનમાં પસાર કરે છે ત્યાં **દાકતર અતુલ** પ્રવેશે છે. વિલાયતનો વા એની રગેરગમાંથી બહાર ડોકિયાં કરે છે. **નીલકંઠરાય** અને **ચન્દન** હજુ ઉભા જ હોય છે. ત્યાં **અતુલ** ખુરસીમાં ગોઠવાઈ જાય છે અને રૂમાલ વડે પોતાને પવન નાખવા લાગે છે.

નીલકંઠરાય : આવો, દાકતરસાહેબ.

ચન્દન : પધારો.

અતુલ : બોલો, કાંઇ કામ ?

નીલકંઠરાય : આજે તો જૂદું જ કામ છે. આપણા ઉમાભાઈ પાસ થયા...

અતુલ : એ ઠીક થયું. મને બ્હેને કહ્યું.

નીલકંઠરાય : એટલે સાંજના ઠંડા પહોરમાં જરા જલસા જેવું કરવું છે.

અતુલ : એ શું વળી ?

ચન્દન : આશ્ચર્ય ન પામો. ઉમાભાઈ મેટ્રિક થયા એ કાંઈ જેવીતેવી વાત છે ?

અતુલ : એટલે ? તમે કહેવા શું માગો છો ? ઉમાનાથ મેટ્રિક થયો એમાં એણે એવો કયો મીર માર્યો છે ? હિંદુસ્તાનમાં એ પહેલવહેલો થયો હોય તો તો વળી વાત વિચારવા જેવી. પણ એકલા મુંબઈ ઇલાકામાં જ્યાં વરસે વરસે વીસ હજાર જેટલા ઉભરાતા હોય ત્યાં એકની કેટલી કિંમત ?

ચન્દન : (ભોંઠપથી) લ્યો; તમે તો મેટ્રિકનો આંકડો જ કાઢી નાખ્યો !

અતુલ : કહોને, એનો અર્થ કેટલો ? ઉમાનાથની મહિને રૂપીઆ પંદરની, એટલે કે દિવસના આના આઠની, લાયકી થઈ ! આ બહુ ગર્વની હકીકત છે ?

[નીલકંઠરાય અને ચન્દન સામસામું જુએ છે.

નીલકંઠરાય : (હિંમત એકઠી કરી) પણ જે રિવાજ પડ્યો એ પડ્યો. એમાં પાછો પગ કરીએ તો લોક લોભી ગણે. દાકતર-સાહેબ, અમારે તો સૌની સાથે ઉભા રહેવાનું.

ચન્દન : અરે ! કેટલાય જણ આમંત્રણની રાહ જોતા ઘરમાં જ બેઠા હશે.

[અતુલથી હસવું ખળાતું નથી.

અતુલ : એમ હોય તો મને પૂછવાનું શું રહ્યું ?

નીલકંઠરાય : એમ કે ગાવાબજાવા કોને બોલાવીશું ?

અતુલ : (નીરસતાથી) કોઈ ગાઈબજાવી જાણતો હોય તેને.

ચન્દન : પણ તમારા ખ્યાલમાં કોઈ......

નીલકંઠરાય : જો કે મારા ખ્યાલમાં છે.

ચન્દન : કોણ કોણ ?

નીલકંઠરાય : એક તો ચીમનલાલ–કૌંસમાં સૌરાષ્ટ્રની સુંદરી.

અતુલ : (ઉભા થઈ) 'જય સ્વદેશ'માં જે મેનાવતીનું કામ કરતો હતો તે ?

ચન્દન : તે જ.

અતુલ : એટલે શું તમે એ બે બદ્દામના નાટકિયાને એકઠા કરવા માગો છો ? અને એમની સાથે અમને પધરાવશો ?

[જયપ્રસાદ પ્રવેશ કરે છે.

જયપ્રસાદ : દાકતરસાહેબ, શું છે વળી ?

અતુલ : હોય શું ?

ચન્દન : અરે ! કશું નથી.

નીલકંઠરાય : એ તો ઉમાભાઈ...

જયપ્રસાદ : મેં સાંભળ્યું કે હું અહીં દોડી આવ્યો. નીલુભાઈ, કાંઈક કરી નાંખો. રાતે જલસો એવો ગોઠવાવો કે સવારોસવાર સુધી ચાલે. ઉમાનાથને મેટ્રિક ક્યાં બે વાર થવાનું છે ?

અતુલ : પણ નીલુભાઈ, મારૂં કહેવું સાંભળી લો. પેલા પુરૂષ છતાં સ્ત્રી બનનારાના સંસર્ગથી તમારી કોઈ આંતરવૃત્તિ પોષાતી હોય તો ભલે: પણ અમારે એ ન જોઇએ.

[ધનજી આવે છે.

ધનજી : મોટાભાઈ, આપને અંદર બોલાવે છે.

[અંતરમાં નિરાંત અનુભવતા **નીલકંઠ-રાય** અંદર ઉપડે છે. **ધનજી** પાછળ જાય છે.

જયપ્રસાદ : (ધીરા સાદે) **દાક્તરસાહેબ**. એ તમે કેમ ભૂલી જાઓ છો? **નીલુભાઈ** નાટકિયાઓને નહિ તો બીજા કોને બોલાવે? આદુ જો કોથમરીનો સંગ ન શોધે તો ચટણી થાય કઈ રીતે?

ચન્દન : હંઅ. દાક્તરસાહેબ! તમે નહિ માનો, સાધારણ રીતે એમનાથી ભૂલી ઘણું જવાય પણ ‘જય સ્વદેશ’નાં મંગળાચરણ મળીને દસ ગાયન તો અત્યારે પણ એમની જીભને ટેરવે રમે છે. એકબે તો એમણે હારમોનીયમ ઉપર પણ બેસાર્યાં છે.

અતુલ : (તુચ્છકારથી) વાહ! નાટકની ચોપડી સિવાય બીજું કંઈ એ વાંચે છે ખરા?

જયપ્રસાદ : ના રે. બીજું વાંચતા હોય એ વળી નાટકની ચોપડીને હાથ લગાડે?

[**નીલકંઠરાય** પાછા આવે છે.

નીલુભાઈ, નક્કી કરી આવ્યાને? કેટલે વાગે?

નીલકંઠરાય : આઠ અનુકુળ આવશે. જરા વહેલા જમી લેજો. નહિતર મોડા પડશો.

જયપ્રસાદ : આજે જમવું છે જ કોને? અહીંથી પાછા ફરતાં ભૂખ જેવું જણાશે તો વળી જોઈ લેવાશે.

[આશ્ચર્યભર્યો **અતુલ** **જયપ્રસાદ** સામે જોઈજ રહે છે.

(જતાં જતાં) ઠીક ત્યારે. જાઉં છું. વળી રાતે મળીશું જ ને?

[**જયપ્રસાદ** જાય છે.

નીલકંઠરાય : જોયું, દાક્તરસાહેબ? એમ ઘણાંના ઘરના ચૂલા આજની રાતે ટાઢા રહેવાના!

ચન્દન : (એક આંખ મીચી) જાણે શીતળા સાતમ!

[નીલકંઠરાય અને ચન્દન હસે છે. અતુલ ગંભીર છે.

અતુલ : હું જઈશ.

નીલકંઠરાય : પણ આઠે અચૂક આવજો.

અતુલ : બનશે તો આવીશ.

ચન્દન : અરે! અમારા સમ, ન આવો તો.

[સાંભળ્યાં છતાં આનો ઉત્તર વાળ્યા વિના અતુલ ચાલ્યો જાય છે. નીલકંઠરાય બારણા તરફ જોયા કરે છે.

પણ નીલુભાઈ, આખરે દાકતરસાહેબને હું સમજાવી શક્યો. ચીમનલાલ પણ એક કલાકાર છે એમ મેં જ્યારે દાખલા સહિત પૂરવાર કર્યું...

નીલકંઠરાય : પણ કઇ રીતે?

ચન્દન : અભિનયથી. પાંચ પાંચ વાર ફરી ફરી 'વન્સમોર' થયેલા પેલા ગાયનની લીંટી—

(અભિનયથી) 'જરા ધીરાં મારો પ્રેમબાણ...'

નીલકંઠરાય : (જાણે ચન્દનને સંબોધતા) 'મારા વહાલા ચતુરસુજાણ...'

ચન્દન : બસ. એક તો આ લીંટીઓ, અને બીજો મારો અભિનય: દાકતરસાહેબ પળવારમાં પાણી થઈ ગયા! જો, જો; રાતે એ જરૂર આવવાના.

નીલકંઠરાય : (સંશયથી) જરૂર?

ચન્દન : (બાત્રીથી) આવશે તો ખરાઃ પણ ચીમના જોડે ભાઇબંધી યે બાંધ ?

[નીલકંઠરાય ચન્દનને તાળી દે છે.

નીલકંઠરાય : પણ ચન્દુ, તારી ભાભીએ એક વાત કહી એ તો પહેલી કરવી જોઇએ.

ચન્દન : શી ?

નીલકંઠરાય : શિવશંકરને કાગળ લખવાની. બે વરસથી પછવાડે પડ્યો છે. એની સુહાસિની જેવી બીજી છોકરી નાતમાં નથી. બાપડો લખી લખી થાકયો કે લ્યો કે ન લ્યો, પણ મારે તો સુહાસ તમારા ઉમનાથને જ આપવી છે.

ચન્દન : કેમ ન લખે? ઉમાભાઇની હરોલમાં ઉભો રહે એવો કોઈ હોય તો ને?

નીલકંઠરાય : વળી એકની એક છોકરી છે. દોઢિયાં પણ ખરાં.

ચન્દન : એટલે ઉમાભાઇને તો સોનામાં સુગંધ ભળશે.

નીલકંઠરાય : પણ એ તરત પતાવી દેવું જોઇએ. કોલેજ ઉઘડે એ પહેલાં. ત્યાંની છોકરીઓનું કાંઈ કહેવાય નહિ.

ચન્દન : સો ટકા સાચું.

નીલકંઠરાય : ઉમાભાઈના પૈસાથી એ અંજાયઃ અને એમની ખાટીમીઠી વાતચીતથી ઉમાભાઈ અંજાય તો ?

ચન્દન : તો તો ઉપાધિ ઉભી થાય.

નીલકંઠરાય : આપણે થવા દઇએ તો ને? એટલે જ શિવશંકરભાઇને હાલ ને હાલ હા લખી નાખીએ. એમનો જીવ પણ હેઠે બેસે.

[વલ્લભરામ દાખલ થાય છે. નીલકંઠરાયને પ્રણામ કરી બેસે છે.

આવો, માસ્તર. ઉમાભાઈ પાસ થયા એ જાણ્યું ને?

વલ્લભરામ : હમણાંજ મને જયપ્રસાદભાઇએ ખબર આપ્યા.

નીલકંઠરાય : એનો યશ તમને ઘટે છે.

વલ્લભરામ : ખરૂં પૂછો તો એ ઉમાભાઇની મહેનતનું ફળ છે. પરીક્ષાનું આખું અઠવાડિયું એ રાતના બાર બાર વગાડતા!

ચન્દન : તો ય તમારૂં શિક્ષણ...

નીલકંઠરાય : ચન્દુ, ઘરમાં કહે કે રૂપીઆ લાવે. સોનો એક કકડતો કકડો માસ્તરને આપી દે.

ચન્દન : (મનમાં મુંઝાતો) સો? કે દસ?

નીલકંઠરાય : (છટાથી) એક સો ને ઉપર એક લટકાનો.

[વલ્લભરામ બેઠા બેઠા એક વાર ફરી હાથ જોડે છે.

ચન્દુ, તને ખબર નથી, પણ મેં તો વરસની શરૂઆતથી માસ્તર જોડે ચોખ્ખી બોલી કરી હતી. ઉમાભાઈ પાસ થાય તો ખણખણતા રૂપીઆ સોઃ પાસ ન થાય તો...

ચન્દન : પણ પાસ કેમ ન થાય?

વલ્લભરામ : હંઅ.

[**ચન્દન** અંદર જાય છે. **નીલકંઠરાય** કાગળ લખવા બેસે છે. **વલ્લભરામ** ભીંતના રંગો જૂએ છે. જરા વાર મૌનમાં વીતે છે.

પછી એક બાજુથી **વલ્લભરામને** **ચન્દન** સોની નોટ આપે છે, બીજી બાજુથી **નીલકંઠરાય** કવર આપે છે. વળી વળીને પ્રણામ કરતા **વલ્લભરામ** જાય છે.

નીલકંઠરાય : તું રૂપીઆ લઇ આવ્યો એટલી વારમાં મેં શિવશંકરને ચ લખી નાંખી. (વાળ પર હાથ ફેરવતાં) માથેથી બોજો ઉતર્યો.

ચન્દન : ઘણું સારૂં કર્યું.

[રસ્તાપરથી કેટલાક છોકરાઓનો ઉમંગ ભર્યો અવાજ આવે છે.

નીલકંઠરાય : જો તો, ચન્દુ ! કોણ છે ?

[ચન્દન જાય છે.

(નિજાનંદથી) ઉમો અમારૂં નામ રાખશે—અરે નાક રાખશે. પછી તો બસ—

(અંગમરોડથી) જરા ધીરાં મારો પ્રેમબાણ,
મારા વહાલા ચતુરસુજાણ,
હાં રે હું તો ભૂલી ગઇ સાનભાન...

ચન્દન : (દોડતાં દાખલ થઈ) એ તો પ્રાણલાલભાઇ અને ઉમાભાઇના ભાઇબંધો.

નીલકંઠરાય : બોલાવ, બોલાવ, પ્રાણલાલભાઇને.

[ચન્દન જલદી જાય છે.

એમને પણ રાજી કરવા પડશે. એમની મહેરબાનીએ તો ઉમાને ફારમ મળેલું. શી ભેટ આપીશું ?

[નીલકંઠરાય વિચારમાં પડે છે. ધીરે પગલે ચન્દન પાછો આવે છે.

નીલકંઠરાય : કેમ રે ચન્દુ ! સાજનિયા જેવો ગયો હતો અને સ્મશાનિયા જેવો કેમ પાછો આવ્યો ?

ચન્દન : અરે ! શું કહું, મારા નીલુભાઇ ?—ધરતીકંપ થઈ ગયો ! પેલા ભોપલાએ દાટ વાળ્યો ! પ્રાણલાલ માસ્તરે મને કહ્યું. ઉમાભાઇ ઉડી જાય છે !

નીલકંઠરાય : હેં ! (નીચે બેસી જઈ) એ મારા ઉમા રે !

ચન્દન : (મનમાં) અરે ! મિજલસ મારી ॥!

૨

[જયપ્રસાદ ગર્ભશ્રીમંત હતા. ખરૂં પૂછો તો આ ગર્ભશ્રીમંતાઇ, ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે, છેલ્લી ચાર પેઢીથી વારસામાં વહી આવતી હતી. એમના ઘરમાં લક્ષ્મીએ પહેલો પગપેસારો કઈ રીતે કર્યો; એ ઈતિહાસ જાણવા જેવો છે, પણ કહેવા જેવો નથી.

જયપ્રસાદ પાસે કુલ નાણું કેટલું હશે એ કોઈથી કહી શકાય એમ નહોતું-એટલે કે એ પોતે પણ આ બાબત પૂરતો પ્રકાશ પાડી શકે એમ નહોતા. એમનાથી ઝાઝું તો એમના મહેતાજીઓ જાણતા. એમને મુંબઈમાં માળાઓ હતા, અમદાવાદની આસપાસ જમીનો હતી. બદલામાં બમણી કિંમતનાં માલમતા કે ઘરેણાં ગીરો રાખી એ રૂપીઆ ધીરતા અને મનમાન્યું વ્યાજ મેળવતા. ઉપરાંત શેર, કેશ સર્ટીફીકેટ, બોન્ડ, ફિકસ્ડ ડિપોઝીટના કંઈક નમુના ભીંત સાથે જડી દીધેલી તીજોરીમાં બફાતા હતા. એમને વિશે જે કહો તે, પણ વરસ આખરે વ્યાજમાંથી બચાવેલી રકમનો પણ ઉપરની એકાદ દિશામાં એમને નિકાલ કરવો પડતો. ઘરેણાં અને પોશાકનું પણ એમને ત્યાં પ્રદર્શન હતું. કોઈના પણ શુભ પ્રસંગે એ જાહેરની નજરમાં મૂકાતું. આવા જયપ્રસાદ અત્યારે એમના ઓરડામાં એકલા આંટા મારતા હોય છે.

જયપ્રસાદ : અમારી ચડસાચડસીમાં શિવશંકર ફાવી ગયો. પણ સવાલ વટનો હતો. દસ શું બાર કડવા કરત. એ કંઠમાળના ઉમા કરતા મારો વિક્રમ જાય એવો છે? બંને સરખું ભણેલા.

વળી સુહાસિની સાથે મારો વિક્રમ જ શોભે. ઉમાને મળી હોત તો ' ઃ ડાને દહીથરૂં ' ની કહેતી ખરી પડત. પણ હું બેઠો હોઉં . એ ખરી પડે કેમ ? (તાળીઓ પાડતો) આ અઠવાડિયામાં તો સુહાસિની શિવશંકર મટીને સુહાસિની વિક્રમરાય થશે. બસ, બેડો પાર !

[ચન્દન આવે છે.

આવ ચન્દુ. શા સમાચાર ?

ચન્દન : (ઉતાવળે) જયપ્રસાદભાઈ, જાણ્યું કે ?

જયપ્રસાદ : ના. (તત્પરતાથી) શું ?

ચન્દન : અતુલ દાકતરે વેવિશાળ તોડયું !

જયપ્રસાદ : કોનું ?

ચન્દન : અરે ! પોતાનું. આખી નાતમાં એની હોહા થઈ રહી છે.

જયપ્રસાદ : પણ એને કયાં કોઇનું ગણકારવું છે ?

ચન્દન : નીલુભાઇને ત્યાં વાત થતી કે ભાઈ વિલાયતમાં હતા ત્યારે કોઈના ફંદામાં ફસેલા. જવા દો. આપણે કયાં કોઇનું વાંકું બોલવું છે ?

જયપ્રસાદ : હા. સાચું હોય તોય વાંકું હોય તો નથી બોલવું.

ચન્દન : આનું નામ ખાનદાની.

[જયપ્રસાદ ચન્દનને જરા વાર જોઈ રહે છે.

જયપ્રસાદ : ચન્દુ, તેં ભારે કરી. તું તો જો કે આપણો જ માણસ હતો, પણ તું ધનજીને પણ ફેરવી શકયો એ તેં બહુ કરી. એ કંઠમાળને હવે ખબર પાડીએ. વિક્રમના જનોઈ વખતે એ લુચ્ચાઈ રમી ગયો હતો. જાણી જોઇને એના ઉમાનું

જનોઈ બે દિવસ પાછળ રાખ્યું. એટલે આ ગુને વટી ગયો. પણ આ વેળા ક્યો મૂરખ પોતાની છોકરી હોય નવરો બેઠો છે કે......

ચન્દન : અરે! કોઈ નહિ. ઉઘાડી આંખે ાઈ કુવામાં પડતું હશે? — ઉગામાં છે શું?

જયપ્રસાદ : (ગંભીર બની) પણ ચન્દુ, લગ્ન કરવું એ રમત વાત નથી, હોં. જરા જરા વારે કાંઇનું કાંઈ ખૂટ્યાજ કરે. વિક્રમના લગનમાં એવી કોઈ પણ ચીજની ખોટ ન જણાવી જોઇએ.

ચન્દન : શાની જણાય? નીલુભાઈ માફક તમારે ક્યાં કંજુસાઈ કરવી છે?

જયપ્રસાદ : કંજુસાઈ? (છટાથી) કંજુસાઇનું મારા આગળ નામ ન લેશો. મારી ઘોડાગાડીને ભૂલાવવા એ કંઠમાળે મોટર લીધી હતી. પણ કેવી? જુની, ત્રરઘરાઉ, ખખડતી, ખટારા જેવી! મેં તો પૂરા પાંચ હજારની મંગાવી. નવી નક્કોર! પાણીના રેલાની માફક ચાલી જાય. પાસેથી પસાર થાય તો ચણતી ચકલીને ય ખબર ન પડે, મારા મહેરબાન!

ચન્દન : શોખની વાત જુદી છે.

જયપ્રસાદ : જો; વીજળી અને વાજાંવાળાનું બરાબર સંભાળજે. વીજળીમાં સાતે રંગ આવવા જોઇએ. આપણા દરવાજાની કમાન ઉપર એ એવી ગોઠવવી કે જોનારને જાણે મેઘધનુષ જ લાગે. વાજાંવાળાને સુરત તાર કર્યો છે પણ જવાબ નથી. ચન્દુ, મારી ઇચ્છા છે કે તું જ તેમને તેડી આવ. છેવટની ઘડી સુધી જો ન આવ્યા તો આપણું થશે શું?

ચન્દન : સાડા પાંચની ગાડીમાં જાઉં તો? હજુ અર્ધો કલાક છે.

જયપ્રસાદ : ઉત્તમ. ધારીના ટોપલા પણ ભરાવતો આવ.

ચન્દન જાતે જાઉં એટલે એ કાંઈ ભૂલાતું હશે ?

જયપ્રસાદ : (વિચાર કરી) પણ ચન્દુ, તારું અહીં ઘડીએ ને પળે કામ પડશે. તારે નથી જવું. વાડીલાલ જશે.

ચન્દન : તો વાડીલાલને મોકલીએ. (જોરથી) ધનજી !

[ધનજી આવે છે.

જયપ્રસાદ : વાડીલાલ શું કરે છે ?—બહારથી આવી ગયા ?

ધનજી : નામું લખે છે. મોકલું ?

જયપ્રસાદ : ના. (ચન્દનને) જે કામ કરવાનું છે તે એને સમજાવ અને તાબડતોબ જવા કહે. ગાડી ચૂકશે તો વળી બાર કલાકનું મોડું થશે.

[ચન્દન અંદર જાય છે.

અલ્યા ધનજી, તને અહીં ગમે છે કે ? કહે જોઉં, તને નીલકંઠરાય સારા લાગ્યા કે હું ?

[ધનજી શરમાઇને અનુત્તર રહે છે.

તું હવે તેમને ત્યાં જાય છે ખરો ?

ધનજી : કોઈ વાર બોલાવે તો જાઉં.

જયપ્રસાદ : ત્યારે મને વાત કેમ નથી કરતો ? આપણા ઘર બાબત કાંઈ પૂછે તો કહેવું નહિ, હોં.

ધનજી : હંઅ.

જયપ્રસાદ : અને ત્યાં જે જુએ તે મને જરૂર કહેવું. એટલા માટે તો બે રૂપીઆ પગાર વધારીને તને અહીં રાખ્યો છે. સમજી ગયો ?

[ધનજી કાંઈ જવાબ વાળે એ પહેલાં ચન્દન પાછો આવી પહોંચે છે. ધનજી ત્યાંથી ઉપડી જાય છે.

ચન્દન : માંડ માંડ વળાવ્યો. કહે કે ઘરમાં પગ પાકયો છે. તો ય ધકકેલ્યો.

જયપ્રસાદ : (હસતાં) ચન્દુ, તારૂં કામ કાચુ નહિ હોવાનું.

[ચન્દન રૂમાલથી પરસેવો લુછે છે.

ચન્દન : તમારે જે કાંઇ કામ હોય તે મને જ સોંપવું. મારાથી ન થાય તો પછી બીજાનું મોં ખોલાવવું. સમજ્યાને, જયભાઈ?

જયપ્રસાદ : (નિરાશા જેમ) ચન્દુ, તારાથી બધું થશે. પણ એક વાનું નહિ થાય.

ચન્દન : (નવાઇ દેખાડી) શું? કહો જોઉં.

જયપ્રસાદ : ગામના ઉપરી અમલદાર અને પ્રતિષ્ઠિત માણસોને બોલાવી લાવવાનું. એમાં અતુલની મદદ જોઈશે. રાવબહાદુર રમણપ્રસાદ તો એને પૂછીને જ પાણી પીવાના.

ચન્દન : તમારે દાકતરને તસ્દી આપવી હોય તો ભલે.

જયપ્રસાદ : એ હશે તો ઠીક પડશે. બેત્રણ વિલાયતવાળા આવશે તેમને કેમ સાચવવા તેની પણ તેને ખબર.

ચન્દન : એ સાચી વાત.

જયપ્રસાદ : એટલે મેં એમને તેડવા માણસ મોકલ્યું હતું. લગભગ સવા પાંચે આવશે એમ એમણે કહેવરાવ્યું છે.

ચન્દન : (ભીંતપરની ઘડિયાળમાં જોઈ) તો તો પાંચસાત મિનિટમાં આવવા જોઈએ.

[અતુલ આવે છે.

જયપ્રસાદ : (હાસ્ય વેરતાં) દાકતરસાહેબ, સાત મિનિટ વહેલા આવ્યા ને શું?

અતુલ : (ભીંતનું અને હાથનું ઘડિયાળ મેળવતો) તમારું ઘડિયાળ સાત મિનિટ ...ડું લાગે છે.

ચન્દન : જયભાઇને એ ચાલે. ક્યાં કોઇની નોકરી કરવી છે? સાત મિનિટ આમ કે સત્તર મિનિટ તેમ.

જયપ્રસાદ : દાક્તરસાહેબ, બહારગામ જઈ આવ્યા?

અતુલ : હા.

જયપ્રસાદ : (સોપારી કાતરતાં) કાંઈ નવીન?

અતુલ : ધીમે ધીમે કહું છું.

ચન્દન : જયભાઇ, પેલું પૂછી જૂઓને?

[જયપ્રસાદ ચન્દન સામી આંખ તાણે છે.

અતુલ : જયભાઈ, એ હકીકત સાચી છે.

જયપ્રસાદ : (ઉઘાઈ) કઈ?

અતુલ : મારા વેવિશાળની.

જયપ્રસાદ : શું સાચે જ?

અતુલ : એમાં તમારાં આંતરડાં કેમ ઉભાં થઈ જાય છે?

જયપ્રસાદ : આજે જ આ બન્યું?

અતુલ : એ લોક આજે ગણાવે છે. પણ પાંચ વર્ષ પહેલાં હું પરદેશ ગયો ત્યારે જ તેમને હું કહેતો ગયો હતો.

ચન્દન : ત્યારે જયભાઈ, પેલી વાત ખોટી.

[આ વાક્યથી જયપ્રસાદ એટલા ધ્રૂજી ઉઠે છે કે એમની આંગળીએ સુડી વાગી જાય છે ને લોહી નીકળે છે.

જયપ્રસાદ : ધનજી, ધનજી! આયોડિન લાવ.

[ચન્દન ધનજીને બોલાવવા અંદર દોડે છે. અતુલ ચન્દ ને ધારી ધારીને નીરખે છે.

જયપ્રસાદ : (ગભરાઈ) દાક્તરસાહેબ, માથે થઈ.

અતુલ : (શાન્તિપૂર્વક) એમાં ગભરાવાનું કાંઈ કારણ નથી.

[ધનજી આયોડિન લાવે છે. ચન્દન એ ચોપડે છે.

જયપ્રસાદ : પણ દાક્તરસાહેબ, આ પાકશે તો નહિ ને? વિક્રમનાં લગ્નને માત્ર ચાર દિવસ બાકી છે.

અતુલ : (સાન્ત્વન જેમ) મટી જશે, મટી જશે.

ચન્દન : પાટો બાંધવો પડશે કે?

અતુલ : (ચીડાઈ) એટલે? ચન્દુ, દાક્તર હું છું કે તું?

જયપ્રસાદ : દાક્તરસાહેબ, એની ભૂલ થઈ.

ચન્દન : (ડોલનથી) માણસ માત્ર, ભૂલને પાત્ર.

અતુલ : પણ......

જયપ્રસાદ : પણ દાક્તરસાહેબ, મારે તમારી મદદ જોઇએ છે. આપણા વિક્રમના વરઘોડામાં......

અતુલ : (કડકાઈથી) હું સમજી ગયો. જયભાઈ, વિક્રમની અને પરિણામે વિક્રમના લગ્નની બાબતમાં મારે તમને કેટલુંક કહેવાનું છે.

જયપ્રસાદ : ઘણી ખુશીથી. બોલો.

અતુલ : હું કંઈ બોલું એ પહેલાં ચન્દુ અને ધનજી બહાર જાય તો સારું.

[જયપ્રસાદ ઈસારતથી સૂચના કરે છે. બન્ને જાય છે.

જયપ્રસાદ દાકતરસાહેબ, એવું શું છે?

અતુલ : વિક્રમને મેં બરાબર તપાસ્યો છે. હું માનું છું કે એણે અત્યારે પરણવું ન જોઇએ.

જયપ્રસાદ : પણ દાક્તરસાહેબ......

અતુલ : છોકરો ખોવો હોય તો એને પરણાવજો.

જયપ્રસાદ : (કરગરી જઈ) પણ આ ચન્દુને પૂછી જુઓ. અમે કેટલી તો તૈયારી કરી છે. મંગલાષ્ટકની બે હજાર નકલ પણ છપાવી કાઢી છે.

અતુલ : (દયા જેમ) ચન્દુને હું શું પૂછું? પહેલાં એ નીલકંઠરાયનો નન્દી હતો; હવે તમારો પોઠિયો થયો લાગે છે.

જયપ્રસાદ : ચન્દુને ન પૂછો તો કાંઈ નહિ. પણ મંગલાષ્ટક...

અતુલ : ચાના કપ મૂકવામાં કામ આવશે.

જયપ્રસાદ : અતુલભાઇ, બીજુ બધું તો એક બાજુ રહ્યું, પણ લગ્ન હવે લંબાય તો તમારો નીલકંઠરાય તો મને ઘેર ઘેર વગોવી મારે.

અતુલ : નીલકંઠરાય જેટલા મારા છે એટલા તમારા છે. જેટલા તમારા નથી એટલા મારા નથી.

જયપ્રસાદ : મારી બોલવામાં ભૂલ થઈ.

અતુલ : (જરાક થઈ) ના. તમે જાણીબુઝીને એ બોલ્યા હતા. આપણા વડવાઓ જે શકિત રાજ્યના કાવાદાવામાં વાપરતા તે હવે તમે કુટુંબકુટુંબ વચ્ચે ખર્ચો છો. બાળક જેવા આ વાદ તમને બેઉને શોભે છે? નીલકંઠરાયને મેં આ બપોરે કહ્યું, અત્યારે તમને કહું છું.

જયપ્રસાદ : પછી એમણે શું કહ્યું?

અતુલ : શું કહે? સાંભળી રહ્યા.

[જયપ્રસાદ બીજો પ્રશ્ન પૂછતા નથી.

જયભાઈ, જરાય મીઠું લગાડવાનું નથી. કશાયે ધ્યેય વિના એક બીજાથી આગળ આવવાની ધૂનમાં, ઘાણીના બળદના માફક, તમે ચકર ચકર કેમ ફર્યા કરો છો? પરંતુ વર્તુલમાં કોઈ પોતાને પહેલું ગણાવી શકે નહિ એ કહેવું પડે એવું છે? આ કરતાં તો કોઈ લોક સેવાનું કાર્ય......

જયપ્રસાદ : (ઝંખવાઇ) કોઈ કરવા દે તો ને? દાખલા તરીકે સાવ સાધારણ બીના લો. આજુબાજુની બહેનોને ખૂબ દૂર પાણી ભરવા જવું પડે છે એમ જાણી મેં આપણા આંગણાનો કુવો ખુલ્લો મૂક્યો. પાંચ દિવસ સૌ આવ્યાં ત્યાં તો, કોણ જાણે કેમ, એકાએક બધાં બંધ થઇ ગયાં!

અતુલ : કારણ હું જાણું છું. નીલુભાઇએ મને કહ્યું. એ તમને જણાવવામાં હું કશો વાંધો જોતો નથી.

જયપ્રસાદ : તો કહો.

અતુલ : એમ કે સ્ત્રીઓ પાણી ભરવા આવતી ત્યારે આપને છજામાં ઉભા રહેવાની ટેવ હતી.

જયપ્રસાદ : લ્યો! છજામાં હવા ખાવા ઉભા ન રહેવું? (ગુસ્સાથી) એમ તો એમને પણ પૂછી જો જો ને કે......

અતુલ : જયભાઈ, શાન્તિ સાચવો. નીલુભાઇએ કહેલી વાત મેં ક્યાં સાચી માની લીધી છે?

જયપ્રસાદ : તો ઠીક.

અતુલ : જયભાઈ, હું બોલું છું એ સહન થાય છે ને?

જયપ્રસાદ : મારા કાન તમારી જીભથી ટેવાઈ ગયા છે.

અતુલ : ત્યારે તો થોડું વધુ સાંભળો. જે કહું છું તે તમારા સારા સારૂ કહું ?

જયપ્રસ . : એટલું સમજું છું—સ્વીકારૂં છું.

અતુલ : (ભાષણ માફક) જેમ આજન્મ કવિ હોય છે તેમ એક રીતે તમે આજન્મ આળસુ છો. જીવન તમે એકજ આશ્વાસનથી વિતાડો છો–જન્મી પડયા તો હવે જીવી લઇએ. ક્યાં સુધી? મૃત્યુ સુધી! તમારી તવંગરતા આ આશ્વાસનને ઉત્તેજન આપે છે. પણ એટલું તો જાણો કે જેમ ગરીબી એ ધનજીનો અકસ્માત છે તેમ તવંગરતા તમારો છે. જીવનને એને આશરે ન રાખો.

જયપ્રસાદ : અતુલભાઈ, તમે ઘણું કહી નાખ્યું.

અતુલ : બે બોલ બાકી છે. લોકોને રવિવાર રાહતનો હોય છે. તમારા પંચાગમાં તો એકલા રવિવારો જ દેખાવાના.

[જયપ્રસાદ અકળાય છે પણ અતુલને અટકાવી શકતા નથી.

એટલે કે સવાર પડયે તમને એકજ ચિંતા હોય છે કે સાંજ ક્યારે પડે? રાત પડયે પણ એકજ અભિલાષ અંતરમાં છુપાઈ છે કે સૂરજ મોડો ઉગે તો સારૂં.

[જયપ્રસાદ ઉંચાનીચા થાય છે.

આવી વસ્તુસ્થિતિ છે એટલે કોણે શું કર્યું, અને કેવું કર્યું અને કેટલું કર્યું વગેરે વાતોને ઝેરી રીતે જોવાનો તમને વખત રહે છે. નીલકંઠરાયે ઉમાના જનોઈમાં આટલું કર્યું, એટલે જો તમે વિક્રમના લગ્નમાં એથી સવાયું કરો તો જ તમારૂં જીવન સાર્થક થયું માનો છો? જયભાઈ, બોલો.

જયપ્રસાદ : તમે મારૂં. મગજ ચકડોળે ચડાવ્યું છે. મારી આંખ આગળ એક જ પ્રસંગ હું તરતો દેખું છું : મારા વિક્રમનો વરઘોડો......

અતુલ : મિથ્યા, મિથ્યા. આજકાલમાં શિવશંકરભાઈ સહકુટુંબ અહીં આવી જશે એમ તમે માનતા હશે

જયપ્રસાદ : તેમના કાગળની હું ત્રણ દિવસ ોટપાલમાં રાહ જોઉં છું.

અતુલ : જોતા હશો. પણ એ ભલા માણસને પણ ઉપાધિ ઉભી થઈ છે. એટલે મારા મારફત આ પત્ર મોકલ્યો છે. તમને હાથોહાથ અને ઉપરાંત એકાંતમાં આપવાનો હતો એટલે ચન્દુ અને ધનજીને બહાર મોકલવાનો અવિવેક મારો કરવો પડ્યો.

[અતુલ પત્ર સોંપે છે. જયપ્રસાદ ફોડવા લાગે છે.

જયભાઈ, એ મેં વાંચ્યો છે. એટલે કે એમણે મને વંચાવ્યો છે. શિવશંકરભાઇએ તમારી માફી માગી છે.

જયપ્રસાદ : પણ શી બાબત ?

અતુલ : એ મને રૂબરૂ કહેવાનું સોંપ્યું છે.

[જયપ્રસાદ બેબાકળા બને છે.

સુહાસિની જાણવા પામી છે કે વિક્રમ માંદલો રહે છે. એ કહેતી હતી કે પોતાના અખાડામાં એ સૌથી સશક્ત છે. એણે સાંભળ્યું છે કે વિક્રમે અભ્યાસ મૂકી દીધો છે. એને બી. એ. સુધી વધવું છે.

જયપ્રસાદ : પણ આવી સરખામણી કરી......

અતુલ : સરખામણી કે જુદાઈ ?

જયપ્રસાદ : જે કહો તે. એનો હેતુ શો છે ?

અતુલ : કે બી. એ. તો થવુંજ છે.

જયપ્રસાદ : એટલે અમારે વરસ લગી રાહ જોવી એમ ?

અતુલ : (ખંધાઇથી) ન જ જોવી.

જયપ્રસાદ : એટલે ?

અતુલ : ટૂંકમાં એ વિક્રમને પરણવા નથી માગતી. આ રહ્યો એનોય કાગળ.

[અતુલ જયપ્રસાદને બીજો પત્ર આપે છે. પછી પોતે જવા લાગે છે.

જયપ્રસાદ : (પગ પછાડી) તો પછી એ પાડા જેવડીને પરણુશે કોણુ ?

અતુલ : (ઠંડકથી) પરણુશે, કોઈક પરણુશે......

જયપ્રસાદ : (તાડુકી) પણ કોણુ ?

અતુલ : કોઈ નહિ તો અતુલ.

[અતુલ જતો રહે છે.

જયપ્રસાદ : (કપાળે હાથ મૂકી) આ શું કહેવાય ? સુહાસિની નહિ મારા વિક્રમને, નહિ એના ઉમાને, અને દેવાદાર આ અતુલને પરણુશે ? અમારા પૈસા, અમારી પ્રતિષ્ઠા ઉપર પાણી ફરી વળ્યું ?

[દિંગ્મૂઢ જયપ્રસાદ માથું નીચું ઢાળી દે છે. ચન્દન દાખલ થાય છે.

ચન્દન : (મનમાં) અરે! વળી શું થયું ?

પ્રભુના પ્રતિનિધિ

૧

[ભારતખંડનો ઇતિહાસ જેમ લાંબો છે તેમ તેમ તેની ભૂગોળ પણ પહોળી છે. આખી દુનિયાની વસ્તીનો પાંચમો ભાગ તેમાં પૂરાએલો છે એ તો વારંવાર ઉચ્ચારાએલું સત્ય છે. એની પચરંગી પ્રજામાંથી મનુષ્યત્વના ચિત્રવિચિત્ર નમૂનાઓ જો ન જડે તો બીજે ક્યાંથી જડે?

એના નકશા ઉપર નજર માંડશો તો તરત તમને જણાશે કે આ ભૂમિ મુખ્યત્વે લાલ અને પીળા રંગમાં વહેંચાઇ ગઇ છે. બીજા રંગોનું અસ્તિત્વ છે ખરૂં; પણ તે નહિ જેવું — નજીવું.

પીળા રંગનો વિસ્તાર લગભગ ૬,૭૫,૦૦૦ ચોરસ માઈલ છે. પરંતુ તેના અનેક નાના મોટા ટુકડાઓ છે. તેના માલિકો મહારાજા, મહારાણા, નવાબ, ઠાકોર, દરબાર, બાપુ વગેરેમાંથી અનુકૂળ એવા નામે ઓળખાય છે.

એવા એક ટૂકડાની આ કેવળ કાલ્પનિક કથા છે. એના વિસ્તારને, એની આવકજાવકને, એના વચનવર્તનને અને એની ખુબીખામીને કોઈની જોડે કાંઈ જ સંબંધ નથી એટલું ખુલાસા રૂપે સ્વીકાર્યા પછી પણ અહીં ઉમેરવું જોઈએ કે કયાંક સામ્ય લાગી આવે તો તેને જગતમાં નિત્ય નિત્ય બનતા અનેક અકસ્માતોમાંનો એક ગણવો — જેની સામે માનવમાત્ર નિરુપાય છે.

એના નેકનામદારનું નામ આપણે ધીરસિંહજી રાખીએ — કારણ કે પોતે શૃંગાર,

કરુણ, હાસ્ય કે વીર રસમાં હોય તો ય ધીરતા તેમનાથી અળગી નહોતી થતી.

એમના કારભારીને તો આપણે કારભારી જ કહીશું: કારણ કે તેમને કીરપાશંકર કહો, કે કપૂરચંદ કહો, કે કારભારી કહો તે સર્વ સરખું છે. બસોના નાના લાગતા પગાર છતાં એઓ બે લાખ જેવડી મોટી ગણાતી રકમ પોતાની પત્નીને નામે મુંબાઈની બેન્કમાં મૂકી શક્યા હતા તે તેમની શક્તિના નમૂનારૂપ લેખાય.

ડેલીની અંદર જબરો એવો ઢોલિયો ઢાળેલો છે. તકિયાના ઓઠીકાણે ધીરસિંહજી ઢળ્યા છે. પડખે પડેલી નેતરની ભાંગીતૂટી ખુરસીમાં કારભારી ઉભડક બેઠા છે. બન્નેને જાણે ખાનગી વાતો કરવાની હોય તેમ ત્રીજું કોઈ દેખાતું નથી. એટલે ગરબડ કરતા હુક્કાની હાજરી વિશેષ જાહેર બને છે.

ધીરસિંહજી : પણ — હેં ભલા ! તમને કેટલાં વરસ થયાં હશે ?

કારભારી : અરે બાપલા ! એ શું પૂછ્યું ? જેટલાં થયાં હશે એટલાં બધાં ય આપના પ્રતાપે.

ધીરસિંહજી : પણ કેટલાં ?

કારભારી : આ — જૂઓ ને — આ ચાલે છે એ ઓગણીસ સો ને નેવ્યાસી. છપ્પનિયો ગયાને, કંઇ નહિ તો, ત્રીસથી પાંત્રીસ વરસ થઇ ગયાં.

ધીરસિંહજી : ઉં હું હું. કારભારી, મેં તો તમારાં વરસ પૂછ્યાં, છપ્પનિયાનાં નહિ.

કારભારી : ભૂલ્યો, ભૂલ્યો, બાપલા. પણ હું એ જ હિસાબ

કરતો હતો. છપ્પનિયો પડ્યો એ સાલમાં હું પોતે પંદરમા વરસમાં પડ્યો હતો.

ધીરસિંહજી : (આશ્ચર્યથી) એમ એમ ?

કારભારી : તદ્દન ચોક્કસ. મને અત્યારે પણ સાંભરે છે કે એ દુકાળ જેવા વરસમાં બીજી—ત્રીજી—ચોથી અંગ્રેજી ભેગી કરી, હું પાંચમીમાં પડેલો.

ધીરસિંહજી : વાહ રે ! કારભારી ! આ તો તમે મને કોઈ દિ' નહોતું કહ્યું. નાનપણથી તમે આવા હોશિયાર હતા તેની મને ખબર તો કરવી'તી.

કારભારી : બાપલા ! મારી જીભે મારાં વખાણ ?—અને આપની આગળ ?—ઝવેરીને હીરાની કિંમત કહેવાની હોય ?

ધીરસિંહજી : (સંતોષથી) સમજ્યો, કારભારી. (વળી ઉતાવળમાં આવી) પણ કારભારી ! તમારી વખતના માસ્તરો પણ ઘણા વિદ્વાન હોવા જોઇએ.

કારભારી : (ભાર દઈ) હતા જ. કહેવું એ તો ખોટું—પણ મારા પિતાશ્રી પોતે હેડમાસ્તર હતા.

ધીરસિંહજી : વાહ વાહ ! પછી તમે હોશિયાર હો એમાં આશ્ચર્ય શાનું ?

કારભારી : (લળી જઈ) એ આપના આશીર્વાદ.

[ધીરસિંહજી પેટપર હાથ ફેરવે છે.

(રંગ લાગી) બાકી તો એ દુકાળની શી વાત કરૂં ? ન મળે ટીપું પાણી, ન મળે તરણું ઘાસ, ન મળે દાણો અનાજ ! પછી તો ઢોર ને માણસ ખાય પણ શું; ને પીએ પણ શું ?

ધીરસિંહજી : (ચિંતા કરી) કાં તો બધાં મરી પરવાર્યાં હશે.

કારભારી : અરે બાપજી ! એ કળકળિયા કાળમાં ઢોર

મર્યાં, ઢાંકર મર્યાં, સાજાં મર્યાં, માંદાં મર્યાં, બાળક મર્યાં, બુઢ્ઢાં મર્યાં... ...

ધીરસિંહજી : અરરરર ... ...

કારભારી : (છાતી ફૂલાવી) પણ આપણા ઉપર તો હરિના ચારે હાથ હતા તે ન આપણું કોઇનું એકે દિ માથું દુખ્યું કે ન એકે રૂંવાડું ફરક્યું. હું પાંચમી અંગ્રેજીમાં હતો ત્યારે ભણ્યો હતો...

ધીરસિંહજી : શું ?

કારભારી : કે રાજામહારાજાઓ ઉપર તો ઈશ્વરના આઠે હાથ હોય છે.

[ધીરસિંહજીથી મૂછને તાલ દેવાઈ જાય છે.

કારભારી : (હથેળી ઘસતાં) પરમેશ્વરની વાત જ જુદી છે.

ધીરસિંહજી : (ડોકું નમાવી) સાચું.

કારભારી : એની મરજી હોય તો માંકડનો મગર થઈ જાય, એની મરજી ન હોય તો મગરનું માંકડું પણ ન થાય.

ધીરસિંહજી : સાવ સાચું.

[જરા વાર કારભારી મૌન સેવે છે.

(આતુર આંખે) કેમ, ભલા ! ચૂપ કેમ ? વાત તો પૂરી કરો.

કારભારી : (કથા કહેતા) હવે બાબત એવી બની હશે કે બિચારા એ રહ્યા એકલા. એમને રાજ્ય ચલાવવાનું આખી પૃથ્વી-પર. શેં પહોંચી વળાય ? એટલે આખરે એમણે રાજાઓ નીમી દીધા.

ધીરસિંહજી : વાહ રે વાહ !

કારભારી : એટલુંજ નહિ પણ એમને વંશપરંપરાના હક્ક આપી દીધા.

ધીરસિંહજી : ધન્ય છે ધન્ય !

કારભારી : એટલે એક રીતે તો આપે તો પ્રભુનું કામ હળવું કર્યુ છે.

ધીરસિંહજી : (વિચારીને) વાત વાજબી લાગે છે, ભલા.

કારભારી : અન્નદાતા ! વાજબી જ છે. મનમાં એમ ન માનશો કે આપને મોંએ મીઠું લગાડવા હું બધું બોલું છું. એમ હોય તો મને મારી ઘરવાળી — અરે બાપલા ! તમે કહો તેના સોગન.

ધીરસિંહજી : (કારભારીનો ખભો ઝાલી) અરે ! અરે ! આવા આકરા સોગન તે લેવાય ?

કારભારી : ગભરાવ નહિ, બાપુ. સાચને ન આવે આંચ.

ધીરસિંહજી : (ગંભીરાઇથી) ખરૂં કહ્યું, કારભારી. હરિશ્ચન્દ્રને માથે એટએટલું દુઃખ વરસ્યું તોય...

કારભારી : (આશ્ચર્ય ભજવી) મારા બાપુએ તો આટલી ઉંમરમાં ધર્મનો પણ ઘણો અભ્યાસ કરી નાખ્યો !

ધીરસિંહજી : એ તો તમારા જેવા કાળજી રાખી ભણાવનાર હતા તે...

કારભારી : એ તો મારાં ભાગ્ય, બાપજી. બાકી તમે એ હૈયે ને હોઠે રાખ્યું છે તેની જ ખરી કિંમત છે.

ધીરસિંહજી : (નવાઈ પામી) એમ કેમ ?

કારભારી : (ભાષણ જેમ) ભણાવવું સહેલું છે, પણ ભણવું એટલું સહેલું નથી; અને ભણ્યું ભૂલવું નહિ એ તો અઘરામાં અઘરૂં.

[ધીરસિંહજી આમાં કાંઈ સમજ્યા જણાતા નથી. તો યે હાએહાનું ડોકું હલાવે છે.

તમે નહિ માનો, મારા નામદાર. પણ હું જ્યારે સાતમી અંગ્રેજીમાં હતો......

ધીરસિંહજી : (એકદમ) ત્યારે ? — ત્યારે ?

કારભારી : (ધીમે ધીમે) ત્યારે ઇતિહાસમાં અમારે ભણવાનું આવતું કે વિલાયતના કેટલા ય રાજાઓ છડેચોક એમ કહેતા કે પોતાને પ્રભુએ નિમેલા છે એટલે પોતે કોઇ પણ માણસને, કે સમાજને, કે સમાજના કાયદાને જવાબદાર નથી.

ધીરસિંહજી : (અતિ આશ્ચર્યથી) એવું હતું કે ?—પછી એમનું થતું શું ?

કારભારી : થાય શું ? આઠમો હેનરી, ખૂબ ભરાવદાર શરીરનો હતો તે છતાં, છ–છ રાણીઓ પરણી શકયો તે આ હિસાબે.

ધીરસિંહજી : (નીરસતાથી) એ કાંઇ બહુ બહાદુરી ન ગણાય. છ રાણિયું કાંઈ ઝાઝી કહેવાય ?

[કારભારીના ખ્યાલ બહારનો પ્રશ્ન પૂછાતાં એમને જલદી જવાબ નથી જડતો.

(જરા જોરમાં) કારભારી ! અમે ધારીએ તો ઉપર એક મીંડું ચડાવી દઇએ. તો ય અમને પૂછનાર કોણ ?

કારભારી : ઘણી ખમ્મા, મારા બાપુને.

ધીરસિંહજી : (સંતોષથી) તો બરાબર.

[કારભારી સમજી જાય છે કે ધીરસિંહજીને રસ પમાડે એવું પાત્ર હેનરી નથી.

કારભારી : (ખુંખારો ખાઈ) વળી બીજી વાત કહું, બાપુ. વિલાયતમાં ચાર્લ્સ પહેલો નામનો રજા થઈ ગયો...

ધીરસિંહજી : (સંદેહથી) પહેલો ચાર્લ્સ ? તે એવા કેટલાક થઈ ગયા ? પાંચ, પચીસ, પચાસ...

કારભારી : અરે ! પૂરા પાંચે નહિ.

ધીરસિંહજી : (જડતી જેમ) પણ એમનાં જુદાં જુદાં નામ રાખવામાં શું જતું' તું ?

કારભારી : (જેમ તેમ) એટલી આવડત ક્યાંથી કાઢે?

[બીજું ઉદાહરણ પણ નિષ્ફળ જતું જોઇ કારભારી નિરાશા અનુભવે છે.]

ધીરસિંહજી : કારભારી!

કારભારી : હંઅ, બાપલા!

ધીરસિંહજી : ચાર્લ્સે કેટલી રાણિયું કરી હતી?

કારભારી : (મનમાં મૂંઝાતાં) બહુ બહુ તો બે.

ધીરસિંહજી : બસ? — બસ બે જ?

કારભારી : (વાત પલટી) પણ બાપજી! એની બુદ્ધિ કેવી?

ધીરસિંહજી : કેવી? — કહો જોઇએ.

કારભારી : દુનિયામાં જેની જોડી જડવી મુશ્કેલ. નર્યું ધાર્યું કરવાવાળો. એક વેળા એવું બન્યું કે એના દેશનાં લોક — અભણ ને વળી અણઘડ — એની સામે ઉશ્કેરાઇ ગયાં.

ધીરસિંહજી : (ચતાથી) પછી?

કારભારી : બળવો થયો.

ધીરસિંહજી : (તરત જ) પછી? — પછી?

કારભારી : બાપજી, લોકને તો જુઠું બોલવાની ટેવ પડી. એમ કહેવાય છે કે કેટલોક મવાલીઓએ ચાર્લ્સનું માથું ઉડાવી દીધું.

[ઓચિંતાના ધીરસિંહજીના હાથ પોતાની પાઘડી પર જાય છે.

ધીરસિંહજી : (ગભરાઇ જઇ) હોય નહિ.

કારભારી : (ખાતરી આપતા) નહિ જ હોય. બનવા જોગ છે કે તલવારબાજી શીખતાં શીખતાં પોતાના ગળાપર તલવાર ફરી ગઈ હોય.

ધીરસિંહજી : (મોં બગાડી) એટલો એ અપૂરો. (મુઠ્ઠી વાળી) એને ઠેકાણે કોઈ રજપૂતનો બચ્ચો હોત તો ...

કારભારી : (વચ્ચે પડી) તો તો તેનાં વારસો અત્યારે ત્યાં રાજ્ય કરતાં હોત.

[દૂરથી કોઈની ઉધરસનો અવાજ આવે છે.

ધીરસિંહજી : કારભારી, વળી પેલા કરુણસિંહ અહીં આવ્યા છે ?

કારભારી : ઝાઝે ભાગે અહીં જ એમનો પડાવ હોય છે. દસ–પંદર દિ રહી બે–ત્રણ દિ બહારગામ કાઢી આવે છે. પાંચમી પેઢીએ પણ આપના સગા રહ્યા એટલે અમારાથી તો એમને અક્ષરે કેમ કહેવાય ? — અને આપની મુલાકાતે એ આવત નથી !

ધીરસિંહજી : (ઠંડો ગુસ્સો કરી) એમ કેમ ચાલવા દેવાય ?

કારભારી : તો પછી એકાદ ખાતામાં એમને વળગાડી દો. આપનું એથી સારૂં કહેવાશે અને રાજ્યનું અનાજ એળે નહિ જાય.

ધીરસિંહજી : શાબાશ, કારભારી. ભારે તોડ કાઢ્યો.

[ફરી ઉધરસ સંભળાય છે.

કારભારી : બાપજી ! આપની મરજી હોય તો મને તો આથી યે સરસ તોડ સૂઝે છે — આખા રાજ્યની આબાદી વધી જાય એવો.

ધીરસિંહજી : (ઉમંગથી) બોલી નાખો.

કારભારી : (કરડી નજરે) એક દિ ફૂરસદ કાઢીને આ બધા અમલદારોને એકઠા કરો. પછી એક પછી એકને મળો.

જ્યાં જ્યાં ભૂલચૂક જણાય ત્યાં સઘળું સરખું કરો. ગોટાળિયા-ઓને ગામ છોડાવો. પછી જોઈ લો કે રાજ્ય કેવું ઊંચું આવે છે!

ધીરસિંહજી : પણ કારભારી, તમારે મારી સંગાથે રહેવું પડશે. બેસતા વરસે જે બધા સલામે આવે છે તેમાંથી કેટલાકને તો હું નામે નથી ઓળખતો.

કારભારી : ભલે બાપલા. આપનો હુકમ હશે એમ થશે.

[વળી ઉધરસ સંભળાય છે. એ નજીક આવી જણાય છે.

(ધીરેકથી) અને બાપુ, આમ કરશો એટલે રૈયતને લાગશે કે આપ રાજ્યકારભારમાં રસ લો છો. ઉપરાંત પેલા છાપાવાળાંનાં મોં બંધ થશે. એક કાંકરે અનેક પંખી મરશે.

[ખોં ખોં ખોં કરતાં કરુણસિંહ પ્રવેશે છે.

ધીરસિંહજી : (ઉભા થઈ) પધારો, પધારો.

[ધીરસિંહજી કરુણસિંહ સાથે ભેટ-ભેટા કરે છે.

કારભારી : (નમીને) પધારો. બાપુને ઘણી ખમ્મા.

કરુણસિંહ : બેઉ જણ — ખોં — ક્યારના ગુસપુસ ગુસપુસ — ખોં — શી વાતે વળગ્યા — ખોં — છો?

ધીરસિંહજી : કંઈ જબરી ઉધરસ ઊપડી છે ને શું!

[કરુણસિંહના બબ્બે ત્રણત્રણ શબ્દે આવતા ખોંખારા હવે નહિ નોંધીએ.

કરુણસિંહ : તમારી મહેમાનગતીમાં ક્યાં કોઈ દિ મણા હોય છે?

કારભારી : એટલે, બાપુ?

કરુણસિંહ : ગયે અઠવાડિયે અહીં આવી ગયો ત્યારનું ગળું પકડાયું છે. રોજ ને રોજ ગળપણ...

કારભારી : લ્યો, બાપુ. આવું શું બોલ્યા? આપને વાસ્તે તે મોળી રસોઈ હોય? સ્વાદિષ્ટ વાનીઓ જો આપ નહિ જમો તો શું ગરીબગુરબાં જમશે?

ધીરસિંહજી : કારભારી, કરુણસિંહ તો કહે. રસોડે ચાલે છે એમ ચાલવા દેજો. એમની ઉધરસ તો પાંચ–પંદર દિવસે આપોઆપ શમી જશે.

[કરુણસિંહ મનમાં મલકે છે.

અને કારભારી, મહેમાન ભલે મનમાં માને; પણ પખવાડિયા પહેલાં આ વેળા એમને જવા નથી દેવા.

કારભારી : ખમા ખમા બાપલા. હું જ આપને આ આ વિનતિ કરવાનો હતો. એ બે દિમાં ચાલ્યા જાય છે ત્યારે આપણો આનંદ અધવચ રહી જાય છે.

કરુણસિંહ : પણ...

કારભારી : (આડો હાથ ધરી) મારા સમ જો કાંઈ બોલ્યા તો.

કરુણસિંહ : પણ પછી અહીં રહેવું કેટલુંક?

ધિરસિંહજી : ક્યાં કોઈ પરાયાને ત્યાં આવ્યા છો? ગમે તેમ તો યે તમે અમારા ભાયાત. આખરે એક કુટુંબના. આપણી નસોમાં એક લોહી વહે છે. તમારા સુખે અમે સુખી. તમારા દુઃખે અમે દુઃખી. તમારી ઉધરસ સાંભળીએ ને અમારો જીવ દુભાય. તમને હસતા જોઇએ ને અમારૂં હૈયું ફુલાય.

[કરુણસિંહના હોઠ ઉપર હાસ્ય આવે છે

કારભારી : (તાળી પાડી) મારા બાપુની વાત સત્તર આની.

કરુણસિંહ : એ તો કારભારી, બાપુ અમને આમ હથેળીમાં ફૂલ જેમ રાખે છે એ અમારૂં સદ્‌ભાગ્ય છે. બાકી બીજે ઠેકાણે તો ભાઇથી ભાઇનું ગળું સલામત નથી હોતું.

કારભારી : (હથેળીમાં કપાળ ઢાંકી) બીજાં ઠેકાણાંને તો

સંભારશો જ નહિ. સાવજની વાતો થતી હોય ત્યાં શિયાળવાં સંભારીને શું કામ? એ તો મારા અન્નદાતા અહીં હાજર છે એટલે એમનાં વધારે વખાણ કરતાં હું અચકાઉં છું.

ધીરસિંહજી : પણ કારભારી, મહેમાનને રાજ્યનો વહીવટ કેમ ચાલે છે એ કેમ નથી બતાવતા?

કારભારી : જી. આપ હુકમ કરો એટલી વાર. હું તો એમાં બેવડો લાભ જોઉં છું. આપણા આમલદારોને કરુણાસિંહ બાપુનો લાભ મળશે. પરિણામે રાજ્યને ફાયદો થશે.

ધીરસિંહજી : ખરું કહ્યું, કારભારી. કરુણાસિંહજી! સાંભળ્યું ને? તમે જલદી પાછા જાઓ એમાં મને મજા ન આવે એ એક બાબત; અને રાજ્યને નફો ન થાય એ બીજી હકીકત.

કારભારી : બાપલા! હવે હું એમને એમ જવા શેનો દઉં?

કરુણાસિંહ : પણ...

કારભારી : અરે! એન્જિન આડો સૂઇ જાઉં.

કરુણાસિંહ : (નિઃસહાય જેમ) તો તો પછી મારે રોકાવાનું જ રહેશે ને?

ધીરસિંહજી : ત્યારે કારભારી! રાજ્યને સરસમાં સરસ સ્થિતિએ લઈ જવા વાસ્તે આ સુંદર તક સાંપડી છે. કેમ, કરુણાસિંહજી?

કરુણાસિંહ : અરે! ધારીએ તો પહેલા વર્ગ જેવું બનાવીએ. આવતા વરસથી એક સામટું અગિયાર તોપોનું માન મેળવીએ.

કારભારી : ફત્તેહ કરો, કરુણાસિંહજી બાપુ! ફત્તેહ કરો.

[આનંદનો અવધિ દર્શાવવા કારભારી બેઉ હાથે, જાણે રામધૂન લાગી હોય તેમ, ચપટીઓ વગાડવા માંડે છે—અને વગાડયે જ જાય છે. જૂદા જૂદા ભાવે ધીરસિંહજી તેને જોયા કરે છે.

૨

[ત્રણેક ખાનાંવાળું નાનું ટેબલ અને એની આસપાસ થોડીક ખુરશીઓ પડી છે.

ટેબલ પર કાગળિયાં અને કલમ વગેરે છે. કારભારી તેને વ્યસ્થિત રીતે ગોઠવે છે. ધીરસિંહજી ગંભીર વદને એક ઝૂલતી ખુરશીમાં હીંચકા ખાય છે.

કારભારી : (હાથ જોડી) મારા અન્નદાતા! આજે દયા ન ખાશો. રહેવાય તેટલા કડક રહેજો.

ધીરસિંહજી : (મક્કમતાથી) અરે! એવો સપાટો લગાવવો છે કે દરેકને પોતાની સ્થિતિનું ભાન થઈ જાય.

કારભારી : બરાબર, બાપલા. પછી સૌ સમજશે કે અહીંઆં આપ નામદારની સત્તા ચાલે છે અને બધા અમલદારો તો આપના સેવકો છે. આપનો પડતો બોલ ઝીલાતો જોતાં દિલ્હીની સરકારને ય ખાતરી થશે કે રાજ્યના તંત્રનો આધાર આપના આત્મબળ ઉપર છે અને બાકીના સૌ તો ચિઠ્ઠીના ચાકર છે.

ધીરસિંહજી : અરે કારભારી! બીજા બધાનું તો બરાબરાં પણ તમને તે કોઈ ચિઠ્ઠીના ચાકર કહી શકે? તમારી મદદ તો મને ડગલે ને પગલે મળી છે.

કારભારી : બાપજી, ફરજથી વિશેષ મેં ક્યાં કાંઈ કર્યું છે? — અને આપને એ યાદ છે એટલે મારે તેના ફળની ફિકર રાખવાની ન હોય.

[ધીરસિંહજી અબોલ બનવું પસંદ કરે છે. પણ એટલામાં તો —

અરે નામદાર! અત્યારે આપણા નગરશેઠ અહીં ક્યાંથી? આપે તો નથી બોલાવ્યા ને?

ધીરસિંહજી : ના, ના. પણ આવ્યા તો ભલે પધાર્યા. બે મિનિટ બેસીને ચાલ્યા જશે. તદ્દન શાન્ત સ્વભાવના છે.

[નગરશેઠ પ્રવેશે છે. એ અશાન્ત જણાય છે.

ધીરસિંહજી : આવો, શેઠિયા.

કારભારી : પધારો, નગરશેઠ.

નગરશેઠ : (ઉકળાટથી) પધારવું પડે એવું તમે કરો, પછી અમારો શો ઉપાય ?

ધીરસિંહજી : એટલે ?

નગરશેઠ : (નમ્રતાથી) નામદાર, મને મારી નાખવો હોય તો આ ગળું તમારૂં છે. પરંતુ આજે તો મારા મનનો ઊભરો ખાલી કર્યા પછી જ હું અહીંથી ખસવાનો છું.

કારભારી : (રોફ બતાવી) પણ એવું છે શું ? કોને માથે દુઃખના દાવાનળ સળગ્યા છે ?

નગરશેઠ : (પાઘડી ઉતારી, ધીરસિંહજીને) નામદાર ! આ મારે માથે અને રાજ્યની રૈયતને માથે.

ધીરસિંહજી : (સમજાવટથી) શેઠિયા, ધીરજ ધરો.

કારભારી : હા, શેઠ સાહેબ. મગજ ઉપર લોહી ચડી આવ્યું છે તેને અસલ સ્થાનકે ઊતરવા દો.

નગરશેઠ : (ધીરસિંહજીને) મારા બેલી ! મારે ઝાઝું કહેવાનું નથી. પરંતુ જે કહેવાનું છે તે ખુલ્લેખુલ્લું કહેવાનું છે. આ કારભારી સાહેબ બેઠા છે એટલે એઓ પણ જાણશે કે રાજ્યનો કારભાર કેવોક ચાલે છે !

કારભારી : પણ શેઠસાહેબ...

ધીરસિંહજી : કારભારી ! એમને કહી લેવા દો ને ?

[કારભારી મોં મરડે છે.

નગરશેઠ : શું કહું, મારા બાપુ ? — ને શું ન કહું, મારા બાપુ ?

કારભારી : (ચીડથી) જીભે આવે એ બધું.

નગરશેઠ : સાહેબ ! બધું જ બોલતાં જીભે શરમાઈ મરે.

[કારભારી અસ્વસ્થ થવા લાગે છે.

અને — અને જીવે અકળાઈ મરે.

[ધીરસિંહજી કારભારી સામે જૂએ છે. ચાર આંખ એક ન થવા દેવા કારભારી બીજે જૂએ છે. આ જોઈ નગરશેઠ શરૂઆત કરે છે.

અરે અન્નદાતા ! ગઈ કાલે ગામનું મહાજન મને મળવા આવ્યું હતું. કહે કે પહેરો પાઘડી ને પડો મેદાનમાં.

ધીરસિંહજી : (અચંબાથી) એટલે ? — કયા મેદાનમાં ?

કારભારી : શેઠિયા, મુદ્દાસર વાત કરો તો સારૂં.

નગરશેઠ : ખુશીથી. (છાતી પર હાથ ફેરવી) મહાજનનું એકેએક માણસ મુંઝાયું છે. રૈયતને લેશમાત્રની રાહત નથી. મને કહે કે ચાલો નામદારને કાને બધું નાખીએ. આપ સાંભળશો જ એવી એમને શ્રદ્ધા ખરી : પણ કદાચ ન સાંભળો તો, એ સૌ કહેતા હતા કે, અહીંથી હિજરત કરવી સારી.

ધીરસિંહજી : સાંભળ્યું કે, કારભારી ?

[કારભારી ઉત્તર નથી આપતા.

નગરશેઠ : નામદાર ! એ બિચારા બીજું શું કરે ? રાજ્યના એકે ખાતા તરફથી તેમને સુખ કે સંતોષ નથી. કોઈનાં જાન-

માલ ને ઘરબાર સલામત નથી. આવી સ્થિતિ ક્યાં સુધી સહી જાય?

[કારભારી દાંત કચકચાવે છે. ધીર-
સિંહજી આભા બને છે.

(હાથ લંબાવી) આટઆટલી ચોરીઓ થાય છે પણ તેમાંથી પકડાય છે કેટલીક? લોકોને તો વહેમ છે કે હરામખોરોની પીઠ પાછળ પોલિસ ખાતું છે!

ધીરસિંહજી : હંઅં કારભારી! નગરશેઠ શું કહે છે?— એ સાચું હશે?

કારભારી : (વાત ટુંકાવવા) આપણે તેની તપાસ કરીશું. પછી?

નગરશેઠ : પણ સાહેબ! ક્યાં ક્યાં ને કોની કોની તપાસ કરશો? રૈયત કહો તેટલો કર ભરે છે; પણ બદલામાં તેને શું સુખ મળે છે? શહેરની ગંદકી દિન પ્રતિદિન વધતી જાય છે. રસ્તાને નાકે નાકે દીવા ઉભા કર્યા છે : પરંતુ કયે દિવસે તેમાં તેલ પૂરાયું અને કયે દિવસે તેણે અજવાળું આપ્યું?

[નગરશેઠ થંભે છે.

કારભારી : બીજું કાંઈ કહેવાનું છે, નગરશેઠ?

નગરશેઠ : હા, હા, કારભારી સાહેબ. ખેડૂત પૂરેપૂરી વિઘોટી ભરે તો યે વહીવટદાર સાહેબને ત્યાં ઘઉંનો પોંક, કેરીનો પાક કે તાજું તાજું શાકપાંદડું તો જવું જ જોઇએ! રાજ્ય પૂરેપૂરો પગાર આપે તો યે દાક્તર સાહેબની ચિકિત્સાનો આધાર દરદીની ખીસાની ગરમીપર ટકી રહે! આ અન્યાયનો ન્યાય ક્યાં માગવો? જે ગુન્હાની સજા ચાર મહિના હોય તેની તપાસમાંજ ક્યારેક ન્યાયાધીશ સાહેબ ચાર વરસ ગાળે! એવે ઠેકાણે ન્યાય મળશે, કે અન્યાય દૂર થશે, એમ જો માણસ માને તો તેનાથી મોટો મૂર્ખ કોણ?

ધીરસિંહજી : કારભારી! નગરશેઠની ફરિયાદ ખોટી નથી.

કારભારી : (બાજી બદલી) અરે નામદાર! એ શું બોલ્યા? નગરશેઠની જીભેથી કોઈ દિ જૂઠું વેણ નીકળે જ નહિ.

નગરશેઠ : હા — આ — શ. મારા અન્નદાતા! આ કારભારી સાહેબ પણ મારૂં કહ્યું કબુલ રાખે છે એથી મને આનંદ થાય છે,

કારભારી : અરે શેઠિયા! આવા અંધેર સામે તમે અમારૂં ધ્યાન વખતસર ખેંચ્યું હોત...

ધીરસિંહજી : તો તો અત્યારે રૈયત રામરાજ્ય ભોગવતી હોત.

નગરશેઠ : બસ, મારા બાપુ! બસ. હું રાજી જીવે આપની રજા લઉં છું. જઈને મહાજનને હું વધામણી આપું છું કે દુઃખનાં વાદળ દૂર થઈને સુખનો સૂરજ ઊગવાની અણી ઉપર છે.

કારભારી : અમારી વતી આટલો સંદેશો અવશ્ય પહોંચાડજો.

ધીરસિંહજી : આજે ને અત્યારે જ હોં.

[નમસ્કાર કરતા કરતા નગરશેઠ અદૃશ્ય થાય છે.

કારભારી : જોયું બાપુ? આપણે જે પગલું ભરવા ધાર્યું છે તે કેટલું જરૂરનું છે? એકેએક અમલદારની અંગત જુબાની લેવાની મારી સલાહ કેટલી બધી કામની નીવડી?

ધીરસિંહજી : કારભારી! તમે તો મારા રાજ્યના રત્ન છો.

[થોડી વાર બન્ને શાન્ત રહે છે. એવામાં જાણીતી ઉધરસનો અવાજ આવે છે.

(હળવેથી) કારભારી, કરુણ બાપુને પોલિસ ઉપરી બનાવીએ તો?

કારભારી : ફક્કડ! ગમે તેમ તો ય રજપૂત લોહી! ને

તલવાર ને બંદૂક વાપરી તો જાણશે! હાલના ન્યાલચંદભાઈ તો પછાડની બીકે જાતવાન ઘોડું પણ નથી રાખતા!

[ધીરસિંહજી ખુશખુશ થાય છે. ઉધરસ ફરી સંભળાય છે.

(જોરથી) ઓ કરુણસિંહ બાપુ! અહીંઆં પધારો.

કરુણસિંહ : (પ્રવેશતા) આ આવ્યો.

ધીરસિંહજી : (હસતા જતા) કરુણ બાપુ, મારે તમને શુભ સમાચાર આપવાના છે.

કારભારી : તમે સ્વપ્ને પણ નહિ ધાર્યા હોય તેવા.

[કરુણસિંહને કંઇ અશુભની આગાહી થતી હોય તેમ તેમનો ચહેરો કહે છે.

ધીરસિંહજી : (ધીરે ધીરે) જુઓ, સાંભળો. આવતી કાલ સવારથી અહીંનું પોલિસખાતું તમારે સંભાળવાનું છે.

કરુણસિંહ : (ભડકી) પણ ન્યાલચંદ છે ને?

કારભારી : એ બીજે જશે. તેમની ફિકર તમે ન રાખશો. પણ પોલિસખાતાને લોકો લાંચિયા — ચાંચિયા ખાતાને નામે જે ઓળખે છે તે તદ્દન જુઠાણું છે એટલું તમે પૂરવાર કરી દેખાડજો.

કરુણસિંહ : (બીજું ન સૂજતાં) એમાં અઘરું શું છે?

ધીરસિંહજી : બસ ત્યારે. કરો ફતેહ.

[ત્રણે ચૂપ રહે છે. ધીરસિંહજી અને કારભારીના મનમાં એ મૂંઝવણ છે કે હવે કરુણસિંહને ત્યાંથી કેમ કાઢવા? કરુણસિંહનું મગજ તો, આવેલી આફત સહન શે થશે તેના વિચારમાં, પરોવાયું છે. પણ પછી વખત વીતતાં —

કરુણુસિંહ : બાપુ! આપને એક વાત પૂછવી ભૂલી ગયો. આપને શરીરે કેમ છે?

[ધીરસિંહજી પોતાના શરીર પર નજર નાખે છે.

કારભારી : આવું કેમ પૂછો છો, કરુણુસિંહ બાપુ?

કરુણુસિંહ : હું અંદર આવ્યો ત્યારે દાક્તર સાહેબ બેઠા હતા. આવવાનું કારણ પૂછ્યું તો કહે કે આપ નામદારે તેડાવેલ છે.

કારભારી : ખરી વાત. નામદારને એમનું ખાસ ખાનગી કામ હતું.

ધીરસિંહજી : (ખુરશી દેખાડી) અરે હા. સારૂં થયું કે તમે સંભાર્યું.

કારભારી : કરુણુસિંહ બાપુ, તમે તેમને જલદી અહીં મોકલો.

ધીરસિંહજી : હા, હા. જલદી જ જલદી.

[કરુણસિંહ કમને ઉભા થાય છે અને ધીરી ચાલે જાય છે. ધીરસિંહજી અને કારભારી એકબીજા સામું જોઈ હસે છે.

કારભારી : (ધીરે સાદે) બાપલા, આ દાક્તરને તો દેખો એવો ખખેરી નાંખજો. સાંભળ્યું છે કે મગજમાં ખૂબ ખુમારી રાખે છે. આપ ઉતારી નાખજો.

ધીરસિંહજી : પણ તમે ટાપશી પૂરવાનું ન ભૂલતા.

કારભારી : જેવો હુકમ.

[દાક્તર દાખલ થાય છે.

દાક્તર : (સલામ ભરી) નામદાર !

ધીરસિંહજી : (છંછેડાઈ) શું નામદાર? સલામ ભર્યે શું વળ્યું?

દાક્તર : (નવાઈથી) મારા નામદાર, કાંઈ એકદમ આમ ? મારો કંઈ ગુનો ?

કારભારી : (ખંધાઈથી) લ્યો ! હજુ તો ગુનો સંભારી દેવાનું કહે છે !

ધીરસિંહજી : (જોરથી) ગુનો મારો એકલાનો નથી કર્યો.

કારભારી : હંઅ. આખા રાજ્યની ફરિયાદ છે કે દાક્તરસાહેબ તદ્દન બેદરકાર માણસ છે.

દાક્તર : પણ...

ધીરસિંહજી : મારે નથી સાંભળવું.

કારભારી : હંઅ. તમારાથી નોકરી ન થાય તો ના પાડી દો.

દાક્તર : (મુંઝાઈ) મેં ક્યારે એવું કહ્યું ?

કારભારી : તો પછી સંતોષથી ને સાફ દાનતથી નોકરી કરો. દરબારી દવાખાનું એ સેવાનું સ્થળ છે, રૂપિયાની ટંકશાળ નથી.

ધીરસિંહજી : સમજ્યા, દાક્તર ?

દાક્તર : જેવી આજ્ઞા.

કારભારી : અને જુઓ. તમને ચાલુ રાખીએ છીએ: પણ પેલા જનાવરના દવાખાનાવાળાને ઘેર બેસવાનું છે. એટલે તેમની જગા તમારે સંભાળવી પડશે.

ધીરસિંહજી : છે કબુલ ?

દાક્તર : ભલે, બાપુ.

ધીરસિંહજી : તો જાઓ. લોકોના રોગ તરફ પૂરતું લક્ષ્ય આપજો.

કારભારી : અને એમનાં ખિસ્સાંની સંભાળ પડતી મૂકજો.

[દાક્તર ફક્ત સાંભળી રહે છે.

ત્યારે જાઓ, દાકતરસાહેબ. ન્યાયાધીશ સાહેબ આવ્યા હોય તો તેમને અહીં મોકલો.

[દાકતર ઢીલા પગલે પાછા ફરે છે.

(એકદમ આનંદમાં આવી) ભારે કરી! મારા બાપલાએ ભારે કરી! દાકતરની તાકાત નથી કે હવે વાંકાચૂકા થાય.

ધીરસિંહજી : (નયન નચવી) કારભારી, ભલાઇની આ દુનિયા જ નથી.

કારભારી : વાહ! મારા નામદારે લાખ રૂપિયાનું વેણુ કાઢ્યું.

[આમતેમ જોતા, જરા ગભરાતા ન્યાયાધીશ દાખલ થાય છે ને મૂગે મોંએ ધીરસિંહજીના પગમાં પડે છે.

ધીરસિંહજી : ઊભા થાઓ, ઊભા થાઓ.

[ન્યાયાધીશ ઊભા થાય છે.

ન્યાયાધીશ : નેક નામદારની શી આજ્ઞા?

કારભારી : નામદાર બે જ શબ્દોમાં બોલે તો તમને એમ કહે કે ન્યાય કરો.

ન્યાયાધીશ : એ જ મારી ફરજ...

કારભારી : પણ અમલમાં ક્યાં મૂકો છો?

ધીરસિંહજી : નગરશેઠ કહેતા હતા કે સાવ સાધારણ બાબતનો ન્યાય તોળતાં તમને ચાર વરસ ચાલ્યાં જાય છે.

કારભારી : હુંઅં. તમે જૂના માણસ છો એટલે જોરથી કહેવાતું નથી. તમારે ઠેકાણે કોઈ બીજો હોત તો તેને ક્યારનો ઠેકાણે કરી નાખ્યો હોત.

ન્યાયાધીશ : મારાં ભાગ્ય.

કારભારી : (ખાનગી જેમ) ન્યાયાધીશ સાહેબ, તમને તો

અમે ઊંચે હોદ્દે લઈ જવા માગીએ છીએ. કેળવણીખાતામાં ઠરેલ માણસની જરૂર છે. ચાર મહિનાથી જે નવા વિદ્યાધિકારી નિમાયા છે તે તો રોજરોજ નવી યોજનાઓ મોકલવામાં જ પાવરધા જણાય છે. પણ યોજનાઓ ઘડવામાં એ એટલા મગ્ન રહે છે કે એકેયને અમલમાં મૂકવાનું એમને સાંભરતું નથી. એટલે અમે એમ નક્કી કર્યું છે કે એમને કોઈ બીજું ખાતું ભળાવવું — દાખલા તરીકે જેલનું. ત્યાં કેદીઓને સુધારવાની યોજના ઘડશે એ પહેલાં કેદીઓ જ એમને સુધારશે.

ધીરસિંહજી : ટૂંકામાં, ન્યાય ઉપરાંત કેળવણીનું કામ પણ તમારે કરવાનું છે. થશે ને ?

ન્યાયાધીશ : અન્નદાતા ! આપની આજ્ઞા એટલે વિધિના અક્ષર.

કારભારી : બસ. બરાબર બોલ્યા. પણ બોલ્યું પાળજો ખરા.

ધીરસિંહજી : (આતુરતાથી) શું કહ્યું, કારભારી ? મારાથી પૂરું ન સમજાયું.

કારભારી : હું એમ કહેતો હતો કે ભાઈ બબ્બે ખાતાં માથે લે છે તે ખુશી થવા જેવું છે. પણ પછી એ સારી રીતે પાર પાડવા માટે તેમણે તનમન પરોવવાં પડશે. વળી ન્યાયની બાબતમાં ખાસ બહાદુર બનવું પડશે. સાંભળ્યું છે કે ઇજનેરસાહેબે રસ્તા ઉપર જે ગાબડાં પડાવ્યાં છે તેથી મોટાં ગાબડાં તેમણે રાજ્યની તિજોરીમાં પાડ્યાં છે. આ કાંઈ એમ ને એમ જતું કરાશે ?

ધીરસિંહજી : ના રે ના.

કારભારી : એટલે આપ નામદારની આજ્ઞા થાય તો એમને અદાલતમાં ઊભા કરીએ. નહિતર એમની મિલકત વગેરે કબજે કરી પાણીચું આપીએ.

ધીરસિંહજી : બીજો માર્ગ વધારે સારો છે.

કારભારી : ત્યારે ન્યાયાધીશ સાહેબ, તમારે માથેથી એટલી

મહેનત ઓછી થાય છે. હવે ન્યાયના નિકાલમાં કદિ ઢીલ ન કરતા. તમ સરખા અમલદારને આટલું કહેવું પણ વધારે પડતું છે.

ન્યાયાધીશ : (ઉત્સાહ લાવી) નામદાર ! બીજો કશો હુકમ ?

ધીરસિંહજી : હાલ તરત તો નથી.

કારભારી : પરંતુ ભવિષ્યમાં નામદારને કોઈ આકરો હુકમ ન કાઢવો પડે એટલું સંભાળજો.

[ન્યાયાધીશના ઉત્સાહમાં ઓટ આવે છે.

ધીરસિંહજી : (કટકે કટકે) ઠીક, કામ હશે ત્યારે કહેવરાવીશ.

[ન્યાયાધીશ જવા લાગે છે.

કારભારી : અરે ન્યાયાધીશ સાહેબ ! બહાર કોઈ બેઠું હોય તો મોકલજો.

[ન્યાયાધીશ મૌન હા ભણી જતા રહે છે.

ધીરસિંહજી : કારભારી, આજે સરસ કામ થયું.

કારભારી : આપ જાતે તસ્દી લો પછી કેમ ન થાય ?

ધીરસિંહજી : પણ કારભારી, ઇજનેરને ઠેકાણે કોને ગોઠવીશું ? દાકતરનો ને જનાવરના દાકતરનો મેળ જેમ ઉતાર્યો તેમ આમાં કાંઈ થાય એમ નથી ? તો એક અમલદારનો પગાર બચે.

કારભારી : વાત વ્યાજબી છે, નામદાર. હું એકાદ આગળ દાણો દાબી જોઇશ. ઇજનેરીનાં ચાર ચોપડાં તો ગમે તે ગોખી શકશે.

ધીરસિંહજી : (દાણો દાબી) કોઈ નહિ તો તમે.

કારભારી : (સમય સાચવી) એમાં શક શું ?

[પટાવાળો પ્રવેશ કરે છે. વળાય તેટલું નીચે વળીને સલામ ઝુકાવે છે.

(આશ્ચર્યથી) અલ્યા ! તું કેમ આવ્યો ?

પટાવાળો : (ડઘાઇને) મને ન્યાયાધીસસાબે મોકલ્યો.

કારભારી : (ચીડથી) બહાર બીજું કોઇ બેઠું નથી ? વહીવટદાર સાહેબ...

પટાવાળો : એ તો સાબ, એમની કાકીની કાણે...

કારભારી : (પગ પછાડી) ક્યારે ?

પટાવાળો : આજ પરોઢિયે.

ધીરસિંહજી : (રોફમાં આવી) તદ્દન રજા વગર ? કારભારી ! એમને લખી નાખો કે પાછા આવવાની જરૂર નથી. એકને આમ કાઢીશું એટલે બીજાઓને બોધ મળશે...

કારભારી : (ગંભીર જવાબદારીથી) અને ફરજ, વ્યવસ્થા, નિયમિતતા વગેરેનું ભાન આવશે. કોઇ પણ રાજ્યની ચડતી માટે આ ગુણો અતિ આવશ્યક છે. જ્યારે જ્યારે કોઈ પણ રાજ્યની પડતી થઇ છે ત્યારે તેના મુખ્ય કારણ તરીકે આ ગુણોનો અભાવ આપણે જોઇએ છીએ. ઇતિહાસમાંથી એના અનેક દાખલા જડશે. મોટામાં મોટો...

[ધીરસિંહજીને આમાં રસ નથી તેની ખાતરી આપતું બગાસું કારભારીની વાતને અહીંથી અટકાવે છે.

ધીરસિંહજી : પટાવાળા ! હુક્કો લાવ.

[પટાવાળો દોડી જાય છે.

કારભારી ! આજે આટલું બસ છે. હવે આળસ આવે છે.

[ધીરસિંહજી બીજું બગાસું ખાય છે.

કારભારી : મારા અન્નદાતા ! એ આળસ નથી, થાક છે (ખુબીથી) થાક. કેમ ન લાગે ? આજે આપે ઓછો શ્રમ લીધો છે ? આરામ કરો, મારા બાપલા ! આરામ કરો.

[જાણે ખરેખર શ્રમ પડયો હોય તેમ ધીરસિંહજી પોતાનું માથું બે હાથમાં સમાવી રાખે છે અને આંખો મીંચી દે છે.

કારભારીના હોઠ ઉપર કૃત્રિમ હાસ્ય આવી વસે છે.

૩

[કારભારી અને કરૂણસિંહ ખાનગીમાં વાતો કરતા જણાય છે.

કરુણસિંહ : (દીનતાથી) કારભારી સાહેબ, તમે ભારે કરી. મારે માથે દુઃખનાં ઝાડ ઉગાડ્યાં એમ કહું તો ચાલે. નોકરી કરવાનાં અમારાં ગજાં છે? આ આટલા વરસ સુધી જાણે ચાકરી કેવી આકરી છે એ જાણ્યું નહોતું — અરે! જાણ્યું તો નહોતું પણ જોયું યે નહોતું — તેને આવી ઉપાધિમાં ક્યાં નાખ્યો? મહિના દહાડામાં મારૂં વીસ શેર જેટલું વજન ઘટી ગયું. રોજનું ઓછામાં ઓછું દોઢ શેર લોહી બળતું હશે.

કારભારી : (નિરૂપાય જેમ) પણ હવે એનું કરવું કેમ?

કરુણસિંહ : બાજી તમારા હાથમાં છે. બાપુ તમારો પડતો બોલ ઝીલે છે.

કારભારી : પણ તેથી શું વળ્યું?

કરુણસિંહ : બધું. કારભારીસાહેબ, કોઇ પણ રીતે મને છુટો કરો. પોલિસની તે કાંઇ નોકરી છે? ચોવીસે કલાક ચેતતા રહેવાનું! નામદાર ફરવા નીકળવાના છે એમ જાણીએ કે સૌએ પોશાક પહેરીને કલાકો સુધી ઊભે પગે આંટા મારવાના! ગામમાં સરઘસ ગોઠવાયું હોય તો તોફાન ન થાય તેની સંભાળ સારૂ અમેના અમે! એક ઘેર ચોરી થાય ત્યાં અમારે ચોકીએ ચોકીએ ખબર કરવાની! કોઇની બાયડી ભાગી જાય કે કોઇની દીકરીને ભગાડી જાય તો શોધી આપવાનું કામ અમારૂં! સાહેબ, અમારી તે કાંઈ જીંદગી છે?

કારભારી : કરુણબાપુ, તમારી મુશ્કેલીઓ હું જાણું છું. પરંતુ મારી મુશ્કેલીઓ તમે જાણો છો ?

કરુણસિંહ : (કંટાળો દેખાડી) મારે જાણવી નથી. હું તો આ નાગની ચૂડમાંથી છૂટવા માગું છું.

કારભારી : પણ તમારે ઠેકાણે કોઇ ભરોસાલાયક માણસ મળવો જોઇએ ને ?

કરુણસિંહ : એટલે ? નિમકહલાલ નોકરી કરી તેનો આવો બદલો ?

કારભારી : આ સવાલ નામદારને પૂછી જોજો. એમના સંબંધ અંગે આપને નોકરી આપવામાં આવી હતી.

કરુણસિંહ : (ધુંધવાઈ) પણ અસલ માણસને ખાતું પાછું સોંપવામાં તમને શો વાંધો છે ? ન્યાલચંદભાઈ...

કારભારી : કરુણ બાપુ, આપને આજુબાજુની કશી ખબર નથી. (નજીક જઇ) ન્યાલચંદ હાલ કયાં છે, અને શું કરે છે, તેની તમને ખબર છે ?

કરુણસિંહ : (ડઘાઈ) ના.

કારભારી : અહીંથી છૂટા થયા પછી એમને માથે એક આખો યુગ વીતી ગયો.

કરુણસિંહ : એટલે ?

કારભારી : હાથમાં સત્તા હતી ત્યારે આસપાસના રાજ્યમાં પણ પોતાનો પ્રભાવ પાડેલો. આપણી સામે તકરાર ન વહોરવા વાસ્તે એ વખતે કોઈ બોલેલું નહિ. પરંતુ જ્યારે જાણ્યું કે ન્યાલચંદભાઈ નવરા પડ્યા છે ત્યારે, પોતાની હદમાં બોલાવવાની પેરવી રચી, પહેલી તકે બેડીઓ પહેરાવી દીધી.

કરુણસિંહ : (ઉભા થઇ જઈ) હેં ? હેં ?

કારભારી : (શાન્તિથી) હા, હા, કરુણબાપુ. બધે હોદ્દાને માન છે. હોદ્દો ગયો એટલે માણસ માટીના મૂલનો.

[કરુણસિંહ વિચારમાં પડે છે. હોદ્દાનું મહત્વ એના મનમાં વસતું જણાય છે.

એટલે કરુણબાપુ, મારી તમને વિનતિ છે કે જે પગલું લો તે જોઈ વિચારીને લેજો. પાછળથી પસ્તાવાવારો ન આવે.

[કરુણસિંહને કશી સૂઝ નથી પડતી. જાણે વધુ ને વધુ ગુંચવાતા હોય તેમ તેમના ચહેરાપરથી ચોખ્ખું વરતાય છે.

(સાવ શાન્તિથી) બાકી જાઓ તો રાજ્યનું શું થાય; એ બહુ બીવા જેવો સવાલ નથી.— એમ તો તમે કહ્યા વગર ચાલ્યા જાઓ તો અમારાથી શું થાય ? પાછળ પોલિસ કાંઈ દોડાવાય ?— એમ તો, ન કરે નારાયણ ને, તમને એકાદ ભારે અકસ્માત નડે, એથી કાંઈ રાજ્ય ઓછું જ લૂલું થઈ જાય ?

કરુણસિંહ : (બી જઈ) કારભારી ! તમારી વાતોથી હું ત્રાસું છુ. હું બીજું ન સમજું. મારે આ માયામાંથી છૂટવું છે. કહેશો તો ફરી આ ગામમાં પગ નહિ મૂકું. અરે ! આ દિશામાં નજર નહિ નાખું.

કારભારી : (વિચાર ચલાવી) કરુણબાપુ, બીજું તો શું કરૂં ? પણ ઘડીબઘડીમાં બાપુ અહીં પધારવાના છે. તમે એમને અરજ ગુજારી જુઓ.

કરુણસિંહ : અરે ! ના, ના. એમની જોડે મને વાત કરતાં ન આવડે. મારી વતી તમે જ કહેજો. મારાપર ભારે ઉપકાર થશે. એની કિંમત હું નહિ ભૂલું.

કારભારી : (આનંદથી) એમ ?— મારા ઉપકારની કિંમત તમે કરી જાણશો ?

કરુણુસિંહ : (થાકથી) અરે! જે કહેશો તે કરીશ.

કારભારી : ઠીક. તો તમે જાઓ. રસ્તામાં બાપુનો ભેટો ન થઈ જાય એટલું સંભાળજો.

કરુણુસિંહ : જરૂર, જરૂર.

[કરુણસિંહ ઊપડી જાય છે.

કારભારી : હા...આ...શ!—એ છૂટયો ને હું છૂટ્યો! જીવનભરના આળસની સત્તા પણ કેટલી પ્રબળ છે કે પછી માણસને કશા જ કાર્ય માટે લાયક રહેવા દેતી નથી!

[ધીરસિંહજી આવે છે. તેમની સાથે દાકતર અને ન્યાયાધીશને લાવે છે.

(લળી લળી) પધારો, બાપજી! પધારો.

ધીરસિંહજી : (આંગળી ચીંધી) આ બે અમલદારોને પણ રસ્તામાંથી લેતો આવ્યો.

કારભારી : ઉત્તમ વાત, મારા નામદાર.

ધીરસિંહજી : બોલો, દાકતર. શા ખબર છે?

દાકતર : નામદાર, ખાસ ખબર કાંઈ નથી.

કારભારી : ઢોરનું કામ ફાવે છે ને?

દાકતર : (હોંશથી) જેવું કહીએ તેવું. આગલે મહિને પાંચ ઘોડાં ને ત્રણ બળદનું મરણ પ્રમાણ હતું. આ મહિને બે ગધેડાં ને એક પાડાનું થયું છે.

ધીરસિંહજી : ત્યારે તો ખાતું ઘણું સુધર્યું.

કારભારી : લાયક માણુસ મળે પછી કેમ ન સુધરે?

ન્યાયાધીશ : સાવ સાચી વાત.

ધીરસિંહજી : અને માણુસનું દવાખાનું સીધું ચાલે છે ને?

કારભારી : એનુ મરણ પ્રમાણ ?

દાકતર : (મોં બગાડી) જરા એવુંતેવું. ગયે અઠવાડિયે શીતળાનો ભારે ઉપદ્રવ હતો. ચાલીસ વરસ ઉપરના બે આદમીને શીતળા નીકળેલાં ! એમાંથી એકને હું માંડમાંડ બચાવી શકયો.

કારભારી : (કડકાઈથી) પણ માસિક મરણ પ્રમાણ!— એના આંકડા ?

દાકતર : (બીતાં જતાં) ગયે મહિને ચાર પુરુષ, પાંચ સ્ત્રી અને નવ બાળક.

ધીરસિંહજી : (ગણતાં) ચાર ને પાંચ નવ, ને નવ અઢાર. અને આ મહિને ?

દાકતર : આ મહિને પાંચ પુરુષ, ચાર સ્ત્રી અને એકવીસ બાળક.

ધીરસિંહજી : અધધધ ! આટલાં બધાં શે ગણાય ?

ન્યાયાધીશ : લ્યો નામદાર, હું ગણું. પાંચ ને ચાર નવ, ને એકવીસ ત્રીસ.

કારભારી : દાકતર ! આ રીત છે ? પાંચ પશુ બચાવીને બાર માનવી માર્યાં ? આનું નામ સુધારો ?

ધીરસિંહજી : દાકતર, આવું થાય પછી અમારે તમારો પગાર કઈ રીતે વધારવો ?

[દાકતરથી ઉત્તર અપાતો નથી.

કારભારી : બોલો, ન્યાયાધીશ સાહેબ. તમારી કેમ બાબત છે ?

[ન્યાયાધીશ ખિસ્સામાંથી કેટલાંક કવર આપે છે.

(કરડાઈથી) રાજીનામું નથી ને ?

ન્યાયાધીશ : ના જી.

ધીરસિંહજી : ત્યારે ?

ન્યાયાધીશ : નામદાર ! કહેતાં મારી જીભ નથી ઉપડતી. કારભારી સાહેબ વાંચીને આપને હકીકત કહેશે.

[ધીરસિંહજી કારભારી સામે જુએ છે. કાગળો વાંચતાં કારભારીની આંખો ઉંડી ઊતરતી હોય છે.

ધીરસિંહજી : કારભારી ! એવું શું છે ?

કારભારી : પૂરૂં ઊકલતું પણ નથી !

ધીરસિંહજી : (ન્યાયાધીશને) તમને તો ઊકલ્યું છે ને ?

[ન્યાયાધીશ શીરથી હા ભણે છે.

તો તમે જ કહો.

ન્યાયાધીશ : નામદાર ! આપની આજ્ઞા અનુસાર મેં એકબે હરામખોરોને ફાંસીની સજા કરી.

ધીરસિંહજી : સારૂં કર્યું.

ન્યાયાધીશ : અન્નદાતા ! હજુ ફાંસી દેવાઈ નથી એ પહેલાં તો મારા પર ધમકીના કાગળ વરસ્યા ! આપની આગળ તો હું નમૂનાના બેચાર જ લાવ્યો છું.

કારભારી : મારા અન્નદાતા ! રાજ્યમાં દાદાગીરીનું જોર ખૂબ જ જામ્યું હોય એમ જણાય છે. જ્યાં ફોજદારી ઢીલી ત્યાં દાદાગીરી લીલી.

ધીરસિંહજી : (અવાજથી) તો કરુણબાપુને કહો કે કોરડો કડક કરે. નહિતર નોકરી ખોશે.

કારભારી : નામદાર, એમની કથની હું પછીથી કહીશ. શાન્તિથી સાંભળવા જેવી છે.

ધીરસિંહજી : (શાન્ત થઈ) ભલે.

કારભારી : (કાગળ દેખાડી) પણ બાપુ, આ બાબતનો ઉકેલ જલદી કરીએ. લખનાર લોકો ન્યાયાધીશ સાહેબને જાનથી મારી નાખવાની ધમકી આપે એ તો જાણે સમજ્યા: પણ આખી અદાલત બાળી મૂકવાનું કહે છે એનું શું કરવું?

[દાકતર અને ન્યાયાધીશ સામસામું જૂએ છે.

ધીરસિંહજી : (મક્કમતાથી) એમની સામે રીતસર કામ ચલાવો. ન્યાયાધીશ! કાયદાની કઈ કલમ લાગુ પડે એમ છે?

[ન્યાયાધીશ સંભારવાનો ડોળ કરે છે.

કારભારી : અરે બાપલા! એકે કલમ કામ આવે એવી નથી.

ધીરસિંહજી : એટલે?

કારભારી : એકે ય કાગળમાં નીચે સહી હોય તો ને?— પકડશું કોને?

ધીરસિંહજી : કારભારી! બધા વાણિયા-બ્રાહ્મણ હશે. રજપૂતની આ રીત નહિ. નામ આપતાં જે બીવે એનાથી આપણે બીવું?

[કારભારી ચૂપ રહે છે. દાકતર અને ન્યાયાધીશને તો કાંઈ અભિપ્રાય હોય એવું રહ્યુ નથી.

કારભારી : (સહમત થઈ) ખરૂં કહ્યું, બાપુ. હું તો એવી હજારો ધમકીને ઘોળીને પી ગયો છું.

ધીરસિંહજી : (દાકતર અને ન્યાયાધીશને) ધંધામાં ધ્યાન રાખજો.

[નમસ્કાર કરતા કરતા બન્ને જાય છે.

કારભારી : બાપુ, શું થવા બેઠું છે તેની સૂઝ નથી પડતી. દાકતર એવા મળ્યા છે કે જેની જનાનરમાં વિશેષ નજર ખૂંચે છે.

ધીરસિંહજી : જાણે ઉંટવૈદ્ય!

કારભારી : ન્યાયાધીશ એવા નીકળ્યા કે જે નનામી ચીઠ્ઠીઓથી ડરી ગયા.

ધીરસિંહજી : વાણિયાવેડા!

કારભારી : અને કરુણબાપુ જોતજોતામાં કંટાળી ગયા. જીંદગીમાં કોઇ દિ પાઇનો પરસેવો વાળેલો નહિ એટલે આટલી વારમાં અકળાઇ ગયા. આપની રજા લેવા અહીં આવ્યા હતા. કહેતા હતા કે પછીથી આ ગામમાં પગ મૂકવો હરામ. (આંખ મીંચી) બાપજી, આપણે ધાર્યું હતું તેવું થયું ખરૂં.

[ધીરસિંહજીના મુખપર સહજ પ્રસન્નતા પથરાય છે. એટલામાં નગરશેઠ આવતાં એ ઊડી જાય છે.

ધીરસિંહજી : (વિવેક પૂરતું) આવો, શેઠિયા.

કારભારી : પધારો, શેઠજી.

[નગરશેઠ બન્નેના ચહેરાનો અભ્યાસ કરે છે.

શેઠજી, શી આજ્ઞા?—હવે તો સૌને સંતોષ છે ને?

નગરશેઠ : સંતોષ કેવો ને વાત કેવી? માથાં બદલાયાં પણ અક્કલ એની એ રહી!

ધીરસિંહજી : એમ?

નગરશેઠ : ઉલટું ગામ રોયું એ વ્યાજવટાવમાં.

ધીરસિંહજી : એટલે?

નગરશેઠ : એમ કે વહીવટદાર ગયા તો ખરા, પણ ગામના પૈસા હજમ કરતા ગયા!

ધીરસિંહજી : હેં એ?

કારભારી : નામદાર ! એમ તો આપણને પણ નવરાવ્યા છે. ચાર ગામની વીઘોટીની ઊપજ ઓહિયાં કરતા ગયા છે. ચોપડે ચડાવેલી જ નહિ !

ધીરસિંહજી : (જડની જેમ) પણ એની પાસેથી તમે હિસાબ નહોતો લીધો ?

કારભારી : પણ નામદાર! આપે મને હુકમ કર્યો હતો કે મારે તેને તરત પત્રથી લખી નાખવું કે કાકીની કાણમાંથી પાછા આવવાની જરૂર જ નથી. એટલે આ મોંકાણ થઈ ગઈ.

ધીરસિંહજી : (ઠંડા થઈ) તો તો તમારી ભૂલ ન કહેવાય.

કારભારી : અન્નદાતા ! ભૂલ કોઈની નહિ. સૌને ઈશ્વર ભૂલાવે છે.

નગરશેઠ : અને ભૂલાવે છે ત્યારે પાછું વાળી નથી જોતો.

[આનો અર્થ કારભારી સમજે છે : બાકી ધીરસિંહજીને કાંઈ ગમ પડતી નથી.

કારભારી : શેઠિયા ! કાંઈ જાણવા જોગ ?

નગરશેઠ : નામદાર ! ગમે તેમ તો યે મેં આપનું લૂણ ખાધું છે. એટલે આપને હરામ થવાનો મને હક નથી. એટલું જ નહિ પણ એવી વાત ક્યાંક થતી હોય તો આપનું ધ્યાન ખેંચવાની મારી પહેલી ફરજ છે.

કારભારી : (મલકી) જોયું ને, નામદાર ? નગરશેઠ ગમે તેટલો ગુસ્સો કરે તો યે એ આપણા તે આપણા.

ધીરસિંહજી : ખરૂં કહું ?—મને તો એમનો ગુસ્સો યે ગમ્યો લાગે છે !

પહેલાં ધીરસિંહજી હસે છે. પછી કારભારી અને નગરશેઠ ભળે છે.

કારભારી : શેઠજી, તમે શું કહેતા હતા?

નગરશેઠ : એ દિવસથી ગામમાં એક ભાઈ આવ્યા છે. ભપકાબંધ રીતે એક ઘેરથી બીજે ઘેર રખડે છે.

ધીરસિંહજી : ગાંડો તો નથી ને?

નગરશેઠ : ના જી. કાલે મારે ત્યાં આવ્યો હતો. કહે કે પોતે 'દેશસેવક' નામના છાપાનો પ્રતિનિધિ છે. આ રાજ્યના જુલમ તેને જાણવા છે.

ધીરસિંહજી : (તરત) તમે તે કહ્યા?

નગરશેઠ : ના રે ના, નામદાર.

કારભારી : પછી?

નગરશેઠ : પછી એ જુલમ એકઠા કરીને તેને 'દેશસેવક'માં છાપવા છે.

ધીરસિંહજી : કારભારી, આ છાપું આપણી હદમાં આવતું હોય તો તેની સામે મનાઈહુકમ કાઢજો.

કારભારી : અન્નદાતા, એટલે વાત પહોંચે પછી ને?— શેઠજી, એ ભાઇને તમે શી સલાહ આપી?

નગરશેઠ : આપની રૂબરૂ થવાની. આપની નિખાલસતાનાં, સહૃદયતાનાં મેં એટએટલાં ભારોભાર વખાણ કર્યાં છે કે આપને મળવા એ તલપાપડ થઈ રહેલ છે.

કારભારી : સરસ કામ કર્યું.

નગરશેઠ : મને એની સો ટકા શ્રદ્ધા હતી. હવે એ જીવતો જાય ત્યારે ખરો.

ધીરસિંહજી : (ખુશ થઈ) કારભારી, તમારી તો બધે હાક બોલતી લાગે છે!

[કારભારી મલકતું મૌન સેવે છે.

નગરશેઠ : અન્નદાતા, રજા લઉં છું.

ધીરસિંહજી : ખુશીથી. આવું આવું કાંઇક કામ નીકળે ત્યારે આવતા રહેજો.

કારભારી : નગરશેઠને એમાં કહેવું ન પડે, નામદાર. એમની ખાનદાનીથી તો રાજ્યના પાયા મજબુત છે.

[કારભારી અને નગરશેઠ આંખના ઈશારાથી થોડુંક સમજી લેછે. પછી નગરશેઠ પ્રફુલ્લ હૃદયે અને પ્રાણવાન પગલે જાય છે.

ધીરસિંહજી : (લગીર મુંઝવણથી) કારભારી, પેલો આપણી ચારે કોર વગોવણી કરશે તો ?

કારભારી : (વિના ચિંતા) કર્યાં કર્યાં હવે. એની જોડે કળથી કામ લેવું છે. નગરશેઠની માફક આપ પણ મારામાં સંપૂર્ણ વિશ્વાસ રાખો અને જુઓ કે આપનો કારભારી કેવો છે !

[ધીરસિંહજી સમજ વગર હસે છે.

મારા બાપુ! હું ગમે તેવું ગપ્પું મારૂં તો યે આપ આકુળ-વ્યાકુળ ન થશો. પૂરેપૂરી વાતો કઢાવવા મારે વેશ પણ કરવા પડે.

ધીરસિંહજી : (હિંમતથી) ભલે કરવા પડે.

[પટાવાળો પ્રવેશે છે.

કારભારી : કેમ આવ્યો ?

પટાવાળો : કોઈ સાબલોક જેવો આવ્યો છે. નામ પૂછ્યું તો આ ચીઠી આપી.

[કારભારી વિઝિટિંગ કાર્ડ વાંચે છે.

કારભારી : બાપુ, એ બી. એ. થએલો લાગે છે.

ધીરસિંહજી : (અશાન્તિથી) તો જતો એકલી એ[illegible] બોલી વાપરશે !

કારભારી : (શાન્તિથી) જો જો તો ખરા. (પટાવાળાને) એને અહીં આવવા દે.

[પટાવાળો જાય છે.

અન્નદાતા, આપ હવે જોયા કરજો.

ધીરસિંહજી : હાં, કારભારી.

[પ્રતિનિધિ પ્રવેશે છે. છેલ્લી ઢબનો એનો પોશાક છે. આંખનાં ચશ્માં, પગનાં બૂટ, હાથની બેગ વગેરેથી સામાને આંજવાનો એ જે યત્ન કરે છે તે છાનો નથી રહેતો.

કારભારી : પધારો મહેરબાન, બેસો.

[પ્રતિનિધિ ખિસામાંથી રેશમી રૂમાલ કાઢે છે.

પ્રતિનિધિ : (મોં લૂછતાં) આભાર થયો.

કારભારી : આપ કઈ સાલમાં બી. એ થયા ?

પ્રતિનિધિ : (જરા સંભારી) ઓગણીસસો ત્રીસ — અરે ! એકત્રીસમાં. કેમ પૂછવું પડયું ?

કારભારી : (મોં કટાણું કરી) વખત બહુ બૂરો આવ્યો છે ને ? — જ્યાં જુઓ ત્યાં બેકારી ! — બી. એ ની કિંમત પચીસે આવી ગઈ !

[પ્રતિનિધિને આ પસંદ નથી પડતું. ધીરસિંહજીને આ સહન કરવાનું છે.

પ્રતિનિધિ : આ બાપુ કોણ છે ?

કારભારી : (બીજી બાજુ જોઈ) ન ઓળખ્યા ? અમારા પોલિસઉપરી.

[ધીરસિંહજીના શરીરમાં જરાક હલન-ચલન થાય છે. પણ પ્રતિનિધિ તો બે પગે થઈ જાય છે.

પ્રતિનિધિ : શું કહ્યું, સાહેબ ?

કારભારી : ન સાંભળ્યું ? — આ અમારા પોલિસઉપરી સાહેબ. છેલ્લાં પંદર વર્ષથી એકનિષ્ઠાથી નોકરી બજાવનાર. નાયબ ફોજદાર તરીકે દાખલ થએલા તે ચડતાં ચડતાં આ પાયરી પહોંચ્યા.

પ્રતિનિધિ : પણ...

કારભારી : પણ શું ? બુદ્ધિ હોય તો બધું થાય. મારૂં પણ લગભગ એવું જ છે.

[ધીરસિંહજીને હવે હસવું આવે છે.

પ્રતિનિધિ : સાહેબ ! મારે શું કહેવું છે; એ તો સાંભળો.

[કારભારી કાન માંડે છે.

હમણાં હું એક સાહેબને મળ્યો. તેમણે કહ્યું કે પોતે આ રાજ્યના પોલિસઉપરી છે ! મારે કોનું માનવું ? તેમનું કે તમારૂં ?

કારભારી : છીછીછી. 'દેશસેવક' જેવા છાપાના પ્રતિનિધિ થઇને નીકળ્યા છો અને માણસને ઓળખવામાં આટલા પછાત છો ? તમને લાયક ધંધો જડ્યો લાગતો નથી.

[પ્રતિનિધિ ચીડાય છે.

પ્રતિનિધિ : એ મારે જોવાનું છે. તમે તમારૂં સાચવો તો બસ છે.

[ધીરસિંહજીને ભવાં ચડે છે. કારભારી શાન્તિ સાચવવા સૂચન કરે છે.

કારભારી : અમે તો ભૂલભરેલા છીએ જ. આ કાંઈ આજકાલની વાત નથી. પણ હવે તેનું કરવું કેમ ?

પ્રતિનિધિ : (વિશેષ શોકથી) મારા સાહેબ, આવા ઉડાઉ જવાબ આપવાનો જમાનો જતો રહ્યો છે. સ્પેનનો રાજા આલ્ફોન્સો હવે ભૂંડે હાલે ભટકે છે ! અફગાનિસ્તાનનો અમાનુલ્લાહ લંડનની નાટકશાળામાં જાય છે ત્યારે તેને કોઈ સલામ સરખી કરતું નથી !

કારભારી : (ઠંડે પેટે) મેં આ હકીકત છાપામાં વાંચી હતી.

પ્રતિનિધિ : સાહેબ ! એ વાંચી હશે. પણ વિચારી હતી ?

ધીરસિંહજી : એટલે ?

પ્રતિનિધિ : એટલે એમ કે આવા અનેક મોટા રાજાઓ જ્યારે પદભ્રષ્ટ થઈ રખડતા — રઝળતા થઈ ગયા ત્યારે આપના જેવા નાનાનો શો હિસાબ ?

[ધીરસિંહજી ધુંધવાય છે. પણ સંયમ સાચવે છે.

કારભારી : (સાવ શાન્તિથી) એ અમારે જોવાનું છે. તમે તમારૂં સાચવો તો બસ છે.

પ્રતિનિધિ : (આશ્ચર્યથી) એટલે ?

કારભારી : છાપું ચલાવો અને પેટનો ખાડો પૂરો.

પ્રતિનિધિ : (વાંધો ઉઠાવી) તમે મારૂં અપમાન કરો છો.

કારભારી : મારો ઉદ્દેશ તમે બરાબર સમજ્યા છો.

[ધીરસિંહજીને આથી આનંદ આવે છે.

પ્રતિનિધિ : (... ત્ર દેખાડી) પણ તમે એનું પરિણામ જાણો છો? ભલભલા રાજાઓને અમારા 'દેશસેવકે' સીધા સડક કરી નાંખ્યા છે.

કારભારી : હશે.

પ્રતિનિધિ : એ તમારી યે એ વલે કરતાં મને વાર નહિ લાગે.

[ધીરસિંહજી દાંત કચકચાવે છે. પણ કારભારીમાં કંઈ ફરક નથી પડતો.

કારભારી : ખરી વાત છે.

પ્રતિનિધિ : (છટાથી) ખરી કેમ ન હોય? અહીંનો દાખલો લો. ડગલે ને પગલે રૈયતનું લોહી ચૂસાઈ રહ્યું છે. અમલદારો એકએકને ભુલાવે એવા. ન્યાયાધીશ મનમાં વિચાર કરે કે ન્યાય આપું કે રાજીનામું! દાક્તર પોતે તબિયત સુધારવા બહારગામ જવાની તૈયારી કરે! અને બબ્બે જણ પોતાને પોલિસઉપરી ગણાવે!

કારભારી : (ટટાર થઈ) બસ?—બોલી રહ્યા?—બીજું કાંઈ કહેવાનું નથી ને?

પ્રતિનિધિ : અરે! 'દેશસેવક'માં આટલું આવે એટલે જોઇ લેજો.

ધીરસિંહજી : (ન રહેવાતાં) જોયાં જોયાં હવે.

કારભારી : એમાં શું, બાપુ? એ દેખાડી શકશે તો આપણે જરૂર જોઈશું.

પ્રતિનિધિ : કેમ નહિ દેખાડી શકું?—લખી મોકલું એટલી વાર છે.

કારભારી : (હસી પડી) ત્યાં જ ભૂલ થાય છે. મોં

માગ્યા રૂપિયા આપી પોતાનાં ગુણગાન [illegible] નરા [illegible] નહિ. એટલે લક્ષ્મીની લાલચે તમે આ [illegible]લ કરતા હો [illegible] પડતો મૂકજો.

[પ્રતિનિધિ પહેલી વાર વિચારમાં પડે છે. ધીરસિંહજીની છાતી આપોઆપ ફૂલાય છે.

પ્રતિનિધિ સાહેબ ! તમે ક્યાં છો તેનું તમને લગીર ભાન નથી. 'દેશસેવક' દ્વારા અમને વગોવવાની વાતો તો સ્વપ્નાં સમી છે.

પ્રતિનિધિ : કઈ રીતે ?

કારભારી : દેખીતી રીતે. ધારો કે મેં તમને હાલને હાલ કેદમાં પૂર્યા તો ?

[પ્રતિનિધિ કંપી ઊઠે છે. ધીરસિંહજી ખડખડ હસે છે.

પ્રતિનિધિ : પણ વિના વાંકે ?—વગર કામ ચલાવ્યે ?

કારભારી : અરે ભલા માણસ ! કાયદા મુજબ કામ જોઈતું હતું તો અહીં કાં આવ્યા ? અહીં તો અમારા રાજા કહે એ કાયદો. સમજ્યા, સાહેબ ?

[પ્રતિનિધિથી ઉત્તર નથી અપાતો. ધીરસિંહજી બન્ને હાથે મૂછો મરડે છે.

પ્રતિનિધિ સાહેબ, એટલે ગજા ઉપરાંત ગોળ ખાવો નહિ.

[પ્રતિનિધિની નજર નીચે હોય છે. પટાવાળો આવે છે.

ધીરસિંહજી : કેમ આવ્યો ?

પટાવાળો : આ ટપાલ આપવા.

[પટાવાળો ધીરજીસિંહજીને ટપાલ આપે છે. ધીરસિંહજી કારભારીને સોંપે છે. હાંફલાફાંફલા કરુણસિંહ દોડી આવે છે. પ્રતિનિધિ ચમકે છે.

કરુણસિંહ : બાપુ! બાપુ! ગજબ થઈ ગયો!

[કારભારી કાગળ વાંચતા હોય છે.

ધીરસિંહજી : પણ શો?

કરુણસિંહ : અદાલતમાંથી ધુમાડા...

[કારભારી જરાતરા સાંભળે છે.

ધીરસિંહજી : હેં?—હેં? (ગળગળા થઈ) કારભારી! શું કરીશું?

[કારભારીનું ચિત્ત કાગળ વાંચવામાં વધુ ને વધુ પરોવાયું છે. એમની આંખો ફેરકુંદડી લેતી હોય છે. પ્રતિનિધિ નોંધ કરવા લાગે છે.

કરુણસિંહ : (નોંધ ઝડપી) જીવતાં પાછા જવું નથી લાગતું.

[પ્રતિનિધિ બાઘો બને છે.

ધીરસિંહજી : પોલિસઉપરી કોણ છે એટલું તો શોધી શકાતું નથી! શું જોઈને મોટું છાપું કાઢવા નીકળ્યો છે?

[પ્રતિનિધિ ધીરસિંહજી અને કરુણસિંહ સામે વારાફરતી જૂએ છે.

કરુણસિંહ : પટાવાળા! પકડ એને. બેસાડ બહાર.

[પટાવાળો પ્રતિનિધિને ઢસડી જાય છે.

ધીરસિંહજી : કારભારી! કહો ને, શું કરીશું? અદાલતમાં આગ...

કારભારી : (આનંદથી) અન્ન [illegible] જેના ઉપર તેને ન હોય કાળો કેર.

કરુણુસિંહ : એટલે?

કારભારી : અદાલત તો શું પણ આખો દરબારગઢ સળગી જાય તો ય હવે ચિંતા નથી.

ધીરસિંહજી : પણ એટલે?

કારભારી : (ધીરપથી) સરકાર તરફથી આ ખરીતો આવ્યો છે. અહીંની મુશ્કેલીઓથી વાકેફ થતાં એ આપણે માથેથી ટાળવા માગે છે.

ધીરસિંહજી : પણ કઈ રીતે?

કારભારી : પોતે વહોરીને.

કરુણુસિંહ : એટલે?

કારભારી : સરકાર જણાવે છે કે રાજ્યની લગામ એણે પોતાને હસ્તક લેવાનું નક્કી કર્યું છે.

ધીરસિંહજી : પણ પછી...

કારભારી : અરે અન્નદાતા! આપને તો એમણે ઉત્તમ સવડ આપી છે.

કરુણુસિંહ : શી?

કારભારી : (અટકી અટકી) નિરાંતે, આરામથી, ઘરે બેઠાં, જીંદગી સુધી, વરસે વરસે અધલાખનું સાલિયાણું......

ધીરસિંહજી : (આશ્ચર્યથી) એમ એમ?

કારભારી : બાપલા! સરકારની ઉદારતાને અવધિ નથી! નહિ ફિકર, નહિ ચિંતા, નહિ હિસાબ, નહિ સરવૈયું ને દર મહિનાની પહેલી તારીખે રોકડ રૂપિયા પાંચ હજારની પેદાસ......

નારસિંહજી : ભલા, આવું હતું તો પહેલેથી કહેવું ને? પાંચ વરસ વહેલી લાગવગ લગાડત.

કારભારી : ખરેખર, નામદાર. પણ હવે ઉંઘ ઉડી ત્યારથી સવાર સમજીએ.

ધીરસિંહજી : (ઉત્સાહથી) કારભારી! એમને આજ ને આજ લખી નાખો કે મારે બધું મંજુર છે. કેમ, કરૂણબાપુ?

કરૂણસિંહ : (ભીરૂતાથી) બાપુ, હરિ કરે એ ખરી.

ધીરસિંહજી : (ઉન્માદથી) હા; હા. એની મરજી હતી ત્યાં લગી એની વતી કામ કર્યું. હવે એની ઇચ્છા જરા જૂદી હશે. કેમ, કારભારી?

કારભારી : અમર રહો, મારા અન્નદાતા! અમર રહો.